


મૃદુલ ગ્રંથાવલિ વ. ૫: પુ ૨ આદર્શ પ્રકાશન ૨૧

જિબ્રાનનો નાદ

લેખક

મહાકવિ ખલીલ જિબ્રાન

અનુવાદકો

ગોકળભાઈ પટેલ

શિવમ્ સુંદરમ્

પલાશ

પ્રાપ્તિસ્થાન

આદર્શ પુસ્તક ભંડાર

ધનજીભાઈની ફેક્ટરી સામે

રાયખડ રોડ: અમદાવાદ

પ્રકાશક

નવનીતલાલ પ. મદ્રાસી
આદર્શ પુસ્તક ભંડાર
રાયખડ રોડ અમદાવાદ

કિંમત

૪—૪—૦

વાર્ષિક લવાજમ

૭—૮—૦

મુદ્રક

કૃષ્ણપ્રસાદ લ. ભટ્ટ
શ્રી કૃષ્ણ મુદ્રણાલય
૭૦૭, નવાદરવાજા રોડ
અ મ દા વા દ

મનોમન્થન

હૃદયનો નાદ,

તેને સમજનાર

સુહૃદ

શ્રી નટવરલાલ ચં. દેસાઈ

ને

પાગલ	૧ થી ૧૦૪	મોહનભાઈ પટેલ
ભિક્ષુક	૧૦૫ થી ૧૫૮	શિવમ્ સુંદરમ્
ન ભૂલતા નામ	૧૫૯ થી ૩૧૨	ઝવેરી

નોંધ: પૃષ્ઠ ૨૮૨ પૃષ્ઠ ૨૮૫, અને પૃષ્ઠ ૨૮૬ પૃષ્ઠ ૨૮૭ પછી ગલતચૂકથી છપાયું છે.

પાગલ

હું ગાંડો કેવી રીતે થયો, તે તમે મને પૂછો છો. વાત આમ બની: એક દિવસે, અનેક દેવો જન્મ્યા હતા તે પહેલાં હું ગાઢ નિદ્રામાંથી જાગ્યો; અને જાગીને મેં જોયું તો મારાં બધાં મુખપટ ચોરાઈ ગયાં હતાં. એ સાતે ય મુખપટ મેં બનાવ્યાં હતાં અને સાત જન્મ પર્યંત પહેર્યાં હતાં. હું ઉઘાડા મુખે, ભીડ્ય રસ્તાઓ ઉપરથી બૂમ પાડતો દોડ્યો: "ચોર! ચોર! શાપિત ચોર!"

નર અને નારીઓ મને હસવા લાગ્યાં, અને કેટલાંક તો બીકનાં માર્યાં ઘર તરફ ભાગવા લાગ્યાં.

૪

અને, હું બજારચોક પહોંચ્યો ત્યારે ઘરને છાપરે ઊભેલો એક જુવાન બોલી ઊઠ્યો, "ગાંડો છે!" એને જોવા મેં દૃષ્ટિ ઊંચી કરી; પહેલી જ વાર સૂર્યે મારા ખુલ્લા મુખનો સ્નેહસ્પર્શ કર્યો. એ સ્નેહ-સ્પર્શ થતાંની સાથે જ મારા આત્મામાં સૂર્ય પ્રત્યેના પ્રેમ પ્રાદુર્ભાવ પામ્યો, અને મુખપટ પ્રત્યેનો મારો અનુરાગ ઊડી ગયો. અને, મૂર્છાસ્વપ્નમાં હોઉં તેમ હું બોલી ઊઠ્યો, "ધન્ય છે! ધન્ય છે! મારા મુખ-પટના ચોરનારાઓને ધન્ય છે!"

હું ગાંડો આ રીતે થયો.

અને, મારા ગાંડપણમાં મને સ્વતંત્રતા અને સલામતી પ્રાપ્ત થયાં છે. એકલવાયા-પણાની સ્વતંત્રતા અને બીજાની સમજમાં ન આવવાની સલામતી; કારણ કે જે

૫

આપણને સમજી જાય છે તે આપણામાં રહેલા કોઈક તત્ત્વને બંધનની બેડીઓમાં જકડી દે છે.

પણ મારી સલામતીનું મારે અતિ અભિમાન ન કરવું જોઈએ. કારાગારમાં પડેલો એક ચોર પણ બહારના બીજા ચોરથી સલામત છે.

ઈશ્વર

યુગો પહેલાં, મારા હોઠ ઉપર વાણીનો પ્રથમ કંપ પ્રગટ થયો ત્યારે, પવિત્ર ગિરિ ઉપર ચઢી મેં ઈશ્વરને કહ્યું, "પ્રભુ, હું તારો દાસ છું. તારી ગૂઢ ઇચ્છા મારે મન આજ્ઞા છે, અને સદા હું તારી આજ્ઞા ઉઠાવતો રહીશ."

પણ ઈશ્વરે કંઈ જવાબ ન આપ્યો, અને એક પ્રબળ ઝંઝાવાતની માફક એ પસાર થઈ ગયો.

અને હજાર વર્ષ વીત્યા પછી હું પવિત્ર ગિરિ ઉપર ચઢ્યો અને ફરી ઈશ્વર

પ્રત્યે બોલ્યો, "હે સૃષ્ટા, હું તારું સર્જન છું. માટીમાંથી તેં મને ઘડ્યો છે, અને સર્વાંગે હું તારો ઋણી છું."

અને ઈશ્વરે કશોય ઉત્તર ન આપ્યો, પણ હજારો ઝડપી પાંખોની ગતિએ એ પલાયન થઈ ગયો.

અને હજાર વર્ષ બાદ હું પવિત્ર ગિરિ ચઢ્યો અને પુનરપિ બોલ્યો, "પિતા, હું તારો પુત્ર છું. અનુકંપા અને અનુરાગથી તેં મને જન્મ દીધો છે, અને પ્રેમ અને પ્રાર્થના દ્વારા હું તારી ગાદીનો વારસદાર બનવા ઇચ્છું છું."

અને ઈશ્વરે કંઈ જ ઉત્તર ન વાળ્યો, અને દૂરના ડુંગરાઓને ઢાંકતા ધુમ્મસના પટની માફક એ સરી ગયો.

૮

અને હજાર વર્ષ પછી હું પવિત્ર-ગિરિ ઉપર ચઢચો, અને ફરીથી ઈશ્વર પ્રત્યે બોલ્યો, "મારા દેવ, મારા સાધ્ય અને મારા સિદ્ધિ, હું તારી ગઈ કાલ છું અને તું મારી આવતી કાલ છે. હું ધરતી-માંનું તારું મૂળ છું, અને તું આકાશમાંનું મારું ફૂલ છે; અને આપણે સૂર્યના બિંબની સામે વૃદ્ધિંગત થઈએ છીએ."

પછી ઈશ્વર મારા તરફ વળ્યો—ઢળ્યો, અને મારા કાનમાં મીઠી મૃદુ વાણી ઉચ્ચર્યો, અને પોતાના તરફ ધસતા ઝરણાને સાગર જેમ ઘેરી લે છે તેમ તેણે મને ગોદમાં ઘેરી લીધો.

અને જ્યારે હું તળેટીમાં અને મેદાનોમાં ઊતર્યો ત્યારે ત્યાં પણ મારા ઈશ્વરને મેં હાજરાહજૂર જોયો.

મારો દોસ્ત

પ્યારા દોસ્ત, મારો બાહ્ય દેખાવ એ મારું સાચું સ્વરૂપ નથી. દેખાવ એ તો ચીવટથી વણીને પહેરેલું એક માત્ર પરિધાન છે. એ પરિધાન મને તારી પૃચ્છાથી અને તને મારી ઉદાસીનતાથી બચાવી લે છે.

પ્યારા બંધુ, મારી અંદર રહેલો હું મૌનના મંદિરમાં વસે છે, અને ત્યાં જ એ અદૃષ્ટ, અનુપગમ્ય સદૈવ વસશે.

હું જે કહું છું અથવા જે કરું છું તેના ઉપર તું વિશ્વાસ મૂકે એમ હું ઇચ્છતો નથી—કારણ કે મારા શબ્દો તારા પોતાના

જ વિચારોનો ધ્વનિ છે, ને મારાં કાર્યો તારી પોતાની જ અભિલાષાઓનું ગતિમાન સ્વરૂપ છે.

તું જ્યારે કહે છે, "પવન પૂર્વાભિમુખ વાય છે," ત્યારે હું કહું છું, "અરે, એ પૂર્વાભિમુખ જ વાય છે;" કારણકે હું તને જાણવા દેવા ઇચ્છતો નથી કે મારા મનમાં પવન નહિ, પણ સાગર રમી રહ્યો છે.

મારી સાગરસફરમાં ઘૂમતા વિચારોને તું કળી શકશે નહિ, અને એ હું તને કળાવા દઇશ પણ નહિ. સાગરસફર હું એકલો જ માણીશ.

પ્યારા બંધુ, તારો દિવસ એ મારી રાત્રિ છે; તથાપિ શિખરો ઉપર નાચતા

મધ્યાહ્નના તેજઃપુંજને અને નીરવ ઢળતી જાંબલી છાયાવાળા, તળેટી વીંધીને પસાર થતા માર્ગને હું શબ્દમાં આલેખું છું; કારણકે મારાં અંધકારનાં ગીતોને તું સાંભળી શકશે નહિ અને તારાઓને સ્પર્શતી પાંખોને તું જોઈ શકશે નહિ—અને એ તું સાંભળી કે જોઈ ન શકે એ જ મારો સંતાપ છે. રાત્રીની સાથે હું એકલો જ વિચરીશ.

તારે સ્વર્ગે તું આરોહણ કરે છે ત્યારે મારે નરકે હું અવતરણ કરું છું—તથાપિ અસેતુ અખાતની પેલે પારથી તું મને સાદ કરે છે, "મારા બેરૂ, મારા બિરૂ," અને હું તને પ્રત્યુત્તર વાળું છું, "મારા બિરૂ, મારા બેરૂ," કારણકે તું મારું નરક જોઈ જાય એ હું ઇચ્છતો નથી. રશ્મિને ત્યાંની જ્વાળા તારી દૃષ્ટિને સળગાવી દે અને ત્યાંનો

ધુમાડો તારી નાસિકાને ગુંગળાવી નાખે! અને મારા નરક પ્રત્યે મને એટલો બધો અનુરાગ છે કે હું તને એનાં દર્શન પણ ન કરવા દઉં. નરકમાં પણ હું એકલો જ વિહરીશ.

તું સત્યમ્, સુન્દરમ્ અને શિવમ્‌ને ઉપાસે છે; અને હું તને જ ઉદ્દેશીને કહું છું કે એ વસ્તુઓની ઉપાસના સુયોગ્ય જ છે. પણ મારા હ્રદયમાં હું તારી એ ઉપાસનાપ્રીતિ પ્રત્યે હસું છું, છતાં તું મારું એ હાસ્ય જોઈ જાય તે હું ઇચ્છતો નથી. હું એકલો જ હસીશ.

પ્યારા બંધુ, તું ભલો અને સાવધાન અને શાણો છે; ના, ના, તું સંપૂર્ણ છે— અને હું પણ તારી સાથે શાણપણ અને સાવચેતીથી જ વાત કરું છું. અને છતાં

૨૭૩૭૬

૧૩

હું ગાંડો છું. પણ મારા ગાંડપણને હું અંધારપટ ઓઢાડું છું. ગાંડો પણ હું એકલો જ રહીશ.

પ્યારા દોસ્ત, તું મારો દોસ્ત નથી; પણ એ વાત હું તારે ગળે કેવી રીતે ઉતારું? મારો માર્ગ એ તારો માર્ગ નથી, છતાં હાથમાં હાથ ગુંથીને આપણે સાથે જ પ્રયાણ કરીએ છીએ.

ચાડિયો

એક દિવસ મેં એક ચાડિયાને કહ્યું, "આ નિર્જન ખેતરમાં ખડે પગે ચોકી કરતાં તું કંટાળી ગયો હોવો જોઈએ."

ચાડિયે કહ્યું, "ચોકીદારીનો આનંદ ઊંડો અને ચિરંજીવ છે; અને એ ગાળાનો કદી કંટાળો આવે એમ નથી."

ઘડીભર વિચાર કરી મેં કહ્યું, "એ સાચું છે; કારણકે મેં પણ એવો આનંદ અનુભવ્યો છે."

તેણે કહ્યું, "જેની કાયા ઘાસની

ઘડેલી છે તે એકલો જ એવા આનંદને અનુભવી શકે છે."

પછી હું ચાલ્યો ગયો. એણે એ શબ્દોથી મારું અભિવાદન કર્યું, કે અપવાદન કર્યું એ હું સમજી શક્યો નહિ.

એક વર્ષ પસાર થયું, અને એ દરમિયાન તો એ ચાડિયો તત્ત્વચિંતક બની ગયો હતો.

અને ફરીથી ત્યાં થઈને પસાર થતાં મેં જોયું તો બે કાગડા એના ફાળિયા નીચે માળો બાંધતા હતા.

બે સ્વપ્નચર

હું રહેતો હતો તે નગરમાં એક સ્ત્રી અને તેની પુત્રી રહેતાં હતાં. બન્નેને નિદ્રામાં ચાલવાનો રોગ હતો.

એક રાત્રે, દુનિયાએ નીરવતાનો અંચળો ઓઢી લીધો તે સમયે, તે સ્ત્રી અને તેની પુત્રી ઊંઘમાં જ ચાલતાં ચાલતાં પોતાના ધુમ્મસઢાંક્યા બાગમાં મળ્યાં.

અને, માતા બોલી, "સમજાયું! આખરે સમજાયું! તું જ મારી દુશ્મન છે! તેં જ મારા યૌવનને ચૂસી લીધું છે! તેં જ મારા ભગ્ન દેહ ઉપર તારી કાયાનું

કલેવર ચણ્યું છે! મનમાં થઈ જાય છે કે તારું ખૂન કરી નાખું!"

પુત્રીએ જવાબ આપ્યો, "ઓ બુઢ્ઢી, સ્વાર્થી, અને નિંદ્ય સ્ત્રી, તું જ મારા મુક્તાત્માની આડે આવીને ઊભી છે! તું તારા મ્લાન જીવનનું પ્રતિબિંબ મારી જીવનઆરસી ઉપર પાડે, એવું કઈ હતભાગિની ઇચ્છે? તું જ મરે તો પાપ ટળે!"

એ જ પળે કૂકડો બોલ્યો, અને બન્ને સ્ત્રીઓ જાગી ગઈ. માતાએ કોમળ સાદે કહ્યું, "કોણ, મારી લાડકી?" અને પુત્રીએ મીઠાશથી જવાબ આપ્યો, "હા, વહાલી માડી!"

શાણો કૂતરો

એક દિવસે બિલાડાના એક ટોળા પાસે થઈને એક શાણો કૂતરો પસાર થતો હતો.

અને તે નજીક ગયો અને જોયું કે બિલાડાઓ ખૂબ તલ્લીન હતા; અને તેમનું લક્ષ તેના તરફ વળ્યું નહિ, એટલે તે થંભ્યો.

પછી ટોળામાંથી એક મોટા પ્રૌઢ બિલાડાએ ઊભા થઈ, બધાંની સામે જોઈને કહ્યું, "બિરાદરો, તમે બધા પ્રાર્થના કરો, અને અનેક પુનરુક્ત

પ્રાર્થનાઓને અન્તે આકાશમાંથી નિઃશંક ઊંદરોની વૃષ્ટિ થશે.”

અને કૂતરે આ સાંભળ્યું ત્યારે એ મનમાં ને મનમાં હસ્યો; અને બોલતો બોલતો ચાલ્યો ગયો, “હે અંધ અને મૂર્ખ બિલાડાઓ, શાસ્ત્રોમાં એવું નથી લખ્યું, અને મેં તેમજ મારા પૂર્વજોએ એવું નથી અનુભવ્યું, કે શ્રદ્ધા, પ્રાર્થના અને ભક્તિને કારણે જે વૃષ્ટિ થાય છે તે ઊંદરોની નહિ પણ હાડકાંની હોય છે?”

બે ભિક્ષુક

એક નિર્જન પર્વત ઉપર બે ભિક્ષુક રહેતા હતા. તેઓ ઈશ્વરને ઉપાસતા હતા. અને એકબીજા પ્રત્યે પ્રેમભાવ રાખતા હતા.

આ બન્ને ભિક્ષુક પાસે માટીનું એક ભિક્ષાપાત્ર હતું. અને એ જ એમની એકમાત્ર મિલકત હતી.

એક દિવસ એક દુષ્ટ આત્મે વૃદ્ધ ભિક્ષુકના હ્રદયમાં પ્રવેશ કર્યો, અને એણે જુવાન ભિક્ષુક પાસે જઈને કહ્યું, " આપણે લાંબો કાળ સાથે રહ્યા. હવે આપણે જુદા પડવાનો સમય આવી લાગ્યો છે. આપણે આપણી મીલકતના ભાગ પાડી નાખીએ."

જુવાન ભિક્ષુકે આથી ઉદ્વેગ પામીને કહ્યું, "ધર્મબંધુ, તમે મને છોડીને ચાલ્યા જાવ. એ વિચાર જ મને શોકમગ્ન બનાવી દે છે. પરંતુ જવાનું જો અવશ્ય ભાવી હોય તો પછી તમે ભલે જાવ" અને એણે ભિક્ષાપાત્ર એના હાથમાં લાવીને મૂક્યું અને કહ્યું, "આના આપણે ભાગ પાડી શકીએ તેમ નથી; બંધુ, સુખેથી આપ એને લઈ જાવ."

પછી વૃદ્ધ ભિક્ષુકે કહ્યું, "દયાદાનનો સ્વીકાર કરવા હું તૈયાર નથી. મારે તો મારા હિસ્સા સિવાય બીજું કશું ન જોઈએ. એના ભાગ પડવા જ જોઈએ."

અને જુવાન ભિક્ષુકે કહ્યું, "ભિક્ષાપાત્રના ટુકડા કરતાં એ તમારે કે મારે

કોઈને કશા કામનું રહેશે નહિ. તમે સંમત થતા હો તો ચિઠ્ઠી નાખીએ."

પણ વૃદ્ધ ભિક્ષુકે કહ્યું, "મારે તો ન્યાયપુરઃસરનો જ મારો હિસ્સો જોઈએ, અને હું ન્યાય તથા હક્કને ચિઠ્ઠીની અચોક્કસતાને ભરોસે છોડી શકું નહિ. ભિક્ષાપાત્રના ભાગ થવા જ જોઈએ."

પછી જુવાન ભિક્ષુક આગળ કશી દલીલ કરી શક્યો નહિ અને બોલ્યો, "તમારી એવી જ ઇચ્છા હોય, અને એ જ પ્રકારે એના ભાગ પાડવા હોય તો ભલે, આપણે ભિક્ષાપાત્રના ટુકડા કરીએ."

પણ વૃદ્ધ ભિક્ષુકની મુખકળા અત્યંત ઝંખવાઈ ગઈ, અને એ બરાડી ઊઠ્યો, "હે શાપિત કાયર, ઝઘડામાં ઊતરતાં ડરે છે શા માટે?"

આદાનપ્રદાન

એક માણસ પાસે ખીલુનો ખજાનો ભરાય એટલી સોયો હતી. એક દિવસે ઈસુની માતાએ એની પાસે જઈને કહ્યું, "ભલા, મારા દીકરાનું ઉપરણું ફાટી ગયું છે, અને તે દેવળમાં જાય તે પહેલાં મારે એને સાંધી આપવું જોઈએ. તું મને એક સોય ન આપે?"

અને તેણે એને સોય તો ન આપી, પરંતુ ઉપરથી આદાન અને પ્રદાન ઉપર એક શાણું પ્રવચન સંભળાવ્યું, અને દીકરો દેવળમાં જાય તે પહેલાં એ પ્રવચન એને ગાંઠે બંધાવવાની સલાહ આપી.

સાત આત્માઓ

રજનીના અશાન્ત પ્રહરમાં અર્ધ નિદ્રામાં હું પોઢ્યો હતો તે સમયે, મારા દેહના સાત અધિષ્ઠાતા આત્માઓ ભેગા મળ્યા અને ધીમા સાદે આપસઆપસમાં વાર્તાલાપ કરવા લાગ્યા.

પહેલો આત્મા : આ ગાંડા માણસમાં આ બધાં વર્ષો દરમિયાન વસીને દિવસે એનાં દુઃખને સંકોરી આપ્યા સિવાય, અને રાત્રીએ એના શોકને ટાઢો પાડ્યા સિવાય મારે બીજું કાંઈ કરવાનું હોતું નથી. આ પરિસ્થિતિ મારે માટે અસહ્ય બની છે, અને હવે હું બગાવત પોકારું છું.

બીજો આત્મા: ભલા, મારા કરતાં તારું ભાગ્ય વધારે સારું છે, કારણકે મને તો આ ગાંડા માણસનો આનંદકોશ સુપ્રત કરવામાં આવ્યો છે. હું એનું હાસ્ય હસું છું અને એની સુખની ઘડીઓને સંગીતના કંઠે આલાપું છું, અને એનાં વિચારઉડ્ડયનોને પગની પાંખોના નૃત્યમાં ઝીલું છું. આ કંટાળા જીવનની સામે હું બળવો પોકારું છું.

ત્રીજો આત્મા: અને હું? હું આ ગાંડા માણસના પ્રેમકોશનો, એની પ્રજ્વલિત પાશવી વાસનાઓનો અને ચિત્રવિચિત્ર કામનાઓનો અધિષ્ઠાતા છું એની સામે બળવો પોકારું તો પ્રેમકંટાળ્યો હું પોકારું.

ચોથો આત્મા: તમારા બધામાં સૌથી વધારે હતભાગી તો હું છું, કારણકે મને વિનાશક ઘૃણા અને વિષમ તિરસ્કારનો કોશ સુપ્રત કરવામાં આવ્યો છે. નર્કની અંધારી ગુફાઓમાં જન્મેલો, ઝંઝાવાત સમો હું જ આ ગાંડા માણસની સેવાની સામે ફરિયાદ ઉઠાવી શકું.

પાંચમો આત્મા: હું આ ગાંડા માણસનો વિચારકોશ, કલ્પનાકોશ, ભૂખ અને તરસનો કોશ છું. અજ્ઞાત અને અસ્પષ્ટ વસ્તુઓની શોધમાં અવિશ્રાંત ભટકવાનું મારા લલાટમાં લખાયું છે. બળવાનો ઝંડો ઉપાડું તો હું ઉપાડું.

છઠ્ઠો આત્મા: હું આ કાળા માણસની મજૂરીનો મજૂરકોશ છું. ધીરજધર્યા હાથે

અને આતુરતાભરી આંખે હું દિવસોથી પ્રતિમાઓ ઘડું છું, અને અસ્વરૂપી મહાભૂતોને સનાતન સ્વરૂપ અર્પું છું આ ઉદ્દમાતિયા માણસની સામે મને એકલાનેજ બળવો પોકારવાનો હક્ક છે.

સાતમો આત્મા: તમારામાંના પ્રત્યેકને એકકેક જ નિશ્ચિત કોશ સુપ્રત કરવામાં આવ્યો છે. તથાપિ તમે બધા આ માણસની સામે બળવો પોકારવાની વાત કરો એ કેટલું વિચિત્ર છે! મને પણ તમારી માફક એકાદ નિશ્ચિત કોષ સુપ્રત કરવામાં આવ્યો હોત તો હું મારી જાતને ધન્યભાગી માનત. પણ મને એમાંનું કાંઈ મળ્યું નથી. હું આ માણસનો અકિંચન-કાર્યકોશ છું. હું મૌનની અસ્થળ, અસમય શૂન્યતામાં વસું છું, અને તમે તો જીવનના

કોઈ ને કોઈ નવસર્જનના કાર્યમાં પરોવાઈ ગયા છો. હે પડોશી મિત્રો, બાળવો કોણ પોકારે, તમે કે હું?

સાતમો આત્મા આ પ્રમાણે બોલ્યો ત્યારે બીજા છ આત્માઓ એના તરફ આર્દ્ર ભાવે જોઈ રહ્યા, પણ કોઈએ ફરીશા શબ્દોચ્ચાર સરખો કર્યો નહિ; અને રાત્રી જામતી ગઈ તેમ તેમ નવી અને પ્રસન્ન કાર્યપરાયણતાનો અંચળો ઓઢી એ હરેક આત્મા ક્રમશઃ નિદ્રાને અધીન થયો.

પણ સાતમો આત્મા હરેક વસ્તુની પાછળ રહેલી શૂન્યતામાં દૃષ્ટિ ફેંકતો અને એનું નિરીક્ષણ કરતો અનિદ્ર રહ્યો.

ન્યાયનું મંદિર

એક રાત્રે એક રાજમંદિમાં મહેફીલ ગોઠવાઈ હતી. ત્યાં એક માણસ આવીને રાજકુમારના ચરણમાં પડયો. બધા મહેફીલીઓએ એની સામે દૃષ્ટિ કરી, અને જોયું તો એનો એક ડોળો બહાર નીકળી ગયો હતો અને આંખના ચોકઠામાંથી લોહી ઝરતું હતું. અને રાજકુમારે તેને પૂછ્યું, "તને શું થયું છે?" અને માણસે જવાબ આપ્યો, "રાજકુમાર, હું ચોરીનો ધંધો કરૂં છું, અને આજે રાત્રે આકાશમાં ચંદ્ર હતો નહિ, તેથી શરાફની દુકાનમાં ચોરી કરવા નીકળ્યો; અને બારી ઉપરથી ચઢી

ઊતરતાં ભૂલથી શરાફને બદલે વણકરની દુકાનમાં પેસી ગયો, અને અંધારામાં વણકરની શાળમાં અથડાઈ પડ્યો અને મારી આંખ નીકળી પડી. અને અહીં હે રાજકુમાર, હું તારી પાસે વણકરની સામે ન્યાય માગવા આવ્યો છું."

પછી રાજકુમારે વણકરને બોલાવરાવ્યો અને એ આવ્યો, અને એની એક આંખ ખેંચી કાઢવાનો ચુકાદો આપવામાં આવ્યો.

વણકરે કહ્યું, "કુમાર, ચુકાદો ન્યાયી છે. મારી એક આંખ ખેંચી કાઢવામાં આવે એ ન્યાય છે. તથાપિ અફસોસ, હું જે પટ વણું છું તે પટનાં બન્ને પડખાં જોવા માટે મારે બન્ને આંખો આવશ્યક છે. પરંતુ મારો પાડોશી એ મોચી છે,

તેને બે આંખો છે, અને ધંધામાં બન્ને આંખોની જરૂરિયાત હોતી નથી."

પછી રાજકુમારે મોચીને તેડાવ્યો. મોચી આવ્યો અને એની એક આંખ ખેંચી કાઢવામાં આવી.

અને ન્યાયનું સંતર્પણ થયું.

શિયાળ

એક શિયાળે સૂર્યોદય સમયે પોતાનો પડછાયો જોયો અને કહ્યું, "આજે તો ભોજનને માટે એક ઊંટ જોઈશે." અને આખી સવાર તે ઊંટની શોધમાં રખડ્યું. પરંતુ બપોરે ફરી તેણે પોતાનો પડછાયો જોયો અને કહ્યું. "એકાદ ઉંદર મળશે તો યે બસ છે."

શાણો રાજા

દૂરદૂરના વિરાણી નગરમાં એક બળવાન અને શાણો રાજા રાજ્ય કરતો હતો. એની પ્રજા એના બળને લીધે એનાથી ડરતી હતી અને શાણપણને લીધે એને ચાહતી હતી.

નગરના મધ્યભાગમાં શીતળ અને નિર્મળ પાણીનો એક કૂવો હતો. રાજા, રાજપુરુષો અને બધાં જ નગરજનો એ જ કૂવાનું પાણી પીતાં હતાં, કારણકે ત્યાં બીજો કૂવો હતો નહિ.

એક રાત્રે બધાં ઊંઘતાં હતાં ત્યારે

એક ડાકણે નગરમાં પ્રવેશ કર્યો, અને કોઈક બેદી પ્રવાહીનાં સાત ટીપાં કૂવામાં નાખ્યાં, અને કહ્યું, "આ જ પળથી જે કોઈ આ કૂવાનું પાણી પીશે તે ગાંડો થઈ જશે."

ડાકણે ભાખ્યું હતું તે પ્રમાણે, બીજી સવારે, રાજા અને રાજમહાલયના અધ્યક્ષ સિવાય, બીજાં બધાં નગરજનોએ એ કૂવાનું પાણી પીધું, અને એ બધાં ગાંડાં બની ગયાં.

અને, એ દિવસે ગલીકૂચીઓમાં અને ચોકચકલે લોકોએ એકબીજાના કાનમાં એક જ વાત રટ્યા કરી, "રાજા ગાંડો થઈ ગયો છે. રાજા અને મંદિરના અધ્યક્ષનાં મગજ ખસી ગયાં છે. અને, ગાંડા

રાજા આપણું શાસન કરી શકે નહિ. આપણે એને પદભ્રષ્ટ કરી દેવો જોઈએ."

તે સાંજે રાજાએ તે કૂવામાંથી સોનાનો એક કુંજો પાણી ભરી લાવવાનું ફરમાન કર્યું. અને પાણીનો કુંજો ભરી લાવવામાં આવ્યો ત્યારે રાજાએ ધરાઈને એમાંથી પાણી પીધું, અને પછી પોતાના મંત્રીને પીવા આપ્યું.

અને ફરના એ વિરાણી નગરમાં મહા આનંદ વ્યાપી રહ્યો, કારણકે એના રાજાએ અને મંત્રીએ પોતાની ગુમાવેલી બુદ્ધિશક્તિ પાછી મેળવી હતી.

મહત્ત્વાકાંક્ષા

મુસાફરખાનાના એક ભોજનમંચ ઉપર ત્રણ માણસો બેઠા હતા. એક સાળવી હતો, બીજો સુતાર હતો અને ત્રીજો ખેડૂત હતો.

સાળવીએ કહ્યું, "આજે મેં બનાતનું એક સુંદર કફન વેચ્યું અને એના મને બે સોનૈયા મળ્યા. ચાલો, આજે તો શરાબની મહેફીલ ઉડાવીએ."

સુતારે કહ્યું, "મેં એક ઉત્તમ ચારપાઈ વેચી છે. શરાબની સાથે આપણે કબાબ પણ લઈએ."

ખેડૂતે કહ્યું, "મેં તો માત્ર એક કબર ખોદી, અને શેઠે મને બેવડી મજૂરી આપી. તો સાથે મધરોટીનો મોજ પણ માણી લઈએ "

અને, તે સાંજે મુસાફરખાનાની પ્રવૃત્તિ વધી પડી હતી, કારણકે તેઓ પુનરપિ પુન: શરાબ, કબાબ અને રોટી મંગાવ્યે જતા હતા, અને તેઓ રંગમાં હતા.

અને મુસાફરખાનાનો માલિક તાળી પાડી ઊઠયો, અને પોતાની પત્ની સામે જોઈ ને સ્મિત કરી રહ્યો; કારણકે એના આહકો પાણીની પેઠે પૈસા ખર્ચતા હતા.

તેઓ ત્યાંથી વિદાય થયા ત્યારે ચંદ્ર ઊંચે આવ્યો હતો, અને તેઓ ગાતા અને

કિલકિલાટ કરતા રસ્તા ઉપરથી પસાર થતા હતા.

યજમાન અને તેની પત્ની મુસાફરખાનાના દરવાજામાં ઊભાંઊભાં તેમની પાછળ જોઈ રહ્યાં હતાં.

પત્નીએ કહ્યું, "કેવા મઝાના સદ્‌ગૃહસ્થો! કેટલા મોકળા અને કેટલા આનંદી! તેઓ દરરોજ આપણે ત્યાં પધારીને આવો વકરો કરાવે તો! તો પછી આપણા દીકરાને આવો વીશીખાનાનો ધંધો કરવાનો ન રહે, અને એને આવું વૈતરું કરવાનું ન રહે. આપણે એને ભણાવી શકીએ, અને એ મોટા ધર્મગુરુની ગાદીએ બેસી શકે."

નવો આનંદ

ગઈ રાત્રે મેં નવા આનંદની શોધ કરી, અને એ આનંદની હું પહેલી અજમાયશ કરતો હતો તે વખતે એક દેવદૂત અને એક શયતાન મારા ઘર તરફ ધસતા આવતા હતા. તેઓ મારા ઘરને દરવાજે ભેગા થયા, અને મારા નવા જન્મેલા આનંદ ઉપર ઝઘડવા લાગ્યા; એકે કહ્યું, "એ પાપાચાર છે!" બીજાએ કહ્યું, "એ પુણ્યાચાર છે!"

પરભોમની ભાષા

જન્મ્યા પછી ત્રીજે દિવસે, રેશમી પારણામાં પોઢ્યો પોઢ્યો, હું મારી આજુબાજુના નવા જગતને આશ્ચર્યયુક્ત નિરાશાથી નિહાળી રહ્યો હતો તે સમયે, મારી માતાએ આયાને પૂછ્યું, "બાળાને કેમ છે?"

અને, આયાએ જવાબ આપ્યો, "તદ્દન મઝામાં છે. મેં એને ત્રણ વખત ધવરાવ્યો છે; આના જેવું તંદુરસ્ત અને આનંદી બાળક મેં હજી સુધી જોયું નથી."

અને, મને ગુસ્સો આવ્યો; અને મેં

કહ્યું, "ના, એ સાચું નથી; કારણકે મારી પથારી લાકડા જેવી છે, અને એનું ધાવણ મારા મોંઢાને કસ્વાદુ લાગે છે, અને એની કપાસી છાતી મારે નાકે ગંધાય છે, અને મારા દુ:ખનો પાર નથી."

પણ, મારી માતા કે આયા કોઈ મારું કહેવું સમજી શક્યું નહિ: કારણકે જે લોકમાંથી હું આવ્યો હતો તે લોકની ભાષા હું બોલતો હતો."

અને, મારા જન્મના એકવીસમે દિવસે, મારા ઉપર ખ્રિસ્તીકરણનો સંસ્કાર-વિધિ કરવામાં આવ્યો ત્યારે, પાદરીએ મારી માતાને કહ્યું, "બાનુ, તમને જાણીને આનંદ થશે કે તમારો દીકરો જન્મનો ખ્રિસ્તી છે."

અને મને આશ્ચર્ય થયું.—અને મેં પાદરીને કહ્યું, "તો પછી સ્વર્ગમાં બિરાજેલી તમારી માતાને એ જાણીને દિલગીર થવું પડશે કે તમે જન્મના ખ્રિસ્તી નથી."

પાદરી પણ મારી ભાષા ન સમજી શક્યો. અને સાત માસ પછી, એક જોશીએ મારી રેખાઓ નિહાળીને મારી માતાને કહ્યું, "તમારો દીકરો રાજનીતિજ્ઞ થશે અને માનવ જાતનો મહાન નેતા બનશે."

પણ, હું બોલી ઊઠ્યો,—"એ જોશ ખોટા છે; કારણકે હું સંગીતકાર થવાનો છું, અને સંગીતકાર સિવાય બીજું કશું થવાનો નથી."

એટલી વયે પણ મારી ભાષા

અણસમજાયેલી જ રહી, અને મને ખૂબ અજાયબી થઈ.

અને તેત્રીસમું વર્ષ વીત્યા પછી, મારી માતા, આયા અને પાદરી તો મરી પરવાર્યાં છે. (ભગવાન એમના આત્મા ઉપર છાયા ઢાળે!) પરંતુ પેલા જોશી જીવે છે. અને કાલે જ હું એમને દેવળના દરવાજા પાસે મળ્યો; અને વાતવાતમાં એમણે કહ્યું, "હું તો પહેલેથી જ જાણું છું કે તમે એક મોટા સંગીતકાર થવાના છો. તમારા બાલ્યાકાળમાં જ મેં તમારો ગ્રહયોગ જોયો હતો અને તમારું ભવિષ્ય ભાખ્યું હતું."

અને મેં તેમનું કહેવું સાચું માન્યું —કારણકે હવે તો હું પણ પેલી પરભોમની ભાષા ભૂલી ગયો છું.

દાડમ

એકવાર, દાડમના હૃદયમાં હું વસતો હતો ત્યારે, મેં એક બીજને બોલતાં સાંભળ્યું, "કોઈક દિવસ હું વૃક્ષ બનીશ, અને પવન મારી ડાળીઓમાં વાંસળી બજાવશે, અને સૂર્ય મારાં પર્ણો ઉપર નાચશે, અને હું બધીય ઋતુઓમાં સશક્ત અને સુંદર રહીશ."

પછી બીજું બોલ્યું, "તારા જેવી કિશોર અવસ્થામાં હું પણ આવા તરંગ સેવતું હતું; પરંતુ આજે અનુભવે ઘડાઈ ને હું જોઈ શકું છું કે મારી એ અભિલાષાઓ પાયા વગરની હતી."

અને ત્રીજા બીજે સાદ પુરાવ્યો, "મહાન ભાવીની આશા આપે એવું તો આપણામાં મને કંઈ દેખાતું નથી."

અને ચોથાએ કહ્યું, "પણ ઊજળા ભવિષ્ય સિવાય આપણું જીવન કેવું હાંસીપાત્ર બની રહે છે!"

પાંચમાએ કહ્યું, "આપણે શું છીએ એ જ જ્યારે આપણે જાણતા નથી ત્યારે ભવિષ્યમાં શું થવાના છીએ એના ઝઘડાવાદમાં ઊતરવાથી ફાયદો શો?"

પણ છઠ્ઠાએ જવાબ આપ્યો, "આપણે જે છીએ તે જ આપણે રહેવાનાં છીએ."

અને સાતમાએ કહ્યું, "શું બનવાનું

છે એની રૂપરેખાનો મને સ્પષ્ટ ખ્યાલ આવ્યો છે, પણ એને હું શબ્દોમાં વર્ણવી શકતો નથી.”

પછી તો આઠમું—અને નવમું—અને દશમું—અને બધાં જ બીજાં એકસામટાં બોલવાં લાગ્યાં, અને એ શોરબકોરમાં હું કોઈ નોય અવાજ સ્પષ્ટ સાંભળી શક્યો નહિ.

અને તેથી તે જ દિવસે હું ઓછાબોલાં થોડાં બીજવાળા સફરજનના હૃદયમાં સ્થળાન્તર કરી ગયો.

બે પિંજર

મારા પિતાના ઉદ્યાનમાં બે પિંજર છે. એકમાં, નિનાવાના રણમાંથી મારા પિતાએ પકડેલો કેદી સિંહ છે; બીજામાં અગીત ચકલો છે.

હરપ્રભાતે ચકલો સિંહને ઉદ્બોધે છે, "કેદી બિરાદર, તને મારું આવતી કાલનું સુપ્રભાતમ્."

ત્રણ પિપીલિકાઓ

તડકામાં ઊંઘતા એક માણસના નાક ઉપર ત્રણ કીડીઓ મળી. અને પોતાની જાતિના રિવાજ મુજબનો મિલનવિધિ પતાવ્યા બાદ વાતે વળગી.

પહેલી કીડીએ કહ્યું, “આ ડુંગરાઓ અને મેદાનો સાવ વેરાન છે. કોઈ ને કોઈ કણની શોધમાં હું આખો દહાડો રખડી, અને એકેય દાણો મને શોધ્યો જડ્યો નહિ.”

બીજી કીડી બોલી, “દરેક ખૂણેખાંચા શોધી વળી, પણ મને ય કંઈ મળ્યું નહિ; મને લાગે છે કે, જેને મારી

જાતિવાળા કાંઈ જ ન ઊગે એવી પોચી, સરકતી ભૂમિ કહે છે એવી આ ભૂમિ છે."

પછી ત્રીજી કીડી ડોકું ઊંચું કરીને બોલી, "મિત્રો, આપણે સર્વશક્તિમાન, અનાદિ અને અનંત, એવા પરમપિપીલકના નાક ઉપર ઊભાં છીએ; એની કાયા એટલી વિરાટ છે કે આપણે એ કાયાને જોઈ શકતાં નથી; એનો પડછાયો એટલો વિશાળ છે કે આપણે એનું માપ કાઢી શકતાં નથી; એનો ઘાંટો એટલો મોટો છે કે આપણે એ સાંભળી શકતાં નથી; અને એ સર્વ-વ્યાપક છે."

ત્રીજી કીડી આમ બોલતી હતી ત્યારે બીજી બે એકબીજાની સામું જોઈ હસતી હતી.

બરાબર તે જ વખતે એ માણસે પડખું ફેરવ્યું, અને ઊંઘમાં ને ઊંઘમાં હાથ ઊંચક્યો અને નાકને ખંજવાળ્યું, અને ત્રણેય કીડીઓ મસળાઈ ગઈ.

કબરનો ખોદનાર

એક વખત, હું મારા એક મૃત આત્માનું દફન કરતો હતો ત્યારે, કબરના ખોદનારે મારી પાસે આવીને કહ્યું, "અહીં જેટલા દફનને માટે આવી ગયા છે એ બધામાં તમે એકલા જ મને ગમી ગયા છો."

મેં કહ્યું, "તમારાં વચન સાંભળીને હું ખૂબ રાજી થયો છું; પણ કહેશો, હું તમને કેમ ગમી ગયો છું?

તેણે કહ્યું, "કારણકે, અહીં તો એ

બધા રોતારોતા આવ્યા છે અને અહીંથી રોતારોતા પાછા ગયા છે—માત્ર તમે એકલા જ હસતા આવ્યા છો અને હસતા પાછા ફરો છો.”

દેવળનાં પગથિયાં ઉપર

એક સાંજે, દેવળનાં આરસપગથિયાં ઉપર મેં એક યુવતીને બે પુરુષોની વચ્ચે બેઠેલી જોઈ. એના મુખનું એક પડખું મ્લાન હતું, અને બીજું પડખું લજ્જાયુક્ત હતું.

ધર્મીનગર

મારી જુવાનીમાં મારા સાંભળવામાં આવ્યું હતું કે કોઈ એક નગરમાં બધાં મનુષ્ય ધર્મશાસ્ત્ર અનુસાર જીવન ગાળે છે.

અને મેં વિચારો કર્યો, "હું એ નગરને શોધી કાઢું અને એની ધાર્મિકતાનાં દર્શન પામું." અને નગર દૂર હતું. અને મેં મારી મુસાફરીની પૂરતી તૈયારી કરી લીધી. અને ચાળીસ દિવસની મુસાફરીને અંતે હું એ નગરમાં પહોંચ્યો, અને એકતાળી-સમે દિવસે મેં એમાં પ્રવેશ કર્યો.

અને જોયું તો ત્યાંના આખા વસ્તિ-

સમુદાયને એકેક આંખ અને એકેક હાથ હતાં! અને હું આશ્ચર્યમાં ડૂબી ગયો અને મેં મારી જાતને પ્રશ્ન કર્યો, "આવા ધર્મનગરમાં રહેતાં માનવીઓને માત્ર એક જ આંખ અને એક જ હાથ હશે?"

પછી મેં જોયું તો એ પણ આશ્ચર્ય-ચકિત થયાં હતાં, કારણકે મારાં બે હાથ અને બે આંખ એમને મન ખૂબ વિસ્મયજનક હતાં. અને, જ્યારે તેઓ આપસઆપસમાં વાત કરતાં હતાં ત્યારે મેં તેમને પૂછ્યું, "જ્યાં બધાં જ માનવી ધર્મશાસ્ત્રાનુસાર જીવન જીવે છે એ જ આ ધર્મનગર કે?" અને તેઓએ કહ્યું, "હા, એ જ આ ધર્મનગર છે."

મેં કહ્યું, "અને, તમારે માથે આ

શી આપત્તિ આવી પડી છે? અને તમારી જમણી આંખ અને જમણા હાથ ક્યાં?"

અને, બધાં માનવીઓમાં અનુકંપા પ્રગટ થઈ. અને તેઓએ કહ્યું, "ચાલો, બતાવીએ."

અને, નગરની મધ્યમાં આવેલા દેવળમાં તેઓ મને લઈ ગયા. અને દેવળમાં મેં હાથ અને આંખનો ઢગ જોયો—બધો મ્લાન થઈ ગયેલો. પછી મેં પૂછ્યું, "અરેરે! કયા જુલ્મીએ તમારા ઉપર આ ક્રૂર અત્યાચાર કર્યો છે?"

અને તેમના વર્તુળમાં એક મંદ અવાજનું મોજું પ્રસરી ગયું. અને તેમના એક વડીલે આગળ આવીને કહ્યું, "આ

બધું અમે અમારી જાતે વહોરી લીધેલું છે. અમારામાં જે પાપસંપત્તિ હતી તેના ઉપર ઈશ્વરે અમને વિજય અપાવ્યો છે.”

અને, એ મને એક ઊંચી વેદી તરફ લઈ ગયો, અને બધાં માનવીઓ પાછળ પાછળ ચાલ્યાં આવ્યાં. અને, એણે મને વેદીની ઉપર કોતરેલો એક લેખ બતાવ્યો, અને મેં વાંચવા માંડ્યું :

“જો તારી જમણી આંખ તારો દ્રોહ કરે તો તેને ખેંચી કાઢ અને દૂર પટકી દે; કારણકે તારો આખો દેહ નર્કમાં પટકાય એના કરતાં તારા એક અંગનો વિલય થાય, એ તારે માટે લાભદાયી છે. અને જો તારો જમણો હાથ તારો દ્રોહ કરે તો તેને કાપી નાખ અને દૂર પટકી દે; કારણકે તારો આખો દેહ નર્કમાં

પટકાય એના કરતાં તારા એક અંગનો વિલય થાય, એ તારે માટે લાભદાયી છે."

પછી મને ગેડ બેસી ગઈ, અને હું બધા લોકો તરફ ફર્યો અને બોલ્યો, "તમારામાંથી એકકેય સ્ત્રી કે પુરુષને બે આંખ કે બે હાથ નથી?"

અને તેમણે જવાબમાં કહ્યું, "ના, એકકેય નહિ. શાસ્ત્ર વાંચી શકે અને તેનાં ફરમાન સમજી શકે તેટલી વયથી નાની વયનાં બાળકો સિવાય એકકેય નહિ."

અને દેવળમાંથી બહાર આવતાંની સાથે જ એ ધર્મનગરમાંથી હું સડસડાટ બહાર નીકળી ગયો; કારણકે હું એટલો નાનોયે ન હતો, અને હું શાસ્ત્ર વાંચી શકતો હતો.

પુણ્યેશ્વર અને પાપેશ્વર

પુણ્યેશ્વર અને પાપેશ્વર ગિરિશૃંગ ઉપર મળ્યા.

પુણ્યેશ્વરે કહ્યું, "દેવબંધુ, આપને મારા નમસ્કાર."

પાપેશ્વરે કશો જવાબ વાળ્યો નહિ.

અને પુણ્યેશ્વરે કહ્યું; "આજે આપ નાખુશ જણાવ છો."

પાપેશ્વરે કહ્યું, "હમણાં હમણાં લોકો મને ભ્રમથી પુણ્યેશ્વર તરીકે ઓળખી રહ્યા છે, તમારે જ નામે મને બોલાવતા થયા

છે, અને જાણે કે હું પોતે જ પુણ્યેશ્વર હોઉં એ રીતનું મારા તરફ વર્તન પણ કરી રહ્યા છે. આ બધું મને બેચેન બનાવી મૂકે છે."

અને પુણ્યેશ્વરે કહ્યું, "અને મને ય લોકો ભ્રમથી પાપેશ્વર તરીકે ઓળખવા લાગ્યા છે, અને તમારે જ નામે બોલાવતા થયા છે."

મનુષ્યની મતિહીનતા ઉપર શાપ વરસાવતો પાપેશ્વર ત્યાંથી ચાલતો થયો.

પરાજય

પરાજય, પ્યારા પરાજય,
 મારું એકાંત અને મારી અળગતા,
તું મને છે અધિક પ્રિયતર
 હજાર હજાર વિજયો કરતાં,
અને મારા હૈયાને અધિક મિષ્ટતર
 સારા સંસારની શ્રી કરતાં.

પરાજય, પ્યારા પરાજય,
 મારી આત્મ—શોધના અને અડગતા,
તારા દ્વારા જાણું છું:
 હુંમાં સભર ભર્યાં છે યૌવન
 અને પાદની ત્વરિતતા;

મને ફસાવી શકશે નહિ
  કરમાતી કીર્તિમાળા એના ફંદામાં.
અને તારામાં દર્શન કર્યાં છે
  મેં એકાકીપણાનાં,
તરછોડ અને તિરસ્કારમાંથી
  પ્રાપ્ત થતા આનંદનાં.

પરાજય, પ્યારા પરાજય,
  મારી તેજસ્વી તેગ, મારી ઢાલ,
  વાંચ્યું છે મેં તારી આંખોની કીકીઓમાં
કે સિંહાસનારૂઢ થવું
  એટલે બેડીઓમાં બંધાવું;
બીજાની સમજમાં આવવું
  એટલે પતન પામવું;
અને ઝડપાઈ જવું
  એટલે પૂર્ણતાએ પહોંચવું

અને પાકા ફળની માફક પડવું
 અને ભક્ષ્ય બની જવું.

પરાજય, પ્યારા પરાજય,
 મારા હિંમતબાજ બિરાદર,
તું સાંભળશે મારાં ગીત,
 મારાં રુદન, મારાં મૌન;
અને તું જ મારી આગળ વર્ણવશે
 પાંખોના ફડફડાટો, સાગરના ગડગડાટો,
અને રાત્રીએ સળગતા ગિરિઓના દવદવાડા;
અને તું એકલો જ ચઢશે
 મારા સીધા ખડકાળ આત્માના શિખર ઉપર.

પરાજય, પ્યારા પરાજય,
 મારા સનાતન શાશ્વત ધૈર્ય,
તું અને હું સાથે ઊભીને
 ઝંઝાવાતની સાથે અટ્ટહાસ્ય કરીશું,

૬૪

અને આપણી અંદર જે મૃત્યુ પામે છે
 તે સર્વની સમાધિ રચીશું
અને આપણે નિર્ધારપૂર્વક
 તડકાની આગમાં ઊભીશું,
અને આપણે ભયાવહ બનીશું.

રજની અને ગાંડો માણસ

"હું છું તારા જેવો, ઓ રજની,
અંધકારભર્યો અને દિગંબર;
મારાં દિવાસ્વપ્નોની ઊંચે ઝગઝગતા
જ્યોતિર્મય પંથે હું પ્રયાણ કરું છું;
અને જ્યારે જ્યારે પૃથ્વીને
મારો પગ સ્પર્શી જાય છે ત્યારે ત્યારે
મહાકાય દેવદારુ વૃક્ષ પ્રાદુર્ભાવ પામે છે."

"ના, ના, તું નથી મારા જેવો,
ઓ ગાંડા માણસ,
કારણકે કાળની રેતી ઉપર
તું કેટલું મોટું પગલું મૂકતો જાય છે

એ જોવા માટે તું હજીયે
પાછળ દૃષ્ટિ ફેંકી રહ્યો છે."

"હું છું તારા જેવો, ઓ રજની,
શાન્ત અને ગંભીર;
અને મારી એકાંતતાના ઉદરની ગર્ભશય્યામાં
પરમેશ્વરી પોઢી છે;
અને જે અવતરી રહ્યો છે તેની અંદર
સ્વર્ગ અને નર્કના સીમાડા ભેગા મળે છે.

"ના, ના, તું નથી મારા જેવો,
ઓ ગાંડા માણસ,
કારણકે તું હજી દુ:ખની સન્મુખ ધ્રુજે છે,
અને ઊંડા ગર્તનું સંગીત તને કંપાવે છે."

"હું છું તારા જેવો, ઓ રજની,
વન્ય અને વિકરાળ;
કારણકે પરાજિત પ્રજાઓના આર્તનાદથી,

અને વિલુપ્ત થયેલા પ્રદેશોની હાયથી
મારા કાન ઉભરાઈ ગયા છે."

"ના, ના, તું નથી મારા જેવો,
 ઓ ગાંડા માણસ,
કારણકે તું હજી તારી વામન-કાયની સાથે
 યારી માણી રહ્યો છે,
અને તારી વિરાટ-કાયની સાથે
 બિરાદરી બાંધી શક્યો નથી."

"હું છું તારા જેવો, ઓ રજની,
 ભયપ્રેરક અને નિષ્ઠુર;
કારણકે મારી છાતી દરિયે સળગતાં
 જહાજોથી પ્રદીપ્ત થઈ છે,
અને મારા હોઠ કતલ કરાયેલા
 યોદ્ધાઓના લોહીથી રંગાયા છે."

"ના, ના, તું નથી મારા જેવો,

ઓ ગાંડા માણુસ;
કારણુકે નારી—આત્મા પ્રત્યેની તારી ઉત્સુકતા
હજી તારી ઉપર આરૂઢ થયેલી છે,
અને તારે પોતાને વિષે તું
અદ્વૈતભાવ કેળવી શકચો નથી."

"હું છું તારા જેવો, ઓ રજની,
આનંદરત અને હર્ષપ્રમત્ત;
કારણુકે મારી છાયામાં વસનાર નર
સોમવલ્લીના રસનું પાન કરે છે,
અને મારે પગલે ચાલનાર નારી
હર્ષપ્રમત્ત બનીને પાપાચરણુ કરે છે."

"ના, ના, તું નથી મારા જેવો,
ઓ ગાંડા માણુસ,
કારણુકે તારા આત્માએ
સાત પડનું પટકૂળ પહેર્યું છે

અને તેં તારા હૈયાને
 તારા હાથમાં ધારણ કર્યું નથી."

"હું છું તારા જેવો ઓ રજની,
 આઝારી અને ઉત્સુક;
કારણકે કરમાયેલાં ચુંબનોના
 ઓાંપણમાં ઢંકાયેલા,
હજાર મૃત પ્રેમીઓ
 મારા હૃદયમાં દટાયેલા પડ્યા છે."

"ગાંડા માણસ, અરે,
 તું મારા જેવો છે? મારા જેવો છે?
અને ઝંઝાવાતને ઘોડાની માફક
 તું પલાણી શકે છે?
અને વીજળીને તરવારની માફક
 વીંઝી શકે છે?"

"તારા જેવો ઓ રજની,
 તારા જેવો, પ્રબળ અને ઉત્તુંગ,

અને પતન પામેલા દેવોની ઉપર
 મારું સિંહાસન ચણાયું છે;
અને મારા વસ્ત્રના લટકતા છેડાને ચુમવાને
દિવસો મારી આગળ થઈને પસાર થાય છે,
પણ મારા મુખની સામે જોવાની
 તે કદી હીંમત કરી શકતા નથી.”

“મારા ઊંડા અંધકારભર્યા હ્રુદયના સંતાન,
 તું મારા જેવો છે?
અને મારા અદૃશ્ય વિચારોને તું વિચારે છે?
અને મારી વિશાળ વાણીને તું વદે છે?”

“અરે, આપણે તો જોડકાં
 ભાંડુઓ છીએ, ઓ રજની;
કારણકે તું અવકાશને પ્રગટ કરે છે,
અને હું મારા આત્માને પ્રગટ કરૂં છું.”

મુખાકૃતિઓ

મેં હજાર ચહેરાવાળી મુખાકૃતિ જોઈ છે, અને એકજ બિબામાં ઢાળવામાં આવી હોય એવા એકલ ચહેરાવાળી મુખાકૃતિ પણ જોઈ છે.

જેની આરપાર નીચેની કુરૂપતાને જોઈ શકાય એવી ઝળકવાળી મુખાકૃતિને મેં જોઈ છે, અને જેના સૌન્દર્યને જોવાને ઉપરની ઝળક ખસેડવી પડે એવી મુખાકૃતિને પણ મેં જાણી છે.

અર્ધવિહીન કરચલિયોવાળી વૃદ્ધ મુખાકૃતિને મેં જોઈ છે, અને જેમાં

બધીજ વસ્તુઓ કોરાયેલી હોય એવી પુષ્ટ મુખાકૃતિને પણ મેં જોઈ છે.

હું મુખાકૃતિઓને પરખું છું, કારણકે મારી પોતાની આંખે વણેલા પટની અંદરથી હું નીરખું છું, અને નીચે રહેલી વાસ્તવતાને દૃષ્ટિગોચર કરૂં છું.

મહત્તર સાગર

મારો આત્મા અને હું મહાસાગરમાં સ્નાન કરવા ગયા. અને કિનારે પહોંચ્યા એટલે અમે સ્નાનને માટે એકાંત અને અંતરિયાળ જગ્યા શોધવા માંડી.

કિનારે કિનારે ચાલતાં અમે એક માણસને કાળા ખડક ઉપર બેઠેલો જોયો. થેલામાંથી ચપટી ચપટી મીઠું લઈ ને એ સાગરના પાણીમાં નાખતો હતો.

મારા આત્માએ કહ્યું: "આ નિરાશાવાદી છે. આપણે આ સ્થળ છોડી

દઈએ. આપણે અહીં સ્નાન કરી શકીશું નહિ."

આગળ ચાલતાં અમે એક નાની ખાડી પાસે આવ્યા. ત્યાં અમે સફેદ ખડક ઉપર ઊભેલા એક માણસને જોયો. એની પાસે એક હીરાજડિત પેટી હતી એમાંથી સાકર લઈને એ સાગરમાં નાખતો હતો.

"આ ફુર્ષવાળી છે," મારો આત્મા બોલ્યો: અને આપણાં ઉઘાડાં શરીર એના જોવામાં પણ આવવાં જોઈએ નહિ."

અમે આગળ વધ્યા. અને ખાડી ઉપર અમે એક માણસ જોયો. એ મરી ગયેલી માછલીઓને બહાર કાઢતો હતો:

અને સાચવીને ફરી પાછી પાણીમાં મૂકી દેતો હતો.

મારા આત્માએ કહ્યું: "અહીં પણ આપણે નાહી શકીશું નહિ આ વિશ્વપ્રેમી છે." અમે આગળ ચાલ્યા.

પછી એક માણસ રેતી ઉપર પોતાની છાયારેખા દોરતો હતો ત્યાં અમે પહોંચ્યા. મોટાં મોજાં ધસી આવીને છાયારેખાને ભૂંસી નાખતાં હતાં. પરંતુ ભૂંસાઈ જતી રેખાને એ ફરીફરીને અંકિત કરતો હતો.

મારા આત્માએ કહ્યું: "આ ગહનતાવાદી છે. એને પણ છોડી દો."

અમે આગળ ચાલ્યા, અને એક શાન્ત અખાતતટ ઉપર એક માણસને

ફીણુ એકઠું કરી સફેદ પથ્થરના કમંડલમાં ભરતો જોયો.

મારો આત્મા બોલ્યો: "આ આદર્શવાદી છે. એણે પણ આપણી નિર્બળતા જોવી જોઈએ નહિ."

અમે હજી યે આગળ વધ્યા એકાએક અમારે કાને એક મોટો અવાજ અથડાયો: "આ સાગર છે. આ ગહનગંભીર સાગર છે. આ વિશાળ અને મહાન સાગર છે." એ અવાજની નજીક અમે પહોંચ્યા ત્યાં અમે એક માણસને જોયો. સાગર તરફ એની પીઠ રાખીને, કાન આગળ શંખ ધરીને એ એનો ઘર્ઘર ધ્વનિ સાંભળતો હતો. અને મારા આત્માએ કહ્યું: "અહીંથી ચાલ્યા જઈએ. આ વાસ્તવવાદી છે. જે સમગ્રતાને

એ સમજી શકતો નથી તેની તરફ એ પીઠ ફેરવે છે, અને અંશની સાથે પ્રવૃત્તિ આદરે છે."

તેથી અમે ત્યાંથી પસાર થઈ ગયા. અને ખડકોની વચ્ચેની આછા છોડવાળી જગ્યાએ રેતીમાં માથું ઘાલીને ઊભેલા એક એક માણસને અમે જોયો. અને મેં મારા આત્માને કહ્યું: "આપણે અહીં સ્નાન કરી શકીશું. કારણકે એ આપણને જોઈ શકે તેમ નથી."

મારા આત્માએ કહ્યું: ના; "કારણકે આ બધામાં એ એકલો ભયંકર છે. એ ઉપેક્ષાવાદી છે."

પછી મારા આત્માના મુખ પર અને એના અવાજમાં મોટી નિરાશા આવી ગઈ.

એણે કહ્યું: "ચાલો, અહીંથી આઘ્યા જઈએ. કારણકે અહીં તો ક્યાંય સ્નાનને માટેની એકાંત, અલગ જગ્યા નથી. આ પવન મારા સોનેરી વાળને ઊંચા કરે, અથવા મારી શ્વેત છાતીને ખુલ્લી કરે, અથવા પ્રકાશને મારી પવિત્ર દિગંબરિતા જોવા દે, એવું હું ઇચ્છતો નથી."

પછી અમે મહત્તર સાગરને શોધવાને માટે એ સાગરને છોડયો.

વધ કર્યો

મેં લોકોને કહ્યું : “વધસ્થંભે ચઢાવી મારો વધ કરો.”

તેઓએ કહ્યું : “તારું લોહી અમારા માથા ઉપર શા માટે ?”

મેં જવાબ આપ્યો : “ગાંડા માણસોનો વધ કર્યા સિવાય તમારી મહત્તા બીજી કઈ રીતે વધવાની છે ?”

તેઓએ મારું સાંભળ્યું અને મારો વધ કર્યો. અને વધે મને શાંતિ આપી.

અને આકાશ અને અવનીની વચ્ચે

મને જ્યારે લટકાવવામાં આવ્યો ત્યારે લોકોએ મને જોવાને પોતાનાં મોં ઊંચાં કર્યાં. અને તેઓ મહાન બન્યા, કારણકે તેઓએ કદી પોતાનાં માથાં ઊંચાં કર્યાં ન હતાં.

પણ મારા તરફ જોતા તેઓ ઊભા હતા ત્યારે એકે કહ્યું: "તારે કયા પાપનું પ્રાયશ્ચિત્ત કરવાનું છે?"

બીજાએ કહ્યું: "શેને ખાતર તું તારી જાતનું આ બલિદાન આપી રહ્યો છે?"

ત્રીજાએ કહ્યું: "આ બલિદાનથી તું વિશ્વકીર્તિ મેળવવા ઇચ્છે છે?"

પછી ચોથાએ કહ્યું: "જુઓ; કેવો હસે છે! આવું દુઃખ કેમ સહેવાય?

૮૧

અને મેં એ બધાને જવાબ આપ્યો: "હું હસું છું એટલું જ ખ્યાલમાં રાખો. હું પ્રાયશ્ચિત્ત કરતો નથી, બલિદાન આપતો નથી, વિશ્વકીર્તિને ઝંખતો નથી, અને મારે કશું માફ કરવાનું નથી. મારી ઉત્કંઠા થઈ અને મારું પોતાનું લોહી પીવાને આપવાની મેં તમને વિનંતી કરી. ગાંડા માણસની પ્યાસા પોતાના લોહી સિવાય બીજા શેનાથી છીપી શકે ? હું મૂગો હતો—અને વાણી પ્રાપ્ત કરવાને મેં ઘા માગ્યા. હું તમારી દિનરાત્રીઓના કારાગારમાં પુરાયો હતો—અને વધારે વિશાળ દિનરાત્રીઓનો દરવાજો હું શોધતો હતો.

અને હવે હું જાઉં છું—જેમ બીજા મારી આગળ ગયા છે તેમ. અને કલ્પશો

નહિ કે અમે વધથી કંટાળી ગયા છીએ. કારણકે મહત્તર અવનિઓ અને સ્વર્ગોની વચ્ચે મહાકાય માનવોથી અમારો વધ એવો નિર્માણ થયેલો છે."

ખગોળવેત્તા

દેવળના પડછાયામાં મેં અને મારા દોસ્તે એક આંધળા માણસને બેઠેલો જોયો. અને મારા દોસ્તે કહ્યું: "જુઓ, પેલો આપણા દેશનો જ્ઞાનીમાં જ્ઞાની માણસ છે."

પછી હું મારા દોસ્તને છોડીને તે આંધળા માણસની પાસે ગયો, અને મેં તેનું અભિવાદન કર્યું. અને અમે વાતોએ વળગ્યા.

થોડીવાર પછી મેં પૂછ્યું: "પૂછું તો માફ કરશો. આપે આ આંખો ક્યારથી ખોઈ છે?"

તેણે જવાબ આપ્યો: "જન્મથી."

મેં પૂછ્યું: "આપ જ્ઞાનને કયે માર્ગે વિચરો છો?"

તેણે કહ્યું: "હું ખગોળવેત્તા છું."

પછી છાતીએ હાથ મૂકી કહેવા લાગ્યો: "હું આ બધા સૂર્યો, ચંદ્રો અને તારાઓનું નિરીક્ષણ કરું છું."

પ્રબળ અભિલાષા

અહીં હું મારા ભ્રાતા પર્વતની અને ભગિની સાગરિકાની વચ્ચે બેઠો છું.

અમે ત્રણુ એકાંતમાં એકરૂપ છીએ; અને ગાઢ, દૃઢ અને વિલક્ષણુ પ્રેમબંધ અમને બાંધી રહ્યો છે. અરે, એ પ્રેમ તો મારી ભગિનીના પ્રેમ કરતાં વધારે ઊંડો, મારા ભ્રાતાના પ્રેમ કરતાં વધારે દૃઢ અને મારા ગાંડપણુ કરતાં અધિક વિલક્ષણુ છે.

વિશ્વની પહેલી ઉષાને આછે અજવાળે અમે એક બીજાને જોયાં, અને એ વાતને તો યુગો વીતી ગયા; અને કેટલાંયે

જગતોનાં જન્મ, વૃદ્ધિ અને લય જોવા છતાં અમે હજી કોડભર્યાં અને યુવાન છીએ.

યુવાન અને કોડભર્યાં છીએ છતાં હજી અમે સહચરહીન અને આતુરતાયુક્ત છીએ; અને જો કે અમે અભંગ અર્ધ આલિંગનમાં પડ્યાં છીએ છતાં અમે અનાશ્વિસિત છીએ. અને સંયમિત વૃત્તિ તથા અણુવપરાયેલી વાસના માટે કયું હૈયાકારણ હોઈ શકે ? મારી ભગિનીની શય્યાને ઉષ્મા આપનાર જવાળાનો દેવ કયાંથી આવશે ? અને કઈ ઝંઝાવાતિકા મારા ભ્રાતાની આગ બુઝવશે ? અને કઈ રમણી મારા હૃદયની સ્વામિની બનશે ?

રાત્રિની નીરવતામાં, મારી ભગિની એની નિદ્રામાં કોઈક અગ્નિદેવનું અજાણ્યું

નામ રટે છે, અને મારો ભ્રાતા ફરફરની કોઈક પ્રશાન્ત દેવિકાને પોકારે છે. પણ મારી નિદ્રામાં મને ખબર નથી કે હું કોને બોલાવી રહ્યો છું.

અહીં હું ભ્રાતા પર્વતની અને ભગિની સાગરિકાની વચ્ચે બેઠો છું. એકાંતમાં અમે ત્રણ એકરૂપ છીએ; અને ગાઢ, દૃઢ અને વિલક્ષણ પ્રેમબંધ અમને બાંધી રહ્યો છે.

ઘાસના તરણાએ કહ્યું

ઘાસના તરણાએ પાનખરના પાંદડાને કહ્યું:

"ખરતાં ખરતાં તું કેટલો અવાજ કરે છે! તું મારાં શિશિરનાં સ્વપ્નોને વિખેરી નાંખે છે."

પ્રકોપ કરીને પાંદડું બોલ્યું: નીચ, અધમ ક્રોધસુલભ, સંગીતહીન! તું વાયુના ઉપલા થરનો વાસી નથી, અને તને સંગીતના ધ્વનિનો ખ્યાલ હોઈ શકેજ નહિ."

પછી પાનખરનું પાંદડું ધરતી ઉપર

પડયું અને પોઢી ગયું. અને વસંત આવી ત્યારે તે ફરી જાગ્યું—અને એ ઘાસનું તરણું બન્યું.

અને પાનખર આવતાં—એ શિશિર સ્વપ્નોમાં પડયું હતું ત્યારે, અને હવામાંથી પાંદડાં ખરતાં હતાં ત્યારે એ ગણગણ્યું: "આ પાનખરનાં પાંદડાં કેવાં હશે! કેવો કોલાહલ મચાવી મૂકે છે! મારાં શિશિર-સ્વપ્નોને એ વેરવિખેર કરી નાંખે છે."

આંખ

એક દિવસ આંખે કહ્યું: "આ ખીણોની પેલે પાર, ધુમ્મસથી ઢંકાયેલા પર્વતને હું જોઉં છું. એ સુંદર નથી?"

કાને કુતૂહલતાથી સાંભળ્યા કર્યું અને કહ્યું: "પણ પર્વત છે જ ક્યાં? મને સંભળાતો નથી."

પછી હાથ બોલ્યો: "એને ખોળવાને હું ફોગટ બાથોડિયાં મારી રહ્યો છું, અને મને તો ક્યાંય તે જણાતો નથી."

અને નાકે કહ્યું: "પર્વત છે જ નહિ, મને એની વાસ આવતી નથી."

૯૧

પછી આંખ બીજી દિશામાં ફરી, અને આંખની વિચિત્ર ભ્રમણા વિષે બધાએ માંહોમાંહે વાત કરવા માંડી. અને તેઓએ કહ્યું: "આંખને કંઈક થયું છે."

બે વિદ્વાનો

પુરાણા અફ્કર નગરમાં બે વિદ્વાનો રહેતા હતા. તેઓ એકબીજાને ધિક્કારતા અને એકબીજાની વિદ્વતાને ઉતારી પાડતા. કારણકે તેમાંનો એક દેવોના અસ્તિત્વમાં માનતો ન હતો, જ્યારે બીજો એમાં માનતો હતો.

એક દિવસે એ બંને બજારચોકમાં મળ્યા, અને એમના અનુયાયીઓની હાજરીમાં આસ્તિકતા—નાસ્તિકતાની બાબતમાં વાદવિવાદે ચઢ્યા. કલાકોના વિવાદને અન્તે બન્ને છૂટા પડ્યા.

તે સાંજે નાસ્તિક દેવમંદિરે ગયો અને પોતાની ગત ઉન્માર્ગગામિતાને માફ કરવાને તેણે દેવોની પગે પડીને પ્રાર્થના કરી.

અને બરાબર એજ સમયે, દેવોના અસ્તિત્વનું સમર્થન કરનાર વિદ્વાને પોતાનાં ધર્મશાસ્ત્રો બાળી નાંખ્યાં. કારણકે એ નાસ્તિક બની ગયો હતો.

મારા શોકના જન્મકાળે

મારો શોક જન્મ્યો ત્યારે સંભાળપૂર્વક મેં તેની પરિચર્યા કરી, અને સ્નેહાળ કોમળતાથી હું એના ઉપર ધ્યાન આપી રહ્યો.

અને બધી સજીવ વસ્તુઓ વિકાસ પામે છે તેમ મારો શોક પણ સબળ, સુંદર અને અદ્ભુત હર્ષનિર્ભર બન્યો.

અને અમે, મારો શોક અને હું બંને એક બીજાને ચાહતા હતા, અને અમે અમારી આસપાસના જગતને પણ ચાહતા; કારણકે મારો શોક સ્વભાવે દયાળુ હતો અને હું મારા શોક પ્રત્યે મમતાભર્યો હતો.

અને અમે, મારો શોક અને હું વાતોએ ચડતા ત્યારે દિવસો પંખાળા બનતા અને રાત્રિઓ સ્વપ્નમેખલિત બનતી; કારણકે શોકને વાચાળ જીભ હતી. અને મારી જીભ શોક પ્રત્યે વાચાળ હતી.

અને અમે, મારો શોક અને હું, ભેગા બેસીને ગાતા ત્યારે અમારા પાડોશીઓ એમની બારીએ આવીને બેસતા અને અમારાં ગીત સૂણતાં; કારણકે અમારાં ગીત સાગર જેટલાં ગભીર હતાં અને અમારાં સંગીતમાં વિલક્ષણ સ્મરણો ગુંજતાં હતાં.

અને અમે, મારો શોક અને હું બન્ને સાથે ફરવા નીકળતાં ત્યારે લોકો અમારા તરફ લાગણીભરી આંખે જોઈ રહેતા અને વિરલ મીઠાશના શબ્દો ઉચ્ચારતા. અને કેટલાક તો અમારી અદેખાઈ પણ

કરતો; કારણકે શોક એ દિલાવર વસ્તુ હતી અને શોકના સાહચર્યમાં હું ગૌરવ માનતો હતો.

પણ બધી સજીવ વસ્તુઓ મરે છે તેમ મારો શોક પણ મૃત્યુ પામ્યો, અને એનાં સંસ્મરણો ઉકેલતો હું એકલો પડી ગયો.

અને હવે હું બોલું છું ત્યારે મારા શબ્દો મારા જ કાનને કઠોર લાગે છે.

અને હું મારાં ગીત ગાઉં છું ત્યારે મારા પડોશીઓ સાંભળવા આવતા નથી.

અને હું જ્યારે શેરીઓમાં થઈને પસાર થાઉં છું ત્યારે મારા તરફ કોઈ નજર પણ કરતું નથી.

માત્ર મારી નિદ્રામાં કરુણાયુક્ત સાદ હું સાંભળું છું: "દેખો, એના શોકનું મરણ થતાં આ માણસ કેવો સૂનો પડી ગયો છે.

મારા આનંદના જન્મકાળે

અને મારો આનંદ જન્મ્યો ત્યારે મેં એને હાથમાં લીધો, અને પોકારતો છાપરા ઉપર હું ઊભો: "આવો, આવો, પાડોશીઓ, આવો અને જુઓ, આજે મારે પેટે આનંદ જન્મ્યો છે. આવો, સૂર્યકિરણોમાં હાસ્ય વેરતી આ રમ્ય વસ્તુને જુઓ."

પણ મારો કોઈ પડોશી મારા આનંદને જોવાને ફરક્યો નહિ. અને હું ખૂબ વિસ્મય પામ્યો.

અને સાત ચાંદની સુધી દરરોજ,

ઘરને છાપરેથી મેં મારા આનંદની વધાઈ ઉચ્ચારી, તથાપિ કોઈએ એના તરફ લક્ષ આપ્યું નહિ. અને મારો આનંદ તથા હું બંને એકલાઅટૂલા રહ્યા, અણપૂછ્યા અને અણપીછયા.

પછી મારો આનંદ ફિક્કો પડતો ગયો, મ્લાન થયો. કારણકે મારા હૈયા સિવાય બીજા કોઈ હૈયાએ એના પ્રેમને વધાવ્યો નહિ, બીજા કોઈ હોઠે એના ઓઠને ચૂમ્યા નહિ.

પછી મારો આનંદ એકલવાયાપણાથી ઝૂરતો મરણ પામ્યો.

અને આજે તો મારા મૃત્યુ પામેલા શોકનાં સ્મરણોની સાથે મારા મૃત્યુ

પામેલા આનંદના સંસ્મરણો મારા દીલમાં જાગે છે.

પણ સંસ્મરણ તો પાનખર ઋતુનું પાંદડું છે—પવનમાં એ ક્ષણભર ખડખડાટ કરે છે, અને પછી એનો ખડખડટ શમી જાય છે.

પૂર્ણ જગત

ભૂલા પડેલા આત્માઓના હે ઈશ્વર, દેવોમાં અટવાઈ પડેલા હે દેવ, મને સાંભળ:

અમારાં ભાગ્યને દોરનાર હે સૌમ્ય પ્રારબ્ધ, હે ગાંડાં ભટકતાં સત્ત્વો, મને સાંભળો :

અપૂર્ણતમ એવો હું, પૂર્ણતમ પ્રજાની વચ્ચે વસું છું.

હું, માનવી માટીનો બેઢંગી પિંડ, મહાભૂતોના શંભુમેળાની નિહારિકા, એવો હું–જેનાં દર્શનો આલેખાયેલાં અને નોંધાયેલાં

છે, જેનાં સ્વપ્નો સુવ્યવસ્થિત છે, જેના વિચારો તારવી કઢાયેલા છે, એવા સંપૂર્ણ નિયમબદ્ધ અને શુદ્ધ વ્યવસ્થાબદ્ધ લોકોની વચ્ચે—પૂર્ણ વિશ્વોની વચ્ચે વિચરું છું.

હે ઈશ્વર. તેમના સદ્‌ગુણોને માપવામાં આવ્યા છે, તેમનાં પાપોને તોળવામાં આવ્યાં છે, અને પાપ કે પુણ્યના આછા સાંધ્ય તેજમાં આવી શકતી નથી એવી તેમના સંબંધી અસંખ્ય બાબતો લખાઈ—નોંધાઈ છે.

અહીં દિવસરાત્રીઓનાં આચરણને ઋતુઓમાં વિભક્ત કરવામાં આવ્યાં છે, અને અદોષ ચોક્કસતાના સિદ્ધાંતોથી તેમનું નિયમન કરવામાં આવ્યું છે.

ખાવું, પીવું, ઊંઘવું, નગ્નતાને ઢાંકવી, અને પછી સમય આવતાં કંટાળી જવું;

કામવું, રમવું, ગાવું, નાચવું, અને ઘડીના ટકોરા વાગે છતાંય પડી રહેવું;

પડોશીને સ્મિતથી ધૂતવો, હાથના લાવણ્યભર્યા લટકાથી બક્ષીસ આપવી, વિવેકથી વખાણવું, સાવધાનતાથી વખોડવું, શબ્દમાત્રથી આત્માને હણવો, શ્વાસની ફૂંકથી શરીરને બાળવું, અને પછી દિવસનું કાર્ય પૂરું થાય ત્યારે હાથ ધોઈ નાખવા;

નિર્ણીત પદ્ધતિએ પ્રેમ કરવો, પૂર્વનિશ્ચિત્ત રીતે દેવોની આરાધના કરવી, ચાલાકીથી શયતાનની સાથે છૂપી ગાંઠ બાંધવી—અને પછી જાણે કે સ્મરણ લુપ્ત થયું હોય તેમ બધું ભૂલી જવું;

હેતુપૂર્વક કલ્પના કરવી, ગણતરીપૂર્વક મનન કરવું, મીઠાશથી સુખ થવું,

ઉદારતાથી સહન કરવું—અને પછી પ્યાલાને ખાલી કરી દેવો કે જેથી આવતી કાલ ફરીથી એને ભરી દે.

હે દેવ, આ બધી વસ્તુઓ હેતુપૂર્વક છે, નિશ્ચયપૂર્વક આવિર્ભાવ પામે છે, ચોકસાઈથી વૃદ્ધિંગત થાય છે, અને આલેખિત પદ્ધતિને અનુસરીને વધ પામે છે અને હણાય છે.

અને માનવઆત્માની અંદરસ્થિત રહેલી તેમની શાન્ત કળાઓ પણ સંક્રાંકિત અને ક્રમાંકિત બને છે.

એ સંપૂર્ણ જગત છે, શ્રેષ્ઠતાને શિખરે પહોંચેલું જગત છે, ઉત્તમ અદ્ભુતોનું જગત છે, ઈશ્વરના બાગનું સુપરિપક્વ ફળ છે, વિશ્વનું શ્રેષ્ઠ આયોજન છે.

પણ હે ઈશ્વર, અતૃપ્ત વિકાશનું લીલું બીજ, પૂર્વ કે પશ્ચિમ કોઈ પણ દિશાને ન શોધનારો ગાંડો ઝંઝાવાત, હવ્ય ગ્રહનો એક ફૂટ ટુકડો, એવો હું અહીં શા માટે છું?

ભૂલા પડેલા આત્માઓના હે ઈશ્વર, દેવોમાં અટવાઈ ગયેલા હે દેવ, હું અહીં શા માટે છું?

ભિક્ષુક

મિલન

એક દિવસ સરિતાએ વિચાર કર્યો: "મારે જ શા સારુ રોજ ને રોજ સાગરને ભેટવા દોડી જવું? મારે એકલીને જ શું કંઈ બધી ગરજ છે?" ડુંગરાઈને એણે સાગરને આ વાત કહી દેખાડી: "જાવ, હું તો તમને મળવા રોજ ને રોજ કંઈ આવતી નથી! હવે તમે મને મળવા આવજો."

સાગરે હસીને કહ્યું: "વારુ, હું આવીશ."

એમ કહીને એણે ચારે બાજૂ મોજાં મૂકવા માંડી. છેક સરિતાના ઉગમ સુધી એ પહોંચ્યો.

૧૦૮

સાગર ! સાગર ! સર્વત્ર સાગર ! પાણી ! પાણી, ને પાણી ! સારિ યે સરિતા સાગરમાં સમાઈ ગઈ.

સરિતાના નસીબમાં ફરી કદિ સાગરને ભેટવા જવાનું રહ્યું નહિ !

વિશિષ્ટતા

રાજાઓને કંઈ ને કંઈ ધૂન હોય છે.

"હું રાજા છું; બીજા લોકોથી કાંઈક જુદો છું; એટલે મારી કોઈ ખાસ વિશિષ્ટતા હોવી જ જોઈએ" એવી એક રાજાને ધૂન લાગી હતી. "સામાન્ય જનોના ટોળાથી હું કંઈક જુદો તરી આવવો જ જોઈએ, જેથી લોકો મને ઓળખે" એવું એના મનમાં ભરાયું હતું.

એથી એના મગજમાં એક એવો તરંગ ઘર કરી બેઠો કે સામાન્ય માનવીઓના પડછાયા પડે છે, તો મારો

પડછાયો જ ન પડવો જોઈએ. પોતાની છાયા પડતી બંધ થાય એ સારુ એણે રાજ્યભરના તાંત્રિક, માંત્રિક, શાસ્ત્રજ્ઞ, તત્ત્વજ્ઞ, પંડિતો ને વિદ્વાનો, સૌને એકત્ર કર્યા.

"પણ, કોઈ નો પડછાયો ન પડે એ વાત તો સાવ અશક્ય છે." સૌએ એકમતે અભિપ્રાય ઉચ્ચાર્યો.

પણ, રાજા, વાજાં ને વાંદરા ! આવો સાવ નાસિપાસ કરનારો અભિપ્રાય સાંભળીને રાજહઠ મજબૂત બની.

એ કહે: "તમે પંડિતો શું કહેતા'તા, ધૂળ! લો જાવ મારો પડછાયો ન પડે એ સારુ મારા ભવનની ચાર દીવાલોની બહાર જ નહિ નીકળું. તમે મારો પડછાયો

ન પડે એવો ઉપાય શોધશો પછી જ બહાર નીકળીશ. પણ હવેથી, સામાન્ય જનની જેમ, મારો પડછાયો તો નહિ જ પડવા દઉં. મહાન વ્યક્તિઓનાં બોલેલાં વચન કદિ પાછાં ફરતાં નથી."

થયું. ત્યારથી રાજા ભવનની ચારે દીવાલો વચ્ચે ગોંધાઈ રહેવા માંડયો. સૂર્યપ્રકાશથી એનો દેહ વંચિત રહેવા માંડયો.

પરિણામે, એની પ્રકૃતિ ક્ષીણ થવા માંડી, ને એક દિવસે એ મૃત્યુ પણ પામ્યો.

"રાજાનું કહેવું સાચું પડયું. જુઓ, એનો પડછાયો નહિવત્ બની ગયો." એક બટકબોલો વૃદ્ધ બોલી ઊઠયો.

"કેમ કાકા, એમ બોલો છો?" લોકોએ પુછ્યું,

"કેમ, હવે રાજાને કે રાજાના પડછાયાને આપણે કંઈ જોઈ શકવાના છીએ?" વૃદ્ધે ઉત્તર આપ્યો.

ભિક્ષુક

બહુ શ્રીમંત અને બહુ ઉદાર તરીકે એની ખ્યાતિ હતી.

એનાં દ્વાર આગળ સદા સર્વ કાળ ભિખારીઓની ઠઠ જામેલી રહેતી. ભિખારી જે માગે તે એને આપવું એવું એનું વ્રત હતું. તે એટલે સુધી કે એક ભિખારી એની પાસેથી બહુ વર્ષ સુધી ભીખીભીખીને શ્રીમંત બની ગયો.

અને સર્વ ભિખારીઓની માગણીઓ પૂરી કરવામાં ને કરવામાં એ શ્રીમંત જ

એક દિવસ ભિખારી બનીને બેઠો. ને, ભીખ માગવાની એને જ ફરજ પડી!

ભિક્ષા માગતાંમાગતાં એક દિવસ એ, એની ઉદારતાએ કરીને શ્રીમંત બનેલા પેલા ભિખારી કને જઈ પહોંચ્યો.

એને પેલા શ્રીમંત બનેલા ભિખારીએ તો ઓળખ્યો, પરંતુ ભિખારી બનેલા એ શ્રીમંતે પૂર્વ કાળના પેલા ભિખારીને ઓળખ્યો નહિ. ન ઓળખતાં જ એણે ભિક્ષા માગી. અહીંથી નક્કી સારી ભિક્ષા મળશે એવી એને ખાત્રી હતી.

"ભિક્ષા આપવાની હું વિરુદ્ધ છું." પેલા શ્રીમંત બનેલા પૂર્વના ભિખારીએ કહ્યું.

"કેમ...?" ભિખારી બનેલા શ્રીમંતે પૂછ્યું.

"કારણ, ભિક્ષા દેવાનું દુર્વ્યસન પડેલા એવા એક શ્રીમંત ગૃહસ્થને ભિખારી બનીને મારી સામે ભીખ માગતા હું ભાળું છું!" શ્રીમંત બનેલા ભિખારીએ ઉત્તર વાળ્યો.

મજૂર

થોડાક ગાઉ દૂરના એક ગામમાં શહેરના એક વેપારીના માલની બે ગુણો પડી હતી.

એ બે ગુણો લેવા માટે વેપારીએ બે મજૂરોને મોકલ્યા.

બંને મજૂરો ધડાકાબંધ ગામમાં જઈ પહોંચ્યા. સંજોગોવશાત્ બે મજૂરો જુદા જુદા મુલકના હતા.

પહેલા મજૂરે પોતાની ગુણ માથા પર લીધી; જ્યારે બીજાએ પોતાની ગુણ પીઠ પર લીધી.

"તું મૂરખ છે કે શું? ગરદન ભાંગી નાખવાનો થયો છે! બોજો તો હંમેશાં માથા પર લેવો જોઈએ." પહેલા મજૂરે બીજાને કહ્યું.

"તું મૂરખ છે, તું! તારી ગરદન ભાંગી નાંખવાનો થયો છે! અમારા મુલકમાં તો બોજો પીઠ પર લેવાનો રિવાજ છે." બીજાએ કહ્યું.

"જા, જા, માથા પર બોજો લેવાનો અમારા મુલકનો રિવાજ જ સાચો છે." પહેલો બીજાને કહેવા લાગ્યો.

આમ એમના પરસ્પરના સંભાષણમાં ઠીક ઠીક ચેળા વહી ગઈ. છેવટે, સામાએ પોતાનું કહ્યું ન માન્યાથી કંટાળીને તથા મોડું થવાથી બંને પોતપોતાના મુલકના રિવાજ પ્રમાણે બોજો વહીને ચાલવા માંડયા.

વેળા થઈ ગઈ છતાં મજૂરો આવ્યા નહિ એટલે વેપારી ઊંચોનીચો થતો હતો.

છેવટે મોડા મોડા પણ મજૂરો આવી પહોંચ્યા. બંનેએ વેપારીની વખારના ઓટલા ઉપર પોતપોતાના બોજા ઉતારીને વખારમાં માલ નાંખી આવ્યા પછી મજૂરીના દામ લેવા માટે વેપારી સમક્ષ આવીને ઊભા.

વેપારીએ કહ્યું, "કેમ, આટલું બધું મોડું કર્યું?"

"શેઠ સાહેબ, મોડું તો ન થાત, પણ આણે મારું કહ્યું માન્યું નહિ એમાં મોડું થયું." પહેલાએ બીજા વિરુદ્ધ ને બીજાએ પહેલા વિરુદ્ધ એક જ જાતની ફરિયાદ કરવા માંડી.

વેપારી ડાહી માનો દીકરો હતો. એ કહે, "ઠીક, વખારમાં ગુણ ઠીક કરીને નાંખી આવ્યા ને? લો બંને અર્ધો અર્ધો દિનાર ને અહીંથી ચાલવા માંડો. જો વેળાસર આવ્યા હોત તો તમને બેયને અકેકો દિનાર આપવાનો મારો વિચાર હતો. પણ, આ તો તમે મોડા પડ્યા, ને મારો સોદો રદ થયો. એટલે તમારા બેય જણાનો અર્ધો અર્ધો દિનાર કાપી લઉં છું."

પોતપોતાનો અર્ધો દિનાર લઈને બંને મજૂર રસ્તે પડ્યા. રસ્તામાં એકબીજાને કહેવા લાગ્યા:

"જોયું? જો મારું કહેવું તેં માન્યું હોત તો આપણો અર્ધો દિનાર જાત કંઈ?"

સ્વાતંત્ર્ય

એક શિકારીને ઘેર એક પોપટ હતો. એક દિવસ એ શિકારીએ એક ગરુડ પક્ષીને પકડ્યું, ને એને પોપટના પિંજરાની પડખે પડેલા બીજા પિંજરામાં પૂર્યું.

પિંજરામાં પૂર્યું તે પળથી જ ગરુડ પક્ષી પિંજરાના સળિયા તોડવા માટે ઝાપટો મારવા માંડ્યું—છૂટવા માટે એણે તનતોડ પ્રયત્ન કરવા માંડ્યા. એના આ જીવ પર આવીને કરેલા પ્રયત્નથી એના નખ, ચાંચ તથા પાંખ લોહીલુહાણ થઈ ગયાં તો પણ એના ધમપછાડા ચાલુ જ રહ્યા.

"તેં આ શું ધંધો માંડ્યો છે?" ગરુડ પક્ષીને ઉદ્દેશીને પોપટે કહ્યું.

"મારું સ્વાતંત્ર્ય મેળવવા હું પ્રયત્નો કરું છું." ગરુડ પક્ષીએ ઉત્તર આપ્યો.

"પરંતુ, આમ પ્રયત્ન કરવામાં ને કરવામાં તું મરી જઈશ તો?" પોપટે કહ્યું, "જીવતા રહીએ તો સ્વાતંત્ર્યનો કંઈ ઉપયોગ છે."

"સ્વાતંત્ર્ય એ જ મારું જીવન છે." ગરુડ પક્ષી બોલ્યું.

"છિ! છિ! તને તો કંઈ ગમ નથી." પોપટે કહ્યું, "હું પણ છેલ્લાં દશ વર્ષથી સ્વાતંત્ર્યપ્રાપ્તિ સારુ પ્રયત્ન કરતો આવ્યો છું. ખાવાપીવાનું પત્યું કે દરરોજ હું

નિયમિતપણે પાંચદશ મિનિટ, જ્યાં લગી મારી ચાંચ ન દુખવા આવે ત્યાં લગી, સળિયા વાંકા વાળવાના પ્રયત્ન કરું છું."

"જા, તારી ભાષા તો મને કંઈ નથી સમજાતી!" આમ કહીને ગરુડ પક્ષી પોતાની સઘળી શક્તિ સાથે સળિયા તોડવાના કાર્યમાં મચી પડ્યું.

આમ કરવાથી ગરુડ પક્ષીની ચાંચમાંથી લોહીની ધારા વહેવા માંડી એ ખરું, પરંતુ પિંજરાના સળિયા કટ કરતાક તૂટી ગયા. ને એ પોતાની જખમી ચાંચ અને પાંખ સાથે આકાશમાં ઊંચે ઊડી ગયું.

ગરુડ પક્ષીના પિંજરાની અંદર આમતેમ પડેલા લોહીના ડાઘા જોઈ ને પોપટ તો હેબતાઈ ગયો. સ્વગત બોલ્યો:

"ના, બાપ! આ તો ખોટું કહેવાય. સળિયા તોડી પાડવાના વિચારમાં જ કંઈ ભૂલ રહેલી લાગે છે. આટલા દિવસ સળિયા તોડી પાડવાનો જે થોડોઘણો પ્રયત્ન પણ હું કરતો હતો તે પણ હવે મારે છોડી દેવો જોઈએ."

ડાહ્યો

મૃત્યુલોક છોડીને ગયેલા બે જણા—એક ડાહ્યો ને એક ગાંડો—સ્વર્ગનાં દ્વાર ઉઘડવાની રાહ જોતા ઊભા હતા.

સ્વર્ગનાં દ્વાર ઉઘાડનાર દેવદૂત આવ્યો કે તરત જ બંને જણ પોતપોતાની કેફિયત કહેવા લાગ્યા.

બહુ ડહાપણને કારણે ડાહ્યાની આંખો તેજસ્વી હતી, દેહ પર કાંતિ હતી, ને બાંધો મજબૂત હતો.

ગાંડાની આંખો અંદર પેસી ગઈ હતી, દેહ વળી ગયો હતો, ને દેહના

અવયવો પણ વાંકાચૂંકા થઈ ગયા હતા.

ડાહ્યો અભિમાનથી કહેવા લાગ્યો:

"આંખને ત્રાસ ન થાય એટલા સારુ વચમાં કાળો કાચ રાખીને જ મેં સૂર્ય સામું જોયું છે, બહુ ગરમ નહિ ને બહુ ઠંડા નહિ એવા કોકરવરણા પાણીથી જ મેં સ્નાન કર્યું છે, કર્કશ અવાજ મેં કાને ધર્યો નથી, દુર્ગંધને નાકમાં પેસવા દીધી નથી, બહુ ઊંચે હું ચડ્યો નથી, તેમ જ બહુ દૂર કદી ગયો નથી."

ગાંડો બોલ્યો:

"ગાંડો કોઈ દિવસ આવું કરે જ નહિ. 'ગાંડા, આવું ન કરીએ' એવું આખું જગત મને કહેતું હતું, છતાં હું સૂર્ય સામે ઉઘાડી આંખે જોઈ રહેતા

મથતો. પ્રકાશના સર્વ પ્રકાર પીછાણ્યા વગર મારાથી રહી શકાતું નહિ.

અગ્નિની લાલપીળી જ્વાળામાં હાથ નાખવાથી શું થાય એ જાણવાનો પ્રયત્ન કરવામાં મેં મારો હાથ બાળ્યો છે. ઊંચા ઊંચા પહાડો ચડવામાં મારા પગે ગોટલા બાઝ્યા છે, ને અફાટ સમુદ્ર તથા દૂર દૂરની ક્ષિતિજ ઓળંગવાનો મારો મોહ કદી ગયો નથી."

ડાહ્યો બોલ્યો:

"આવું ગાંડપણ મેં કદી પણ કર્યું નથી. મારા સામું જુઓ, ને એના સામું જુઓ."

ઉભયનું કહેવું શાંતિથી સાંભળીને દેવદૂત બોલ્યો:

"હું તો માત્ર તમારા આત્માઓને જોઈશ, ને પછી જ તમને અંદર લઈશ."

આમ બોલીને તરત જ એણે ડાહ્યાના હૃદયમાં હાથ નાંખ્યો, ને અંદરથી એક પથરો બહાર કાઢ્યો.

"જો આ તારો આત્મા!" દેવદૂતે કહ્યું.

પછી એણે ગાંડાના હૃદયમાં હાથ ખોસ્યો તો એમાંથી લક્ષ કિરણો ફેંકતો એક હીરો નીકળી આવ્યો.

"જો આ તારો આત્મા!" આમ કહીને એણે દ્વાર ઉઘાડ્યું, ને ગાંડાને અંદર લઈને દ્વારને ધડાધડ બંધ કરી દીધું.—

સત્યની છાયા

જ્યારે ને ત્યારે પોતાની પાછળ પાછળ આવનાર અસત્ય ઉપર સત્યને ભારે ચીડ ચડી. અસત્યને છણકો કરીને કહ્યું :

"તારું આ પાછળ પાછળ પડવાનું મને મુદ્દલ ગમતું નથી, હા! જોજે એક દિવસ તારો હું કાયમનો નિકાલ ન આણી દઉં તો!"

"એ શક્ય જ નથી," અસત્યે લાગલો જ જવાબ વાળ્યો, "મારો નિકાલ કરવામાં તું તારો જ નિકાલ કરવાનું છે."

"એટલે તું શું કહેવા માગે છે?" સત્યે પૂછયું

"પોતાની છાયાંનો તો કદી કોઈ નિકાલ-વિનાશ-આણી શકયું છે? કેવી મૂર્ખા જેવી વાત તું કરે છે?" અસત્યે કહ્યું.

સૌજન્ય

સામેથી સિંહની સવારી આવતી જોઈને ઘેટું ગભરાઈ ગયું, ને માર્ગની એક બાજૂ થરથર કંપતું ઊભું રહ્યું.

"ગભરાઈશ નહિ હોં, ઘેટા. મારે તો બાજૂને રસ્તે જવું છે. તું તારે સહીસલામત-પણે જ્યાં જવું હોય ત્યાં જા." આમ કહીને સિંહ તો ડોલતો ડોલતો પોતાને માર્ગે ચાલ્યો ગયો.

"વનરાજની આ કેવી વડાઈ કહેવાય!" કૃતજ્ઞ ઘેટું મનમાં બોલ્યું, "નહિતર, કોઈ કંઈ ઘેટા સારુ બીજે માર્ગે પળે ખરું?"

ફરીથી આવો જ પ્રસંગ ઊભો થયો.

ઘેટું રસ્તામાં હતું, ને સામેથી સિંહની સવારી આવતી હતી. તેને જોતાં જ તે ઊભું હતું ત્યાં જ ઊભું થઈ રહ્યું. પણ, એ ઊભું રહે ન રહે ત્યાં તો સિંહે એના પર છલંગ મારીને ઝડપી લીધું.

"મહારાજ, ગઈ વખતે તો,...." સિંહની દાઢ સુધી પહોંચેલા ઘેટાના મુખમાંથી શબ્દો માંડમાંડ સરી પડ્યા.

"ગઈ વેળાએ તો મને ભૂખ લાગેલી નહોતી." આમ બોલીને વનરાજે પોતાનું ભોજન પૂરું કર્યું.

કલાકાર

સર્વશ્રેષ્ઠ કલ્પના મને સ્ફુરી છે; ને, એ કલ્પનાને હું સર્વશ્રેષ્ઠ રંગો વ અને સર્વશ્રેષ્ઠ પીંછી વડે સર્વશ્રેષ્ઠ ફલક ઉપર ઉતારીશ, એવો નિશ્ચય એ તરુણ કલાકારે કર્યો.

ઉત્તમ બનાવટના ફલક સારુ એણે દુનિયાના ચારે ખૂણે નજર દોડાવી. વિવિ દેશના વિધવિધ કારીગરોના હસ્તે બનાવેલ ફલકો એણે તપાસી જોયા, ને એમાંથ સર્વશ્રેષ્ઠ ફલક એણે પોતાના કાર્ય સા પસંદ કર્યો. આમ કરવામાં એને સા વર્ષ લાગ્યાં.

આકાશના ભૂરા રંગને મળતો ભૂરો રંગ ન મળ્યો ત્યાં સુધી એ થંભ્યો. આવો રંગ મેળવવામાં એને બીજાં સાત વર્ષ લાગ્યાં.

સુવર્ણના પીળા રંગથી પણ વધુ મોહક પીળો રંગ મેળવવામાં, કાજળના કાળા રંગથી વધુ સારો કાળો રંગ મેળવવામાં તથા બરફના સફેદ રંગથી વધુ સારો સફેદ રંગ મેળવવામાં—એ પ્રત્યેક કાર્યમાં—એને સાત સાત વર્ષ લાગ્યાં.

પીંછાથી પણ વધુ મૃદુ પીંછી મેળવવામાં પણ એણે ઠીક ઠીક વર્ષો ગાળ્યાં.

સર્વ તૈયારી પૂરી કરવામાં એને પૂરાં પચાસ વર્ષની તપશ્ચર્યા કરવી પડી

પછી, એ આસન વાળીને, રંગની વાટકી લઈને, હાથમાં પીંછી ગ્રહીને, ફલક આગળ બેઠો.

એ પછી એણે ચિત્રકામ સારુ હાથ ઊંચક્યો. ત્યાં આ શું?

એ વનમાં ક્યારનો પ્રવેશી ચૂક્યો હતો. જરાથી જર્જરિત થયેલો એનો હસ્ત કંપવા લાગ્યો. ફલક ઉપર રંગ બરાબર બેઠતો ન હતો.

પછી તો એ ફલક સામું જોઈ રહ્યો ને ફલક એના સામું જોઈ રહ્યો.

શક્તિ

એક વાર કોઈ એક ગાઢ જંગલમાં કીડીઓનો એક હાર જમીન સરસી પસાર થતી હતી.

સામેથી ડોલતો ડોલતો એક હાથી આવ્યો, ને એ હાથીના પગ તળે સેંકડો કીડીઓ ચગદાઈને મરી ગઈ.

ઉગરી ગયેલી કીડીઓમાં સંતાપ પેઠો. દરમાં બધી ભેગી થઈ ને હાથીની સાન કેમ ઠેકાણે આણવી એનો વિચાર કરવા લાગી. તેઓ બધી હાથી પરના ગુસ્સામાં લાલઘૂમ થઈ ગઈ હતી.

સૌ એક અવાજે બોલી ઊઠી: "આપણે કરોડો છીએ, ને હાથી એક છે. તેના માર્ગમાં આપણે ભેગી થઈને મોટો ઢગલો રચીએ. જોઈએ, પછી તે કેમ પસાર થાય છે!"

એક શાણી કીડી વચમાં કંઈક બોલવા ગઈ પણ એનો અવાજ ટોળા આગળ ક્યાં ય દબાઈ ગયો. કોઈએ એને પૂરી બોલવા પણ દીધી નહિ.

એ જ રાત્રિએ આખા જંગલની કીડીઓની હારોની હારો તે જવાના માર્ગમાં ચારે બાજૂથી ઠલવાવા માંડી.

કરોડો કીડીઓએ એ સ્થાને હાથીથી પણ ન ઓળંગાય એવો મોટો ઢગલો

એક પર બીજી, એમ ચડી ચડીને રચ્યો. જાણે મોટો ડુંગર!

પ્રભાત થતાં હાથીની સવારી પોતાના નિત્યના માર્ગે હંમેશની જેમ ડોલતી ડોલતી આવી પહોંચી. હાથીએ પોતાની સન્મુખ માર્ગમાં ઊભેલો લાલ ડુંગર જોયો, ને એક પળ માટે એ થંભી ગયો.

પછી એણે સૂંઢ વડે શ્વાસના બેત્રણ ફૂંફાડા માર્યા ન માર્યા ત્યાં તો સારો ય ઢગલો સળવળ સળવળ થવા લાગ્યો.

હાથીએ જોયું કે આ તો મામૂલી કીડીઓનો રાફડો છે! એટલે એણે કીડીઓના એ નાનકડા ડુંગર પર પગ મૂકી ઝૂલતાં ઝૂલતાં આગળ ચાલવા માંડ્યું.

લાખ્ખો કીડીઓના પ્રાણ ઊડી ગયા.

ઉગરેલી કીડીઓ જેમ તેમ કરી, દબાતી ચંપાતી, પોતાનાં દરમાં પાછી ફરી. પેલી શાણી કીડી પણ આમાં બચવા પામી હતી.

શાણી કીડીએ કહ્યું, "તમને બધીઓને હું નહોતી કહેતી કે–"

"શું ?"

"હું કહેતા'તી કે," શાણી કીડીએ બોલવા માંડયું, "હાથીને મારવા માટે હાથી જેવું જ મોટું હથિયાર શા સારૂ જોઈએ ? એ કરતાં તો હાથી ન જાણે તેમ એના દેહ પર તમારામાંની હજાર–પાંચસો ચડી ગઈ હોત ને થોડીક એના કાનમાં, તો થોડીક એની સૂંઢમાં, એમ

એના નાજુક અવયવોમાં પેસી ગઈ હોત, ને અંદર જઈ ધમાચકડી મચાવી હોત તો એ જોતજોતામાં ઢગલો થઈ જમીન પર ન પડત? ને, એનો જીવ ક્યાંય ઊડી ન જાત ? કહો જોઈએ?"

"'લી, ખરું કહ્યું તેં!" બધી કીડીઓ એકસામટી બોલી ઊઠી.

શત્રુ

અવાજને થયું કે મારો કોઈ પણ શત્રુ હોય તે સ્તબ્ધતા છે. સ્તબ્ધતાને મારી નાંખવાના ભગીરથ પ્રયત્નો કરીને જ એ હેઠો બેઠો, ને પરિણામે પોતે જ સ્તબ્ધતામાં પરિવર્તન પામ્યો.

આકાશમાં સંચરતાં વાદળાં, જમીન પર વરસતાં વરસતાં મને કેવાં હસે છે, એવું સાગરના મનમાં આવ્યું. એટલે, કુપિત થઈ એણે પણ લીધું કે વાદળનું નિકંદન કાઢું તો જ મારું નામ સમુદ્ર. અને, પરિણામે એ ક્રોધથી ગરમ થઈ

૧૬૧

પોતે જ વરાળરૂપ બની ગયો, ને એમાંથી વાદળ બંધાયાં.

છાયાનો તિરસ્કાર કરતાં કરતાં પ્રકાશ એટલો બધો શ્યામ પડી ગયો કે એ પોતે જ છાયામાં પરિવર્તન પામ્યો.

ઉત્પાત

પરમેશ્વરે જ્યારે જગતનું નિર્માણ કર્યું ત્યારે માનવી પોતાની બંને આંખે સારી વસ્તુઓ જોતો, બંને કાને સારી વાતો સાંભળતો, તથા બંને હાથે સારાં કૃત્યો કરતો. એટલે, સેતાન સાવ કામ વગરનો—નવરો ધૂપ—બની ગયો.

એક દિવસે સંપૂર્ણ ઉજ્જવળ સ્વરૂપ ધારણ કરીને સેતાન માનવી પાસે ગયો, ને કહ્યું:

"તમે તે કેવા ગાંડા લોકો છો! શું એક આંખથી નથી દેખાતું, એક

કાનથી નથી સંભળાતું, ને એક હાથે કામ નથી થતું તે દેખવામાં બંને આંખનો, સાંભળવામાં બંને કાનનો, ને કામ કરવામાં બંને હાથનો ઉપયોગ કરો છો? એકે કામ સરતું હોય ત્યાં બંને વાપરવામાં મૂર્ખાઈ નથી?"

માનવીએ કાન પકડયો. કહ્યું: "ભાઈ, તારી વાત સાચી છે."

એ દિવસથી માનવી એક આંખે જોવા માંડ્યો, એક કાને સાંભળવા માંડ્યો, ને એક હાથે કામ કરવાનો પ્રયત્ન કરવા માંડ્યો.

એટલે થયું શું કે બીજા અંગનો કબજો સેવાને લીધો. પછી માનવી આંખે

સારાની સાથે નરસું પણ જોવા લાગ્યો, કાને સારાની સાથે ખોટું પણ સાંભળવા લાગ્યો, ને એને હાથે સુકૃત્યની સાથે દુષ્કૃત્ય પણ થવા લાગ્યાં.

અને પછી તો સારામાંથી નરસું અળગું કરવામાં તથા નરસામાંથી સારું તારવવામાં જ માનવીનો સારો જન્મારો પૂરો થવા લાગ્યો.

સૌન્દર્ય

એક મહાન કલાકારે મીણુની એક અપ્રતિમ પુતળી ઘડી.

જગતની તમામ રૂપગર્વિતા સ્ત્રીઓ એની સમક્ષ ઝાંખી પડી જાય એવી અસાધારણુ એ બની હતી.

કલાકાર એનું સૌંદર્ય પીતાં ધરાતો નહોતો. એના પર વારી જતાં એના મુખમાંથી ઉદ્ગાર સરી પડ્યા: "શું અદ્ભુત કામ થયું છે!"

આ અપ્રતિમ પુતળીની બોલબાલા દેશના ચારે ખૂણે ફરી વળી. છેવટે એની

બોલબાલા સાંભળીને દેશનો રાજા એને જોવા આવ્યો. એનું અનોખું સૌંદર્ય જોઈ ને તે ખૂબ હર્ષમાં આવી ગયો, ને કલાકારને આવી પુતળી ઘડવા સારૂ અભિનંદન આપ્યાં. પુતળીને નિહાળીને તે એટલો બધો આકર્ષિત થઈ ગયો કે એની આગળથી ખસવાનો એનો જીવ ચાલતો નહોતો. પણ, ઊઠ્યા વગર કંઈ ચાલે ? છેવટે એ જડવત્ ત્યાંથી ઊઠ્યો, ને જતાં જતાં કહેતો ગયો: "વારુ, હું કાલે ફરી આવીશ."

પુતળીના ચારે કોરથી થતાં વખાણથી કલાકારનો આનંદ માતો નહોતો. તેમાં રાજાના મુખેથી એની પ્રશંસા સાંભળીને એના આનંદનો સુમાર ન રહ્યો.

એ હર્ષઘેલો થઈ ગયો.

"હે પુતળી, ખરેખર કેટલી સુંદર છે તું!" પુતળીને ઉદ્દેશીને એ બોલ્યો.

ક્ષણેક્ષણે એ એને અધિક સુંદર લાગતી હતી. આનંદના અતિરેકમાં આવી જઈ એ એની વધુ નજીક સરક્યો. ને, છેવટે એને જોરથી ભેટયા વગર એ ન રહી શક્યો! પણ આમ કરવામાં એનો આનંદ શોકમાં ફેરવાઈ ગયો. કારણ, જોરથી એના પુતળીને ભેટવાના લીધે એના મીણમાં ચીરાડા પડ્યા, ને પરિણામે એ ભગ્ન દશામાં નીચે ઢળી પડી! સૌંદર્ય બધું ઢોળાઈ ગયું!

કલાકાર ભોંય પર માથું પછાડતો રડવા લાગ્યો. બીજે દિવસે રાજા આવ્યો. પુતળીની આવી દુર્દશા જોઈને એને ખૂબ ગુસ્સો આવ્યો.

ક્રોધપૂર્ણ સ્વરે એ બોલ્યો :

"કલાકાર, આ ભયંકર કૃત્ય કરનાર દુષ્ટનું નામ તું મને આપ. હું એને અબઘડી ફાંસીએ ચડાવવાનો હુકમ કરું છું!"

"નામવર, એ દુષ્ટ હું જ હોઉં તો?" કલાકાર રુદ્ધ સ્વરે બોલ્યો.

"તું?" રાજાએ ચકિત થઈ પૂછ્યું, "એટલે તું શું કરવા માગે છે?"

"નામવર, મારી કલાકૃતિ સાથે હું જ પ્રેમમાં પડ્યો હતો. પરિણામે એને જોરથી ભેટ્યા વગર મારાથી ન રહેવાયું, ને એની આ દશા થઈ!" કલાકારે જવાબ આપ્યો.

વાનર

વાનરરાજ્યમાં એક દિવસે મોટો ઊહાપોહ મચ્યો.

વાત એમ હતી કે એમનામાંના એક યુવાન વિચારકે પોતાની નવી શોધ જાહેર કરતાં કહ્યું કે વાનરોનો મૂળ પૂર્વજ માણસ છે.

આથી સારા ય વાનરસમાજમાં ખળભળાટ મચી ગયો.

વૃદ્ધ વાનર કહેવા લાગ્યા: "અરે, આ તે શું સાચું હોતું હશે! માણસ

અમારો પૂર્વજ! છટ્! એમને ન મળે પૂંછડી કે ન આવડે એમને એક ઝાડ પરથી બીજા ઝાડ પર ઠેકતાં! જીવનનો આનંદ લૂંટતા તો એમને આવડતો નથી! જીવે છે ત્યાં લગી મોટી મોટી વાતો કરે છે ને છેવટે મરી જાય છે!”

“બરોબર, બરોબર!” ચારે બાજૂથી વાનરોના સૂર પુરાવતા અવાજ આવ્યા. “માણસ આપણા પૂર્વજ હોય એ શક્ય જ નથી. કોઈ વાનરશ્રેષ્ઠ જ આપણા આદિ પુરુષ હોવા જોઈએ.”

તારક

આપણા જીવ એક બાજુ અવસ્થાના અનુભવતા હોય, ને બીજી બાજુ આકાશના તારકો, નીચે—સાગરના જળપટ પર—પટાપટ ગાંડાતુર થઈને ખરી પડતા હોય એ જોઈ મને તો નિશદિન નવાઈ લાગે છે.

એક રાત્રિએ હું સાગરતીરે ઊભા હતા, ને એક તારક નજીકના નીરમાં ખર્યો. ખરતાં ખરતાં એણે પોતાનું ખરી પડવા પાછળનું રહસ્ય મને કહ્યું :

" સાગરના જળમાં પડેલા મારા સુંદર પ્રતિબિંબને ચુંબન કરવા હું ધસમસીને નીચે ખરી પડ્યો."

દરજી

કપડાં સીવવામાં સારા ય દેશમાં એની નામના હતી. માપ તો એનું જ, એવું આખા દેશમાં બોલાતું. શું બદનનું કે શું હાથપગનું એ સર્વના બરાબર માપ લેવામાં કોઈ પણ દરજી એને પહોંચી શકે એમ હતું નહિ.

ઘરાકનું માપ તો એ જાતે જ લેતો. એમાં ઘરાકનું જરા યે ચાલે નહિ.

દૂર દેશના રાજાને પણ એને ત્યાં માપ દેવા જાતે આવવું પડતું.

પરંતુ, અફસોસની વાત એ હતી કે એનાં પોતાનાં વસ્ત્રોની સીલાઈ જોઈએ એટલી સારી નહોતી થતી. કારણ, પોતાનું માપ એ જાતે કેવી રીતે લઈ શકે? એનું માપ લેનાર એના સરખો બીજો નિપુણ ક્યાંથી લાવવો?

આ વાતનું દુઃખ એના મનમાં ઘર કરીને બેઠું.

છેવટે, કંટાળીને એણે વિચાર કર્યો કે બસ ગમે તેમ થાય, પરંતુ મારું માપ ગમે તેમ કરીને હું જાતે જ લઈશ.

આમ કૃતનિશ્ચયી બનીને પોતાના ગળાનું, હાથપગનું, છાતી વગેરેનું માપ તો એણે ગમે તેમ કરી લીધું, પણ પીઠનું માપ શી રીતે લેવાય?

પરંતુ આજ એ છેવટનો નિરધાર કરીને બેઠો હતો.

પીઠનું માપ લેવા એણે ગરદન પાછળ વાંકી વાળી, છતાં માપ બરાબર નહોતું લેવાતું, એટલે એ બેવડ વળી ગયો. હવે, એટલો બધો બેવડ વળી ગયો કે કટ કરતી એની કમર તૂટી ગઈ ને એના પ્રાણ ઊડી ગયા.

સમસ્યા

સૌથી વધુ દુઃખી પ્રાણી કયું ?

માછલી !

કારણ, દુઃખથકી એની આંખમાં જે આંસુ આવે છે તે જોનાર કોઈ નથી. એનાં આંસુ, પાણી ભેગું પાણી વહી જવાથી. બીજાની નજરે પડતાં નથી—આવું જાણી એને અધિક દુઃખ થાય છે.

સૌથી વધુ સુખી પ્રાણી કયું ?

પોપટ !

કારણ, પોતે શું બોલે છે એ. એ

પોતે સમજતો નથી, ને બીજાઓ એના બોલવાનો કોઈ ખાસ અર્થ કરતા નથી.

સૌથી વધુ પરોપકારી પ્રાણી કયું?

રેશમનો કીડો!

કારણ, જગતને પોતે કેવી મૂલ્યવાન વસ્તુ-રેશમ-આપે છે તેનો એને ખ્યાલ સરખો હોતો નથી.

વિરાટ ત્રાજવું

એક દિવસ બપોરે મારી આંખ અચાનક બીડાઈ ગઈ, ને હું દીવાસ્વપ્નમાં પડી ગયો. એ દીવાસ્વપ્નમાં એક વિરાટ સ્વરૂપ મારી નજરે પડ્યું. એના એક હાથમાં વિરાટ ત્રાજવું હતું.

પૃથ્વીના ગોળાનાં બે અડધિયાં કરી એ બે અડધિયાંનો આ વિરાટ ત્રાજવાનાં છાબડાં તરીકે ઉપયોગ કરાયો હતો.

વિરાટ સ્વરૂપનો છઠ્ઠો હાથ એક છાબડામાં કંઈક મૂકી બીજા છાબડામાં બીજું કંઈક મૂકતો હતો, ને હરવખતે ત્રાજવું સમતોલ રહેતું હતું.

"હું આ શું નિહાળું છું?!" મારાથી બોલી જવાયું.

"ભાઈ, આ તો બીજું કંઈ નથી. પણ એક છાબડામાં માનવીનાં સુકૃત્યો મુકાય છે ને બીજામાં એનાં દુષ્કૃત્યો!" ધીરગંભીર અવાજ પ્રત્યુત્તરરૂપે આવ્યો.

"પરંતુ, આનો કંઈ અર્થ?" મેં પૂછ્યું.

"આ મારો ખેલ છે." ઉત્તર આવ્યો.

ભયભીત થઈ મેં આંખો ઉઘાડી. સ્વગત બોલ્યો:

"અનાદિ કાળથી ચાલ્યા આવતા આ ખેલથી એકાદ દિવસ આને કંટાળો આવે તો!"

રખડતા રામ

રખડતા રામ

તેનો ભેટો મને રસ્તામાં થઈ ગયો. તેના શરીર પર એક અંગરખું હતું અને હાથમાં એક સોટી હતી. તેના ચહેરા પર વિષાદની છાયા હતી.

અમે બંનેએ અરસપરસ નમસ્કાર કર્યા. પછી મેં કહ્યું: "મારે ત્યાં આવી તમે મારું આતિથ્ય સ્વીકારો."

તેણે મારું આતિથ્ય સ્વીકાર્યું.

મારી પત્ની અને બાળકો ઘરના ઉંબર આગળ ઊભાં હતાં. તેમને જોઈ

રમખડતા રામના ચહેરા પર હાસ્ય ફરકી ગયું. અને તેનું આગમન ઘરમાં સર્વને ગમ્યું.

પછી અમે બધાં સાથે ભોજન કરવા બેઠાં. બધાં તેના આવવાથી ખુશ મિજાજમાં હતાં. તેના રમતિયાળ હાસ્ય પાછળ ઊંડી ભોળકતાનાં દર્શન થતાં હતાં.

ભોજન લીધા પછી અમે સગડી પાસે બેઠાં તે વખતે મેં તેની યાત્રા વિશે થોડા પ્રશ્નો કર્યાં.

તે રાતે અને તે પછીના દિવસે તેણે પોતાના ભ્રમણનો વિસ્તૃત વૃત્તાંત કહ્યો. તેણે પરિભ્રમણમાં ઘણી વિટંબણાઓ વેઠી હતી. તેને ઘણા કડવા અનુભવ થયા હતા. એથી તેની કથની તેના જીવનની તડકીછાંયડી હતી.

અને ત્રણ દિવસ પછી તે અમારે ત્યાંથી વિદાય થયો તે વખતે એકાદ મહેમાન અમારે ત્યાંથી વિદાય લે છે એવું અમને લાગ્યું નહિ, પણ અમારા પૈકીનો એકાદ જણ શહેર બહાર બગીચામાં ગયો હોય અને હજુ સુધી પાછો ફર્યો ન હોય, એવું અમને લાગ્યું.

બદલાયેલાં વસ્ત્ર

એક રમણીય સંધ્યાએ સાગરતટે સુંદરતા અને કુરૂપતા મળ્યાં. કુશળ સમાચારનો વિધિ પતાવી, વસ્ત્રો ઉતારી સ્નાન કરવા બંને સાગરજળમાં પડ્યાં.

થોડી વારમાં કુરૂપતા નાહીને કિનારે આવી અને સુંદરતાનાં વસ્ત્રો શરીર પર ધારણ કરીને ચાલી ગઈ.

પછી, સુંદરતા બહાર આવી; અને તેણે જોયું તો તેનાં વસ્ત્રો બદલાયાં હતાં. તેને નગ્નાવસ્થામાં શરમ આવતી હતી એથી નછૂટકે તેણે કુરૂપતાનાં વસ્ત્રો પહેરી લીધાં અને પોતાના રસ્તે પડી

અને ત્યારથી આજ સુધી સ્ત્રીપુરુષો કુરૂપતા અને સુંદરતાને સમજવાની ભૂલ કરી રહ્યાં છે.

છતાં, સુંદરતાના ચહેરાથી પરિચિત એવા થોડા લોકો તેના આ વેશપરિવર્તનમાં પણ તેને ઓળખી જાય છે.

અને થોડા એવા લોકો પણ છે, જેઓ કુરૂપતાને ઓળખે છે. અને તેમની નજર સમક્ષ તેનું સાચું સ્વરૂપ બુરખામાં છૂપું રહી શકતું નથી.

ગરુડ અને ચંડોલ

એક ઊંચા પર્વતની શિલા પર એક ચંડોલ અને ગરુડનો મેળાપ થયો. ચંડોલે કહ્યું: "નમસ્કાર, મહારાજ!"

અને ગરુડે તેના પ્રતિ ઘૃણાપૂર્વક નજર કરી ધીમેથી કહ્યું: "નમસ્કાર."

"આપ કુશળ તો છો ને?" ચંડોલે ક્ષેમકુશળ પૂછ્યા.

"હં" ગરુડ બોલ્યો: "હું કુશળ છું. પણ, તારે સમજવું જોઈએ કે હું પક્ષીઓનો રાજા છું, અને જ્યાં સુધી હું

પોતે જ વાતની શરૂઆત ન કરું ત્યાં સુધી કોઈએ મારી સાથે વાત કરવાની ધૃષ્ટતા કરવી ન જોઈએ."

ચંડોલે કહ્યું: "મારા ખ્યાલ મુજબ તો આપણે એક જ પરિવારનાં પ્રાણી છીએ."

"તને કયા મૂર્ખે કહ્યું કે તું અને હું એક જ પરિવારનાં છીએ." ગરૂડે આંખો તતડાવી તિરસ્કારપૂર્વક કહ્યું.

પછી ચંડોલ બોલ્યો: "આપને ખબર હશે જ કે હું પણ તમારી માફક ઊંચે ઊડી શકું છું. તદુપરાંત હું મારા મધુર ગીતથી જગતનું વાતાવરણ ઉલ્લાસમય બનાવી સર્વ કોનું મનોરંજન કરી શકું છું. ત્યારે આપ ન તો કોઈને

સુખ આપી શકો છો કે ન તો કોઈને આનંદ આપી શકો છો."

આ જવાબથી ગરુડે ક્રોધે ભરાઈ કહ્યું: "સુખ અને આનંદ! ઓ મૂર્ખ પ્રાણી, હું મારી ચાંચના એક જ પ્રહારથી તને હતું ન હતું કરી શકું એમ છું. તારી તે શી વિસાત? તું તો મારા એક પંખ બરાબર પણ નથી."

ચંડોલ ઊડીને ગરુડની પીઠ પર બેસી ગયો, અને તેની પાંખ પર ચાંચથી પ્રહાર કરવા લાગ્યો. આથી ગરુડ ત્રાસી ગયો, અને નાના પક્ષીથી છૂટવા માટે તે ઘણા વેગથી ખૂબ ઊંચે ઊડ્યો. પણ, તેનું કાંઈ ન ચાલ્યું હવે તે ક્ષુબ્ધ અને પોતાના દુર્ભાગ્યને શાપ આપતો પર્વતની શિલા પર પાછો ઊતર્યો.

તે જ પળે એક કાચબો ત્યાં આવી ચઢ્યો. તે આ તમાસો જોઈ હસી પડ્યો.

ગરુડે ઘૃણાપૂર્વક કાચબા તરફ જોઈ કહ્યું: "ઓ પૃથ્વી પર ધીરે ચાલનાર અકિંચન પ્રાણી, તું શું જોઈ હસે છે?"

અને કાચબાએ જવાબ આપ્યો: "હું, હું કેમ હસું છું? આ એક નાનુંશું પક્ષી તમને ઘોડો બનાવીને તમારી પીઠ પર બેઠું છે! પણ તે નાનું પક્ષી જ અધિક સુંદર છે."

અને ગરુડે કહ્યું: "જા, જા, તું તારું કામ કર. આ તો મારા ભાઈ ચંડોળ અને મારી વચ્ચેનો કૌટુંબિક સંબંધ છે; તારે તેની સાથે શી નિસ્બત!"

પ્રણયગીત

એક કવિએ એક સુંદર પ્રણયગીત રચ્યું, અને તેની ઘણી નકલો તૈયાર કરી તેના પ્રશંસક મિત્રો ઉપર મોકલાવી. એ પ્રશંસક મિત્રોમાં એક નવયુવતી હતી. પર્વતમાળાની પેલી પાર એ રહેતી હતી, અને એક જ વાર તેને કવિ સાથે મુલાકાત થઈ હતી.

અને એકાદબે દિવસમાં એ યુવતી તરફથી પત્ર લઈ એક કાસદ આવ્યો. પત્રમાં એણે લખ્યું હતું: તમારા પ્રણયગીતે મારી પ્રણયવીણાને જગાડી છે. એ ગીત અદૃષ્ટ રીતે પણ મને ઉદ્દેશીને લખાયું છે. કોઈ

આંતર બળ આપણાં હૃદયોને સાંધી રહ્યું છે. હું ઇચ્છું છું કે આપણાં બંનેના અરસપરસનાં પ્રેમજાગૃત હૃદયોને લગ્નગ્રંથિથી સાંધવા, બનતી ત્વરાએ તમે આવો. મારા માતાપિતાને મળીને આપણાં સગપણનું નક્કી કરો.

અને પત્રના જવાબમાં કવિએ તેને લખ્યું: "હે સ્નેહલતા, કવિનું ગીત એ કોઈના યે તરફ તાકેલું બાણ હોતું નથી."

અને તેણે કવિને પુનઃ લખ્યું: "કવિ એટલે શબ્દોની જાળ પાથરનાર એક પાખંડી! કાવ્યના પાખંડથી મારા જેવી અનેક યુવતીઓએ ભવ્યું જોઈશે."

હાસ્ય અને આંસુ

નાઈલ નદીના કિનારે, સંધ્યાટાણે એક તરસ અને એક મગરીનો મેળાપ થયો. તેઓ બંને ઊભાં રહ્યાં અને અરસપરસ નમસ્કાર કર્યાં.

તરસે કહ્યું: "કહો, છો તો મઝામાં ને?"

અને મગરીએ જવાબ આપ્યો: "બાપુસા'બ! મારી મઝા તો સોંસરી નીકળે છે. જ્યારે વેદના અને શોકથી વ્યાકુળ થઈ હું અશ્રુ સારું છું ત્યારે બધાં માણસો બોલી ઊઠે છે: 'એ તો મગરનાં આંસુ છે!' તેઓના આ શબ્દો

મારા હૃદયમાં કેટલો આઘાત પહોંચાડે છે તે તમને કેવી રીતે બતાવું?"

એટલે તરસ બોલ્યો: "તમે તમારી જ વેદના અને દુઃખ ગાઓ છો. એકાદ પળ મારો તો વિચાર કરો. સૃષ્ટિસૌંદર્ય, તેનો ચમત્કાર અને વિચિત્રતાઓ હું અનિમેષ દૃષ્ટિએ જોયા કરું છું અને આનંદના અતિરેકથી દિવસ જેવું હાસ્ય હું હસું છું ત્યારે અરણ્યના લોકો કહે છે કે આ તો તરસનું અટ્ટહાસ્ય છે!"

અસભ્ય તરુણો

પાસેના ગામમાંથી એક ગ્રામકન્યા મેળામાં આવી હતી. તેના વદન પર ગુલાબ અને કુમુદ છાયાં હતાં. સૂર્યોદયના સોનેરી કિરણો તેના કેશકલાપ પર પથરાયા હતા. હોઠ પર ઉષાનું હાસ્ય વિલસતું હતું.

તે નવસૌંદર્યશાલિનીને જોતાં જ તરુણો વીંટળાઈ વળ્યા. કોઈ તેની સાથે નાચવા ઉત્સુક હતા, તો કોઈ તેના સન્માનમાં ભોજન આપવા આતુર હતા. તેઓ એના અરુણ કપોલ પર ચુંબન કરવા અધીરા બન્યા હતા. ખરેખર તે એક મેળો હતો.

આથી બિચારી છોકરી એકદમ ભોંઠી પડી ગઈ—હબકી ગઈ. તેને એ નવયુવકોનો વ્યવહાર ઘણો જ ખરાબ લાગ્યો. કેટલાકને તો તેણે બેચાર સુણાવી પણ દીધી; તો કેટલાકને થપ્પડ પણ લગાવી દીધી. અને જેમતેમ કરી ભાગી છૂટી.

અને તે દિવસે સાંજે ઘેર પાછા ફરતાં રસ્તામાં તે વિચાર કરતી હતી: "હું તો ખરેખર અકળાઈ ગઈ! કેટલા અસભ્ય અને જંગલી આ લોકો છે. તદ્દન અસહ્ય છે એમનો વ્યવહાર!"

એ મેળો અને એ નવયુવકો પર નિરંતર વિચાર કરવામાં એ મુગ્ધ યુવતીએ આખું વર્ષ વીતાવ્યું. બીજે વર્ષે ફરી તે મેળામાં ગઈ. આ વખતે પણ પહેલાંની

માફક તેના વદન પર ગુલાબ અને કુમુદ છાયાં હતાં. સૂર્યોદયના સોનેરી કિરણો તેના કેશકલાપ પર પથરાયાં હતાં. અને હોઠ પર ઉષાનું હાસ્ય વિલસી રહ્યું હતું.

પણ આ વખતે તરુણ મંડળીએ તેને જોતાં જ આંખો ફેરવી લીધી. તેના તરફ કોઈ ફરક્યું નહિ. આખો દિવસ તેણે એકલતામાં વીતાવવો પડયો.

અને તે દિવસે સંધ્યાસમયે ઘેર પાછાં ફરતાં તે પોતાના હૃદયમાં આક્રંદ કરતી હતી: "ઘણું જ ખરાબ! કેવા અસભ્ય અને જંગલી આ તરુણ છે! તદ્દન અસહ્ય છે તેમનો વ્યવહાર!"

બે રાણીઓ

શાવાર્કીજ નગરમાં એક રાજા રહેતો હતો. તેણે બધાનો પ્રેમ સંપાદન કર્યો હતો. સ્ત્રીઓ અને પુરુષો, વૃદ્ધો અને બાળકો તેને ચાહતાં હતાં, એટલું જ નહિ પણ વનનાં પશુપંખીઓ સુદ્ધાં તેના પ્રત્યે સન્માનની લાગણી ધરાવતાં હતાં.

પરંતુ બધા લોકો કહેતા હતા કે રાણીને રાજા પર પ્રેમ નથી, પણ તેના પ્રત્યે ઘૃણા છે.

એક દિવસે પાસેના નગરમાંની એક રાણી શાવાકીજની રાણીને મળવા આવી.

તેઓ નજીક બેસી વાર્તાલાપ કરતા હતા. વાર્તાલાપમાં બંનેના પતિઓનો ચર્ચાનો વિષય છેડાયો.

અને શાવાકીઝની રાણીએ ક્ષુબ્ધ મને કહ્યું: "તમારાં લગ્ન થયે આજે કેટલાંય વર્ષો થયાં; છતાં, તમારું દાંપત્યજીવન કેટલું સુખમય છે! મને તો તમારી ઇર્ષ્યા આવે છે. હું જ એક માત્ર અભાગિણી છું. હું મારા પતિને ઘૃણાની નજરે જોઉં છું. આ આખા નગરમાં હું એકલી જ તેમને ચાહતી નથી."

આથી મળવા આવેલી રાણીએ તેની આંખમાં આંખ પરોવી કહ્યું: "પ્રિય સખી, ખરી વાત તો એ છે કે તું ખરેખર તારા પતિને ચાહે છે. તારા પ્રિયતમ માટે

તારો અનુરાગ હજુ સુરક્ષિત છે; બગીચાનું સાફલ્ય વસંતમાં છે તેમ સ્ત્રીનું સાફલ્ય સ્ત્રીના જીવનના અનુરાગમાં છે. પણ, મારી અને મારા પતિની સ્થિતિ અનુકંપનીય છે. કારણકે અમે બંને એકબીજાને જેમ તેમ કરીને નભાવે જઈએ છીએ. અને તું તેમ જ અન્ય લોકો આનંદ જ સુખ સમજી રહ્યાં છો."

વજ્રપાત

આંધીનું તોફાન સખત હતું. એક પાદરી દેવળમાં બેઠો હતો. તેની પાસે એક સ્ત્રી આવી. તેણે પાદરી સામે ઊભીને પૂછ્યું: "હું ખ્રિસ્તી નથી. નરકની જ્વાળામાંથી બચવાનો કોઈ ઉપાય મારા માટે છે?"

પાદરીએ સ્ત્રી તરફ જોઈ કહ્યું: "ના, જેઓ વિધિપૂર્વક ખ્રિસ્તિ થયા છે તેમને માટે જ મુક્તિ છે."

અને આ શબ્દો પૂરા થયા ન થયા ત્યાં તો અચાનક એક ભયંકર ગર્જના

૧૮૧

અને દેવળ પર આકાશમાંથી વજ્ર તૂટી પડ્યું, અને ત્યાં આગની જ્વાળાઓ સળગી ઊઠી.

અને આગ બુઝવવા નગરજનો દોડતાં આવી પહોંચ્યાં. તેઓ તે સ્ત્રીને બચાવી શક્યાં પરંતુ બચાવી શકાય તે પહેલાં જ પાદરી તો અગ્નિશરણ થઈ ચૂક્યો હતો.

તપસ્વી

એક સમયે એક હરિયાળી ગિરિકંદરામાં એક તપસ્વી રહેતો હતો. તેનો આત્મા શુદ્ધ અને હૃદય નિર્મળ હતું. આશ્રમના આંગણામાં, એની કથાવાર્તા સાંભળવા વનનાં પશુપક્ષીઓ દર સાંજે એકઠાં થતાં. તેઓ મોડા સુધી કથા સાંભળતા અને મોડી રાતે તપસ્વીના આશિર્વાદ પામી વીખરાઈ જતાં.

એક સાંજે તપસ્વી પ્રેમનો ઉપદેશ આપતો હતો. તે પ્રસંગે વચમાં એક ચિત્તાએ ડોકું ઊંચું કરી પૂછ્યું: "મહારાજ, આપ અમને પ્રેમ અને હાસ્ય જીવનનાં

ઉપદેશ આપો છો. પણ આ ધન્ય પ્રેમનો સાક્ષાત્કાર આપે ક્યાં અને ક્યારે કર્યો? પ્રેમનો અમૃતરસ પાનારા આપની પ્રેયસી કોણ છે?"

અને તપસ્વીએ જવાબ આપ્યો: "તપસ્વીને કોઈ પ્રેયસી હોઈ શકે નહિ. મારે પણ એવી કોઈ પ્રેયસી નથી."

જવાબ સાંભળતાં પશુપક્ષીઓમાં આશ્ચર્યનું વાતાવરણ ફેલાઈ ગયું. તેઓ એકબીજાને કહેવા લાગ્યા: "બંધુઓ, જ્યાં મહાત્માને પ્રેમ અને દાંપત્ય જીવનનો પ્રત્યક્ષ અનુભવ નથી, ત્યાં એ આપણને તેનો સાચો ઉપદેશ ક્યાંથી આપી શકવાના છે?" અને ચૂપચાપ બધાં પશુપક્ષીઓ તિરસ્કારપૂર્વક ત્યાંથી ચાલી

નીકળ્યા, અને આશ્રમનું ચોગાન ખાલી થઈ ગયું.

અને આખી રાત તે નગરની ઉપર એક ઉચાટ રહ્યો.

નર્સ અને બાળક

એક દિવસ નર્સ શારિયાનો એક ઉદ્યાનમાં એક બાળક સાથે ભેટો થયો. બાળક દોડતો દોડતો તેની પાસે આવ્યો અને બોલ્યો: "નમસ્કાર, મહાશય." અને પ્રતિ નમસ્કાર કરી નર્સે કહ્યું: "અલ્યા, તું એકલો કેવી રીતે આવ્યો?"

લાગલો જ બાળક હસી પડ્યો અને આનંદિત વાણીમાં બોલ્યો: "મારી પરિચારિકાની નજર ચૂકવતાં મને ખૂબ સમય લાગ્યો. અને હજુ તે એમ જ સમજતી હશે કે તેની પાસેની ગાડી પાછળ હું ચુપચાપ બેઠો છું ત્યારે તો

જુઓ છે કે હું અહીં જ છું." પછી તે નળીના મોં સામે નજર કરી પુનઃ બોલ્યો: "તમે પણ એકલા જ છો. તમારી પરિચારિકા ક્યાં છે?"

નળીએ જવાબ આપ્યો: "અરે! આ એક નિરાળી વાત છે. પણ ખરું પૂછો તો હું તેનાથી જુદો જ પડી શકતો નથી; અને હજુ હમણાં જ્યારે હું ઉદ્યાનમાં આવ્યો ત્યારે મને ઉદ્યાનમાં શોધતી હતી."

આથી બાળક તાળીઓ પાડી બોલી ઊઠ્યો: "ત્યારે તો તમે પણ મારી માફક છૂ થઈ ગયા! છૂ થઈ જવું એ પણ એક આનંદની વાત છે, નહિ?—પણ તમે છો કોણ?"

અને નળીએ જવાબ આપ્યો:

"લોકો મને જ્ઞાની શારિયા કહે છે—પણ તું કોણ છે એ તો મને કહે?"

"હું એટલે 'હું,'" તે બાળક બોલ્યો: "મારી પરિચારિકા મને શોધી રહી છે અને એને ખબર પણ નહિ હોય કે હું ક્યાં છું."

આકાશ તરફ દૃષ્ટિ કરી નબી બોલ્યો: "હું પણ થોડા સમય પૂરતો મારી પરિચારિકાથી છૂટો પડ્યો છું. પણ અવશ્ય તે મને શોધી કાઢશે."

અને તે બાળક બોલ્યો: "મને પણ મારી પરિચારિકા જરૂર શોધી કાઢશે."

ત્યાં તો તે બાળકના નામની હાક પાડતો એક સ્ત્રીનો અવાજ સંભળાયો

"જુઓ," તે બાળક બોલ્યો: "મેં તમને નહોતું કહ્યું કે, તે મને શોધતી હશે.'"

અને તે જ પળે બીજી એક હાંક સંભળાઈ: "ક્યાં છે તું, શારિયા?"

અને વળી બોલ્યો: "જો, મારા બાળક, તેણે મને પણ શોધી કાઢ્યો."

અને પોતાનું મુખ ઊંચું કરીને શારિયાએ જવાબ આપ્યો: "હું અહીં છું."

મોતી

સમુદ્રમાંની એક છીપે પોતાની પડોશી છીપને કહ્યું: "મારા પેટમાં સખત પીડા થાય છે. પેટમાં કોઈ ભારે ગોળ વસ્તુ હોય તેમ મને લાગે છે. એથી મને ખૂબ અમૂઝણ થાય છે."

અને બીજી છીપે દંભી સ્વરે કહ્યું: "આકાશ અને સમુદ્રનો હું ઉપકાર માનું છું. અંદર તેમ જ બહારથી બધી રીતે હું નીરોગી અને પીડામુક્ત છું."

તે જ પળે ત્યાંથી એક કરચલો જતો હતો. આ બંનેની વાત સાંભળી તેણે

નીરોગી અને પીડામુક્ત હોવાની ડીંગ મારતી છીપને કહ્યું: "હા, તું નીરોગી અને પીડામુક્ત છે જરૂર. પણ તારી પાડોશણ જે પીડાનો ભાર સહન કરી રહી છે તે શું છે તેની તને ખબર છે? એ છે એક અસાધારણ સુંદર મોતી!"

શરીર અને આત્મા

એક પુરુષ અને એક સ્ત્રી ઝરૂખામાં બેઠાં વસંતઋતુનો આનંદ લૂંટી રહ્યાં હતાં. તેઓ એકબીજાને અડીને બેઠાં હતાં.

અને સ્ત્રી બોલી: "હું તને ચાહું છું. તું રૂપવાન છે, ધનવાન છે અને હરઘડી નવાં સુંદર વસ્ત્રો સજીને ફરે છે."

અને તે પુરુષ બોલ્યો: "મારો તારા પર પ્રેમ છે. તું મારી કલ્પના છે, હાથ અડતાં કરમાઈ જાય એવી કોમળ છે, અને મારાં સ્વપ્નોનું સુમધુર સંગીત છે."

પરંતુ તે સ્ત્રી ખીજાઈ તેનાથી આઘી

૧૯૨

સ્ત્રી બોલી: "માફ કરો મહાશય! હું કલ્પના નથી. હું તમારાં સ્વપ્નોનું સંગીત નથી. હું છું એક સ્ત્રી, અને તમારા પાસે એટલી જ આશા રાખું છું કે તમે મારો તમારી પત્ની અને તમારાં ભાવી બાળકોની માતા તરીકે સ્વીકાર કરો."

અને એ તે પુરુષે મનમાં કહ્યું: "ફરી બીજું એક સ્વપ્ન અંધકારમય થઈ ગયું."

અને તે સ્ત્રી બોલી: "સારું થયું, અને કલ્પના અને સ્વપ્ન માનનાર માણસનું શું ઠેકાણું?"

રાજા

સાદિક સામ્રાજ્યની પ્રજાએ બળવો પોકારી રાજાના મહેલને ઘેરી લીધો.

અને રાજા રાજમહેલની સીડીઓ ઊતરી નીચે આવ્યો. તેના એક હાથમાં રાજમુગટ ને બીજા હાથમાં રાજદંડ હતો. તેની તેજસ્વી મુખમુદ્રા જોઈ લોકો સ્તબ્ધ થઈ ગયા.

લોકોની સામે ઊભો રહી રાજા બોલ્યો: "મારા મિત્રો, આ પળથી આપણી વચ્ચેનો રાજાપ્રજાનો સંબંધ પૂરો થાય છે. આ રાજમુગટ અને રાજદંડ હું તમારા

હવાલે કરું છું. આજથી હું પણ તમારા જેવા જ એક સામાન્ય પ્રજાજન બનીને તમારી સાથે રહીશ. હું પણ એક માનવી છું, અને હાથ સાથે હાથ અને કદમ સાથે કદમ મિલાવી તમારી સાથે કામ કરીશ, જેથી આપણાં બધાંનું ભાગ્ય વધુ સારું બને. આપણને રાજાની શી જરૂર છે? ચાલો, આપણે બધાં મળીને આપણાં ખેતરોમાં અને દ્રાક્ષના મંડપોમાં કામ કરીએ. કયા ખેતર અગર કયા દ્રાક્ષમંડપમાં મારે કામ કરવાનું છે એ કહો."

આ સાંભળી બધાં સ્તબ્ધ થઈ થંભી ગયાં. જે રાજાને તેઓ પોતાના અસંતોષનું કારણ માનતા હતા તે રાજા આજે રાજમુગટ અને રાજદંડનો ત્યાગ કરી

તેમના જેવો એક સામાન્ય પ્રજાજન બન્યો હતો.

બધાં પોતપોતાનાં કામે ચાલ્યાં ગયાં. રાજા પણ એક મજૂર સાથે એક ખેતર તરફ ચાલ્યો ગયો.

આમ શાંતિપૂર્વક બધું થાળે પડી ગયું, પણ સાદિક સામ્રાજ્યની સ્થિતિ સુધરી નહિ. દેશમાં પ્રસરેલાં અસંતોષનાં વાદળ કાયમ રહ્યાં. ફરી લોકોએ રસ્તે અને મહોલ્લે પોકાર શરૂ કર્યો: "વગર રાજાએ કારભાર સારી રીતે ચલાવવા મુશ્કેલ છે. કારભાર સરસ રીતે ચલાવવા હોય તો રાજાની ખાસ આવશ્યકતા છે."

અને બધાં ભેગાં મળી જે ખેતરમાં રાજા કામ કરતો હતો ત્યાં આવ્યાં તેઓએ

તેને ફરી સિંહાસન પર બેસાડ્યો. તેના માથા પર મુગટ પહેરાવ્યો ને હાથમાં રાજદંડ આપ્યો. પછી લોકોએ બળ અને ન્યાયપૂર્વક પોતાના પર શાસન કરવા વિનંતી કરી.

અને રાજાએ કહ્યું: "હા, હું મારા શક્ય બળથી અને ન્યાયપૂર્વક શાસન કરીશ. મારી પ્રાર્થના છે કે સ્વર્ગ અને પૃથ્વીના દેવો ન્યાયપૂર્વક શાસન કરવાની યોગ્યતા મને બક્ષે!"

થોડા દિવસ પછી કેટલાંક સ્ત્રીપુરુષો એક જાગીરદારના ગેરવર્તાવની ફરિયાદ લઈ આવ્યાં. તેમના પ્રત્યેનો તેના વર્તાવ એક ગુલામ કરતાં વધુ સારો ન હતો.

રાજાએ તાબડતોબ તે જાગીરદારને બોલાવી મંગાવ્યો અને તેને કહ્યું: "પરમાત્માની ન્યાયતુલામાં હરેક માનવ-જીવનનું મૂલ્ય એકસરખું છે. તારાં ખેતરો અને દ્રાક્ષમંડપોમાં કામ કરતાં મજૂરોનાં જીવનનું મૂલ્ય તું જરા પણ સમજ્યો નથી. એથી તને દેશનિકાલ કરવામાં આવે છે."

બીજે દિવસે થોડા લોકો પહાડની પેલી તરફ રહેલી એક રાણીના અત્યાચારની ફરિયાદ લઈ આવ્યા. તુરત જ રાણીને બોલાવવામાં આવી. તેને દેશનિકાલની સજા ફરમાવતાં રાજાએ કહ્યું: "જેઓ આપણાં ખેતરો ખેડે છે અને દ્રાક્ષનાં મંડપોમાં કામ કરે છે તે આપણાં કરતાં વધુ આદરને યોગ્ય છે.

ખરેખર તેઓ ઠીક છે. કારણ કે આપણે તેમનું ઉગેલું અનાજ ખાઈએ છીએ અને તેમનો તૈયાર કરેલો મદિરા પીએ છીએ. આ સનાતન નિયમ તું સમજ્યો નથી. એથી તારે આ રાજ્યમાંથી ચાલ્યા જવું."

પછી વળી બીજાં સ્ત્રીપુરુષો આવ્યાં અને ફરિયાદ કરી: "ધર્માધ્યક્ષે અમારી પાસે દેવળ બંધાવવા માટે મોટા મોટા પથ્થર મંગાવ્યા છે અને ઘડાવ્યા છે. અમે આખો દિવસ ધોમ ધખતા તાપમાં કાળી મજૂરી કરી છે, પણ ધર્માધ્યક્ષે અમને કાંઈ જ મજૂરી આપી નથી. બધા જાણે છે કે ધર્માધ્યક્ષની તિજોરી સોનાચાંદીના સિક્કાઓથી ભરપૂર છે, અને જ્યારે અમે ભૂખથી વ્યાકુળ બની તરફડીએ છીએ."

રાજાએ ધર્માધ્યક્ષને બોલાવરાવ્યો. અને જેવો ધર્માધ્યક્ષ આવ્યો કે રાજાએ કહ્યું: "તેં હૃદય પર જે ક્રોસ ધારણ કર્યો છે, તે માનવમાં જીવન સિંચવાનું પ્રતિક છે. પરંતુ તેં તો તેમાંથી જીવનનું હરણ કર્યું છે, અને બદલામાં કાંઈ આપ્યું નથી. એથી આ રાજ્યનો ત્યાગ કરવો એ જ તારા માટે ઉચિત છે. મારું ફરમાન છે કે તારે આ રાજ્યમાં ફરીથી પગ ન મૂકવો."

આમ પંદર દિવસ સુધી દરરોજ સ્ત્રીપુરુષોએ આવીને રાજા સન્મુખ પોતાનાં દુ:ખો રોયાં. અને પંદર દિવસ સુધી કોઈ ને કોઈ અન્યાયીને દેશનિકાલની સજા ફરમાવવામાં આવી.

સાદિક રાજ્યનાં પ્રજાજનો આશ્ચર્ય

પામ્યાં. અને તેમનાં હૃદય આનંદથી ઉભરાઈ ગયાં.

અને ફરી એક દિવસે આબાલવૃદ્ધોએ આવીને રાજ્યપ્રસાદને ઘેરી લીધો, અને રાજાને હાજર થવા પોકાર કર્યા. રાજા એક હાથમાં રાજમુગટ અને બીજા હાથમાં રાજદંડ લઈ હાજર થયો.

તેણે લોકોને કહ્યું: "હવે તમે મારી પાસે બીજી શી આશા રાખો છો? જે વસ્તુઓ તમે મને ધારણ કરવા આપી હતી તે તમને પાછી સોંપું છું."

પણ લોકોએ કહ્યું: "તમે જ ખરેખર અમારા રાજા છો. તમે ઝેરીલા સર્પોથી આ રાજ્યને ભયમુક્ત કર્યું છે. આજે અમે તમારો આભાર માનવા આવ્યા છીએ.

આ રાજમુગટ તમારા મસ્તક પર અને રાજદંડ તમારા હાથમાં રહે એ જ ઉચિત છે."

આ સાંભળી રાજાએ કહ્યું: "છી: છી:! તમારો રાજા હું નથી. તમે જ તમારા રાજા છો. જ્યારે તમે જ પોતે મને અયોગ્ય અને નિર્બળ રાજ્યકર્તા સમજતા હતા ત્યારે ખરેખર તમે પોતે જ અયોગ્ય રાજકારભાર કરનારાં અને નિર્બળ હતાં. આજે દેશની આઝાદી છે તેનું કારણ તમારી જ દૃઢ ભાવના છે. હું તો તમ સર્વની ભાવનાઓનું પ્રતિક માત્ર છું. મારૂં અસ્તિત્વ કેવળ તમારાં કાર્યોમાં જ છે. જગતમાં શાસક નામની કોઈ વસ્તુ નથી, પણ પ્રજા જ પોતે પોતાનું શાસન કરે છે."

અને પોતાના મુગટ અને રાજદંડ સાથે રાજા પોતાના મહેલમાં પાછો ફર્યો. આબાલવૃદ્ધ પોતપોતાનાં રસ્તે ચાલ્યાં ગયાં. બધાંના ચહેરા પર સંતોષની આભા ચમકતી હતી.

એ બધાં એમ સમજતાં હતાં કે તેઓ પોતે જ રાજા છે, અને પોતાના એક હાથમાં રાજમુગટ છે અને બીજા હાથમાં રાજદંડ છે.

રેતી પર

એક માણસે બીજાને કહ્યું: "ઘણાં વખત પહેલાં સમુદ્રમાં ભરતી આવી હતી. તે વખતે મેં એક સળી વડે કિનારાની રેતી પર એક કડી લખી હતી. તે વાંચવા લોકો આજે પણ ઊભા રહે છે; અને તે ભુંસાઈ ન જાય તેની કાળજી રાખે છે."

અને બીજો બોલ્યો: "મેં પણ રેતી પર એક કડી લખી હતી, પણ તે વખતે ઓટ હતી. થોડા સમયમાં મહાસાગરની લહેરોએ તે ભૂંસી નાંખી. પણ મને કહો: તમે શું લખ્યું હતું?"

તેથી પહેલા માણસે જવાબ આપ્યો: "મેં તો લખ્યું હતું: જે સનાતન છે તે હું છું. પણ તમે શું લખ્યું હતું?" અને બીજાએ જવાબ આપ્યો: "મેં લખ્યું હતું: આ મહાસાગરનું હું માત્ર એક બુંદ છું."

ત્રણ ભેટ

કોઈ એક સમયે બોખારા નગરમાં એક શાણો રાજા થઈ ગયો. તેની સમસ્ત પ્રજા તેને ચાહતી હતી અને માન આપતી હતી.

પણ તે રાજાની નિંદાનું વિષવમન કરવામાં હરઘડી પ્રવૃત્ત રહેતો એવો એક અત્યંત ગરીબ ત્યાં રહેતો હતો.

આ બધું જાણવા છતાં રાજા શાંત રહેતો.

પણ છેવટે રાજાએ તેને માટે એક નિર્ણય કર્યો.

અને એક કડકડતી રાત્રે એક લોટની ગુણ, એક સાબુની થેલી અને એક ખાંડનું પડીકું સાથે લઈને રાજાનો નોકર તે મનુષ્યના બારણે ઉપસ્થિત થયો.

અને તેને કહ્યું: "સ્મૃતિચિહ્ન તરીકે રાજાએ આપને આ ભેટસોગાદ મોકલાવી છે."

'આ ભેટસોગાદ સારી યોગ્યતા જોઈને જ રાજાએ મોકલાવેલી હોવી જોઈએ' એવી કલ્પના કરી અહમૂથી તે ફુલાઈ ગયો. પોતાનો અહમ્ સંતોષવા તે ધર્માધ્યક્ષ પાસે ગયો અને રાજાએ કરેલા પોતાના સન્માનની વાત કરી અને કહ્યું: "મારી કૃપાની રાજા આશા રાખે છે એવું તને લાગતું નથી.?"

પણ ધર્માધ્યક્ષ બોલ્યો: "ખરેખર, રાજા કેટલો શાણો છે અને તું કેવો ગમાર છે! જરા વિચાર કરવાથી આનો લાક્ષણિક અર્થ સમજાશે. રોટ તારું ભૂખ્યું પેટ ભરવા માટે છે, સાબુ તારું દુર્ગંધયુક્ત શરીર ધોવા માટે છે અને ખાંડનું પડીકું તારી કડવી જીભ મીઠી બનાવવા માટે છે."

તે દિવસથી તે મનમાં ને મનમાં બળવા લાગ્યો. રાજાના કાર્યનો આવો અર્થ કરવા બદલ તે ધર્માધ્યક્ષનો અધિક દ્વેષ કરવા લાગ્યો.

પણ ત્યાર પછી માત્ર તેણે પોતાની જીભ પુનઃ ક્યાંય ઉઘાડી નહિ.

શાંતિ અને યુદ્ધ

ત્રણ કૂતરા રસ્તામાં બેસી વાતો કરતા હતા.

પહેલો કૂતરો સ્વપ્નમાં રાચતો હોય એમ બોલ્યો: "આપણો આ શ્વાનયુગમાં જન્મ થયો છે તે કેટલા ભાગ્યની વાત છે! ભલા, જરા વિચાર તો કર કે આ અદ્યતન કાળમાં આપણે કેટલી સહેલાઈથી સમુદ્રની મુસાફરી કરીએ છીએ, પૃથ્વી પર પર્યટન કરીએ છીએ, એટલું જ નહિ પણ આકાશની યાત્રા યે કરીએ છીએ અને આપણા આરામ માટે, અરે ત્યાં સુધી

કે આપણાં આંખ, કાન અને નાસિકાનાં સુખ માટે, કેવી કેવી શોધો થઈ છે!"

પછી બીજો કૂતરો બોલ્યો: "અરે! એટલું જ નહિ પણ કલામાંય આપણે ઘણા આગળ વધ્યા છીએ. ચંદ્રને જોઈ આપણે આપણા પૂર્વજો કરતાં વધુ કલાત્મક રીતે ભસીએ છીએ. અને પાણીમાં આપણે આપણું પ્રતિબિંબ જોઈએ છીએ તો આપણને આપણો ચહેરો ભૂતકાળ કરતાં વધુ સુડોળ દેખાય છે."

પછી ત્રીજા કૂતરાએ કહ્યું: "પણ, મને તો સર્વથી અધિક ચિત્તવેધક મનોહર વાત તો એ લાગે છે કે આ સંધ્યાના શાનયુગમાં કેવા શાંતિયુક્ત સ્નેહભાવ પ્રવર્તે છે!"

અને એ વખતે તેઓએ સામે જોયું તો કૂતરા પકડનારો ચાલ્યો આવે છે.

ત્રણે કૂતરા છલાંગ મારતા એક ગલીમાં ભાગ્યા, અને ભાગતાં ત્રીજો કૂતરો બોલ્યો: "ભાગો,! જીવ બચાવવો હોય તો ભાગો! સભ્યતા આપણી પાછળ પડી છે.!"

નર્તકી

એક વખત બિરકશાના રાજાના દરબારમાં પોતાની કલા બતાવવાના ઇરાદાથી એક નર્તકી મંડળી સાથે હાજર થઈ. રાજાની સન્મુખ તેણે વાંસળી, વીણા અને એકતારાના લય પર નૃત્ય કર્યાં.

અગ્નિનૃત્ય, ખડ્ગનૃત્ય અને ત્રિશૂલનૃત્ય તેણે કર્યાં. પછી નક્ષત્રનૃત્ય કર્યું અને છેવટે વાયુમાં ઊડતાં ફૂલોનું નૃત્ય કરી પોતાનો કાર્યક્રમ સમાપ્ત કર્યો.

ત્યાર પછી રાજસિંહાસનની સન્મુખ આવી તેણે રાજાને મુજરો કર્યો.

તેને પોતાની પાસે બોલાવી રાજાએ કહ્યું: "હે સુંદરી! રૂપ અને ઉલ્લાસની લાડિલી! તારી કલાનું ઉગમ શું છે? તાલ, લય અને સ્વરના પ્રત્યેક અંગ પર તેં કેવી રીતે અધિકાર મેળવ્યો છે?"

અને પુન: રાજાને મુજરો કરી નર્તકી બોલી: "હે શક્તિશાળી, પ્રજાવત્સલ મહારાજા! તમારા પ્રશ્નનો ઉત્તર હું જાણતી નથી. હું તો ફક્ત એટલું જ જાણું છું કે તત્ત્વજ્ઞાનીનો આત્મા તેના મસ્તકમાં વાસ કરે છે, કવિનો આત્મા તેના હૃદયમાં વાસ કરે છે, અને ગાયકનો આત્મા તેના ગળામાં વાસ કરે છે; પરંતુ નર્તકીનો આત્મા તેના પ્રત્યેક અંગમાં વાસ કરે છે."

બે સંરક્ષક દેવદૂત

એક સંધ્યાટાણે એક નગરના દ્વાર પર બે દેવદૂતોનો ભેટો થયો. પરસ્પર એકબીજાને નમન કર્યા પછી તેઓ વાતે ચઢ્યા.

એક દેવદૂત બોલ્યો: "તમે શું કરો છો.? અને, કયા કાર્ય પર તમારી નિમણૂંક કરવામાં આવી છે?"

આથી બીજાએ જવાબ આપ્યો: "અનંત ગર્તામાં ડૂબેલા અને ભ્રષ્ટ એવા એક પતિત મનુષ્ય પર પહેરો રાખવાનું કાર્ય મને સોંપવામાં આવ્યું છે. તે પેલી ખીણમાં રહે છે. ભાઈ, હું તને ખાત્રીપૂર્વક

કહું છું કે આ મહત્ત્વનું કામ છે, અને તે કામ માટે મારે સખત જહેમત ઉઠાવવી પડે છે."

પહેલો દેવદૂત બોલ્યો: "ઊહ! આ તો એક સાધારણ કામ છે. ઘણા પાપીઓ સાથે મારે પ્રસંગ પડ્યો છે. અરે, એકાદ પર પહેરો પણ કર્યો છે. અત્યારે મને લતાકુંજમાં રહેતા એક પવિત્ર મહાત્મા પર પહેરાનું કામ સોંપવામાં આવ્યું છે. હું તમને ખાત્રીપૂર્વક કહું છું કે આ કામ ભયંકર, કઠીન અને અત્યંત નાજુક છે."

આથી બીજો દૂત બોલ્યો: "તમે ખરેખર અહંભાવી છો. પાપાત્માઓ પરનો પહેરો ધર્માત્મા પરના પહેરા કરતાં અધિક કઠીન કેવી રીતે હોઈ શકે?"

પહેલાએ ઉત્તર આપ્યો: "આટલી બધી તમારી હિંમત? તમે મને અહંભાવી કહો છો? મારું કથન સોળે સોળે આના ખરું છે. મને તો લાગે છે કે તમે પોતે જ અહંભાવી છો."

અને તે બંને 'તું' 'તાં' પર આવી ગયા. અને એમાંથી બથંબથ્થાં પર આવી ગયા.

તેમનું યુદ્ધ ચાલુ હતું તે દરમિયાન મુખ્ય દેવદૂત ત્યાંથી નીકળ્યો. તેણે બંનેને લડતા અટકાવી કહ્યું: "અરે! તમે બંને કેમ લડો છો? પહેરેદાર દેવદૂતો આમ અંદરો અંદર લડે એ કેટલી શરમની વાત છે! એટલું તમને ભાન નથી. તમારા ઝગડાનું કારણ મને કહો."

બંનેએ એકસાથે જવાબ આપ્યો. પોતાને સોંપાયેલું કામ અધિક કઠિન છે

અને ગૌરવને યોગ્ય છે એવો દરેકનો દાવો હતો.

મુખ્ય દેવદૂત માથું હલાવી મનમાં વિચાર કરી બોલ્યો: "મારા મિત્રો, તમારા બેમાંથી કોણ સન્માન અને પુરસ્કારને અધિક યોગ્ય છે તે હું અત્યારે કહેતો નથી. પણ હું તમને એટલું જ કહું છું કે તમે બંને એકબીજાનું કાર્ય સરળ કરી રહ્યા છો. એથી શાંતિ અને સુરક્ષાના હેતુથી હું મારા અધિકારની રૂએ તમને એકબીજાનું કાર્ય બદલવાની આજ્ઞા કરું છું. જાઓ, ખુશી ખુશી થઈ તમારા કાર્યમાં ગરકાવ થઈ જાવ."

આજ્ઞા મેળવી બંને દેવદૂતો પોતપોતાના માર્ગે ચાલતા થયા. પણ

અને જણા મોં ફેરવી મુખ્ય દેવદૂત તરફ રોષભરી નજરે જોતા મનમાં બબડતા હતા:

" ઊંહૂ! મોટો અમારો મુખ્ય દેવદૂત જોયો ન હોય તો! અમ દેવદૂતોના જીવન દિવસે દિવસે વધુ કઠિન કરી રહ્યો છે."

અને મુખ્ય દેવદૂત ત્યાં જ ઊભો ઊભો વિચાર કરતો હતો: " મારે જાગૃત રહેવાની ખાસ આવશ્યકતા છે. આ બંને દેવદૂતો પર વધુ બારીકાઈથી દૃષ્ટિ રાખવાની જરૂર છે."

પ્રતિમા

એક ડુંગરાળ મુલકમાં એક માણસ રહેતો હતો. તેની પાસે પ્રાચીન શિલ્પીએ ઘડેલી એક પ્રતિમા હતી. તે પ્રતિમા તેના ઘરના ઊમર આગળ પડી રહેતી હતી. તે માણસને તેની જરા પણ દરકાર ન હતી.

એક દિવસે કોઈ એક કલાનો જ્ઞાતા તેના આંગણા પાસેથી નીકળ્યો. પ્રતિમા જોઈ તેને તેના માલિકને પૂછ્યું: "કહે, આ તારે વેચવી છે?"

પ્રતિમાનો માલિક હસીને બોલ્યો: "ભાઈ, આ બેડોળ અને મલિન પથ્થર તમારે ખરીદવો છે?"

આગંતુકે કહ્યું: "લો, હું તમને આના બદલામાં આ એક ચાંદીનો સિક્કો આપું છું."

તે પહાડી માણસ નવાઈ પામ્યો, ને ચાંદીનો સિક્કો મળવાથી ઘણો ખુશી થયો.

તે પ્રતિમા એક હાથી પર લાદીને શહેરમાં મોકલવામાં આવી.

કેટલાય માસ વીતી ગયા. એક દિવસ તે પહાડી માણસને કંઈ કામ અંગે શહેરમાં જવું પડ્યું. ત્યાં રસ્તામાં તેણે એક દુકાન સામે એક લોકોનું ટોળું ઊભેલું જોયું. એક માણસ મોટેથી બોલતો હતો: "આવો, જગતની અનુપમ અને સુંદરતમ પ્રતિમા નિહાળો. પ્રવેશ ફી ફક્ત ચાંદીના બે જ સિક્કા."

પહાડી માણુસે બે ચાંદીના સિક્કા આપ્યા અને પોતે જે એક રૂપિયામાં પ્રતિમા વેચી હતી તે જોવા દુકાનમાં ગયો.

વિનિમય

એક વખત એક કેડી પર એક દરિદ્ર કવિ અને એક મૂર્ખ ધનિકનો ભેટો થયો. એ બંને વચ્ચે ખૂબ વાતો થઈ. તેમની બધી વાતોમાંથી કેવળ તેમનો અસંતોષ જ પ્રગટ થતો હતો.

દરમિયાન પાસેથી એક પવિત્ર દિલનો પુરુષ જતો હતો; તેણે તે બંનેના ખભા પર પોતાના હાથ મૂક્યા; અને ચમત્કાર! ઉભયના ગુણઅવગુણ એક બીજામાં સંક્રાંત થઈ ગયા!

પછી બંને વિદાય થયા. કવિએ

આંખો ખોલી જોયું તો તેણે પોતાના હાથમાંથી સરકતી રેતી સિવાય બીજું કાંઈ દેખાયું નહિ. અને, જ્યારે મૂર્ખાએ પોતાની આંખો બંધ કરી ત્યારે તેને પોતાના હૃદયમાં ઘૂમતાં વાદળા સિવાય બીજું કાંઈ નજરે પડયું નહિ.

પ્રેમ અને ઘૃણા

એક સ્ત્રીએ એક પુરુષને કહ્યું: "હું તને ચાહું છું." અને તે પુરુષે કહ્યું: "તારા પ્રેમનો અધિકારી બનવાની મારી આંતરિક ઇચ્છા છે."

એથી સ્ત્રીએ પૂછ્યું: "તું મને ચાહતો નથી?"

એથી પુરુષ તેના તરફ એકીટશે જોઈ રહ્યો અને સ્તબ્ધ બેસી રહ્યો.

એટલે સ્ત્રી બૂમ પાડી બોલી ઊઠી: "હું તારો તિરસ્કાર કરું છું." આથી તે પુરુષે કહ્યું: "ત્યારે તો તિરસ્કારને પાત્ર થવાની મારી આંતરિક અભિલાષા છે."

સ્વપ્ન

એક માણસને એક સ્વપ્ન આવ્યું. જાગ્યા પછી તે એક જોશી પાસે ગયો, અને તેને પોતાના સ્વપ્નનો અર્થ કહેવાની વિનંતી કરી.

અને તે ભવિષ્યવેત્તાએ કહ્યું: "તમે તમારા જાગૃતિકાળના સ્વપ્નોની વાત કરો તો તેનો અર્થ હું તમને કહી બતાવું. પણ નિદ્રાકાળના સ્વપ્નો સુધી ન તો મારું જ્ઞાન પહોંચી શકે એમ છે, કે ન તો તમારી કલ્પનાશક્તિ પહોંચી શકે એમ છે."

પાગલ

એક પાગલખાનાના બગીચામાં એક યુવકને હું મળ્યો. તેનો ચહેરો નિસ્તેજ છતાં સુંદર હતો. તેના મુખ ઉપર આશ્ચર્યની રેખાઓ અંકાઈ હતી. તેના પ્રત્યે આકર્ષાઈ હું તેની સાથે બાંકડા પર બેઠો, અને કુતૂહલથી પ્રેરાઈ મેં તેને પૂછ્યું :

"તું અહીં કેમ કરતાં આવી ચઢ્યો?"

તેણે આશ્ચર્યભરી નજરે મારા તરફ જોઈ કહ્યું :

"આ તમારો પ્રશ્ન અયોગ્ય છે. છતાં, તેનો જવાબ આપું છું. મારા પિતા

અને કાકા મારામાં એમની પ્રતિમૂર્તિ જોવાની ધારણા રાખે છે. મારી માતા મને મારા માતામહ જેવો બનાવવાની આશા રાખે છે. મારી બેન મારી સન્મુખ પોતાના નાવિક પતિનો આદર્શ રજૂ કરે છે. અને મારા ભાઈની ધારણા મને પોતાના જેવા એક સરસ ખેલાડી બનાવવાની છે.

"અને તર્ક તથા મીમાંસાશાસ્ત્રના મારા ન્યાયાચાર્ય મારામાં દર્પણની માફક એમનું પ્રતિબિંબ જોવાની અભિલાષા સેવે છે.

એ વમળમાંથી છૂટવા જ હું અહીં આવ્યો છું, બધી તરફથી વેરવિખેર થતું મારું વ્યક્તિત્વ અહીં બરાબર સાચવી શકું છું.

એના મુખ ઉપર સંતોષની એકાદ લહરી ફરકીને ચાલી ગઈ.

પરંતુ તરત જ એણે મારી આંખમાં આંખ પરોવી પૂછ્યું: "પણ, આપ અહીં કયા હેતુથી પધાર્યા છો તે જણાવશો?"

મેં જવાબ આપ્યો: "હું તો અહીં માત્ર એક નિરીક્ષક તરીકે આવ્યો છું."

અને એ અટ્ટહાસ્ય કરી બોલ્યો: "હં, સમજ્યો. તો એમ જ કહોને કે તમે આ બગીચાની બહારના પાગલખાનાના એક પાગલ આદમી જ છો!"

દેડકાનું સંગીત

ગ્રીષ્મ ઋતુમાં એક દિવસે એક દેડકાએ પોતાના દોસ્તને કહ્યું: "ત્યાં કિનારા પરના ઘરોમાં રહેતાં લોકોને આપણાં રાત્રી-ગીતોથી તકલીફ પડતી હશે એમ મને લાગે છે."

આ સાંભળી તેના દોસ્તે ઉત્તર આપ્યો: "હં, દિવસે તેઓ વાર્તાલાપ કરીને આપણી શાંતિનો ભંગ કરીને આપણને ઉપદ્રવ કરતા નથી?"

દેડકો બોલ્યો: "પરંતુ આપણે

રાત્રે ખૂબ જ અવાજ કરી ગાઈએ છીએ એ આપણે વિસરવું જોઈએ નહિ."

આથી તેના દોસ્તે જવાબ આપ્યો: "આપણે એ પણ વિસરી જવું જોઈએ નહિ કે તેઓ પણ દિવસના નકામો બકવાટ કરી ઘોંઘાટ મચાવે છે."

દેડકાએ કહ્યું: "વારુ, પેલા મસ્ત દેડકાની વાત કરો ને? તે તેની કર્કશવાણીથી પાડોશીના ઊંઘમાં ખલેલ પાડયા કરે છે."

અને તેના દોસ્તે જવાબ આપ્યો: "પણ પેલા જે રાજનીતિજ્ઞો, ધર્મોપદેશકો અને વૈજ્ઞાનિકો તટ પર આવીને બૂમબરાડા પાડી અહીં વાતાવરણમાં ખળભળાટ

મુશ્કાવી મૂકે છે તે માટે કેમ કશું બોલતા નથી ?"

એટલે તે દેડકો બોલ્યો: "એ તો ખરું. પણ આ માનવપ્રાણીઓ કરતાં આપણે વધુ શિષ્ટ થવું જોઈએ. આપણાં રાત્રીગીતો આપણાં હૃદયમાં જ સંઘરી રાખી આપણે રાત્રે શાંત રહેવું જોઈએ. પછી ભલે ચંદ્ર આપણું કંઠમાધુર્ય સાંભળવા પોકાર કરે. તારાઓ આપણને સંગીત લલકારવા ભલે પ્રેરે! પણ આપણે વધુ નહિ તો બેત્રણ રાત શાંતિ જાળવવી જોઈએ."

દોસ્ત બોલ્યો: "ઘણું સારું, હું તમારો પ્રસ્તાવ માન્ય કરું છું. જોઈએ તો ખરા કે તમારા હૃદયની આ ઉદારતાનું પરિણામ શું આવે છે."

તે રીતે બધા દેડકાએ શાંતિ જાળવી. બીજી રાતે અને ત્રીજી રાતે પણ શાંતિ જાળવી.

પરંતુ આશ્ચર્યકારક વાત તો એ બની કે ત્રીજા દિવસે સરોવરકિનારા પરના ઘરમાં રહેતી એક વાતોડિયણ બાઈએ નાસ્તાના સમયે પોતાના પતિને કહ્યું: "ત્રણ રાત વીતી ગઈ પણ મને જરા ય નિદ્રા આવી નથી. દેડકાનો ડ્રાઉં ડ્રાઉં અવાજ સાંભળી મને નિદ્રા આવતી હતી. પણ જરૂર કાંઈ અનિષ્ટ બનાવ બન્યો હોવો જોઈએ. તેથી તો દેડકાઓએ ત્રણ રાતથી ગાવનું બંધ રાખ્યું છે. હું તો અનિદ્રાથી પાગલ જેવી થઈ ગઈ છું."

તે દેડકાએ આ સાંભળ્યું અને પોતાના દોસ્ત તરફ આંખ મીચકારતાં

કહ્યું: "અને આપણી શાંતિથી આપણે પણ પાગલ જેવા થઈ ગયા છીએ, ખરું ને?"

અને તેના દોસ્તે ઉત્તર આપ્યો: "ખરું છે. રાત્રીની નિઃસ્તબ્ધતા આપણને અસહ્ય હતી. એથી આપણું સંગીત બંધ રાખવાનું મને કોઈ કારણ દેખાતું નથી. જેઓને પોતાની નિઃસ્તબ્ધતાને કોલાહલથી ભરી દેવાની આવશ્યકતા લાગે છે તેમની સુવિધા માટે હવે આપણે આપણું સંગીત શરૂ કરવું જોઈએ."

અને તે રાત્રે ચંદ્રનું તેમના માધુર્ય માટેનું અને તારલિકાઓનું તેમના સંગીત માટેનું આહ્વાન વ્યર્થ ગયું નહિ!

મારા મિત્રે જવાબ આપ્યો: "જોજે, આવતી કાલે તે મારી બાજુ આવી રીતે બેઠી હશે."

મેં કહ્યું: "જુઓ તો ખરા, તે તેના હાથે મદિરાપાન કરે છે. ગઈ કાલે તો મારી પ્યાલીઓ તેના અધરો પર હતી."

અને મારો મિત્ર બોલ્યો: "આવતી કાલે મારી પ્યાલીઓ તે પીતી હશે."

પછી મેં કહ્યું: "તે તેના તરફ કેટલી પ્રેમ અને મમતા ભરી દૃષ્ટિએ જોઈ રહી છે. તેના નેત્રોમાંની સમર્પણની ભાવના તો જુઓ. ગઈ કાલે આ પ્રમાણે જ તે મારા તરફ જોતી હતી."

અને મારા મિત્રે કહ્યું: “આવતી કાલે તેની દૃષ્ટિ મારા તરફ હશે.”

મેં કહ્યું: “સાંભળો, તે તેના કાનમાં પ્રણયગીતો ગાઈ રહી છે. તેણે આ પ્રણયગીત ગઈ કાલે મારાં કાનમાં ગાયાં હતા.”

અને મારો મિત્ર બોલ્યો: “આવતી કાલે આ જ પ્રણયગીત મારા કાનમાં ગુંજતું હશે.”

મેં કહ્યું: “જુઓ ખરા, તે તેને આલિંગન આપે છે. આ આલિંગન ગઈ મને આપ્યું હતુ.”

અને મારા મિત્રે કહ્યું: “આવતી કાલે આ આલિંગન મને આપતી હશે.”

પછી મેં કહ્યું: "કેવી વિલક્ષણ આ છે!"

પણ મારા મિત્રે જવાબ આપ્યો: "જીવનની માફક બધાની બનીને રહે છે, મૃત્યુની માફક બધાને જીતી લે છે, અને અનંત કાળની માફક બધાંને પોતાના ગર્ભમાં સમાવી દે છે."

તત્ત્વજ્ઞાની અને મોચી

એક તત્ત્વજ્ઞાની ફાટેલા જોડા લઈ એક મોચીની દુકાને ગયો, અને તેને કહ્યું : "જરા ઠીક કરી આપ તો."

એથી મોચીએ કહ્યું: "અત્યારે હું બીજા એક માણસના જોડા ઠીક કરી રહ્યો છું. તમારા જોડાનો વારો આવતાં પહેલાં મારે બીજા કેટલાય જોડા ઠીક કરવાના છે. એથી અત્યારે તમારું કામ હાથમાં લઈ શકું એમ નથી. તમે તમારા જોડા અહીં રહેવા દો અને આજનો દિવસ આ બીજા જોડા વાપરો. કાલે તમારા જોડા લઈ જશો."

કાયદા

ઘણા વર્ષો પહેલાં એક રાજા થઈ ગયો. તે શાણો હતો. તેના મનમાં પોતાની પ્રજા માટે થોડાક કાયદા કરવાનો વિચાર ઉદ્ભવ્યો.

તેણે જુદી જુદી એક હજાર જાતિઓમાંથી એક હજાર વિદ્વાનો ચૂંટી પોતાની રાજધાનીમાં આમંત્ર્યા, અને તેમને કાયદા કરવાનું કહ્યું.

જ્યારે એક હજાર કાયદા ઘડી રાજા સમક્ષ રજૂ કરવામાં આવ્યા ત્યારે તે વાંચી રાજાનું હૃદય રડી ઊઠ્યું. કારણકે

તેને ખ્યાલ પણ ન હતો કે તેના રાજ્યમાં હજાર પ્રકારના અપરાધ પ્રચલિત હશે.

તે પછી તેણે પોતાના લહિયાને બોલાવ્યો, અને સસ્મિત વદને પોતાના કહેલા કાયદા લખવાનું કહ્યું. તે કાયદા ફક્ત સાત જ હતા.

આથી તે એક હજાર વિદ્વાનો રાજા પર ક્રોધે ભરાઈ ચાલ્યા ગયા, અને પોતપોતાની જાતિમાં પોતે બનાવેલા કાયદા રજૂ કર્યા. ને દરેક જાતિ પોતાના વિદ્વાનો દ્વારા નિર્મિત કાયદાને અનુસરવા લાગી.

પરિણામે, આજે પણ હજારો કાયદા પ્રચલિત છે.

તે એક વિસ્તૃત પ્રદેશ છે. પણ, તેમાં એક હજાર બંદીઘરો છે; અને હજાર

કાયદાનું ઉલ્લંઘન કરનાર સ્ત્રીપુરુષોથી તે ભરાઈ ગયાં છે.

નિ:સંદેહ તે વિસ્તૃત દેશના નિવાસીઓ છે તો પેલા એક હજાર કાયદા ઘડનારા વિદ્વાનો જેમાં એક રાજા એકલો જ શાણો હતો.

આજ અને કાલ

મેં મારા મિત્રને કહ્યું: "જુઓ, તે પેલા માણસના હાથ પર રમી રહી છે. હજુ ગઈ કાલે જ તે મારા હાથમાં આવી રીતે રમતી હતી."

અને મારા મિત્રે કહ્યું: "અને આવતી કાલે તે મારા હાથમાં પણ આ પ્રમાણે જ રમતી હતી હશે."

મેં કહ્યું: "જુઓ, તે કેવી રીતે તેને અડીને બેઠી છે! ગઈ કાલે મારી પાસે પણ આવી જ રીતે બેઠી હતી."

એથી તત્ત્વજ્ઞાની એકદમ તપી જઈ બોલ્યો: "હું મારા પોતાના જોડા સિવાય બીજા કોઈના જોડા વાપરતો નથી."

તે મોચીએ જવાબ આપ્યો: "વારુ, તમે પુરા તત્ત્વજ્ઞાની હોવા છતાં બીજાના જોડા પહેરી શકતા નથી! આ સડક પર બીજા એક મોચીની દુકાન છે. તે તત્ત્વજ્ઞાનીઓના સ્વભાવથી મારા કરતાં વધુ પરિચિત છે. મહેરબાની કરી તમે તમારા જોડા ત્યાં સમા કરાવી લો."

પુલ અને ખચ્ચર

સમુદ્રને ભેટવા જતી આસી નદીએ એન્ટીઓક નગરના બે ભાગ પાડયા છે. તેનું જોડાણ કરવા માટે નદી ઉપર એક પુલ યોજાયો હતો. તે પુલ એન્ટીઓકના ખચ્ચરોની પીઠ પર લાદીને ડુંગરામાંથી લાવેલા ભારે ભારે પથ્થરોથી બાંધવામાં આવ્યો હતો. પુલનું કામ પૂરું થતાં ત્યાં એક સ્તંભ પર ગ્રીક અને આર્મિનિયન ભાષામાં લખવામાં આવ્યું: "બીજા એન્ટીઓકસ રાજાએ આ પુલ બાંધ્યો છે."

બધા લોકો આ સુંદર પુલ

પર થઈ મનોહર રમ્ય આસી નદી પાર કરતાં હતાં.

સંધ્યાસમયે એક તરુણ તે સ્તંભ પાસે અટકી ઊભો રહ્યો. લોકોમાં તેની ગમાર તરીકે ગણના થતી હતી. તેણે તે લખાણ ઉપર કોલસાની શાહીનું પોતું ઘસીને તે પર લખ્યું: "આ પુલ માટેના પથ્થરો ડુંગરામાંથી ખચ્ચરોએ અહીં આણ્યા છે. એથી આ પુલ પર આવજા કરીને એન્ટીઓકના ખચ્ચરોની પીઠ પર જ તમે સ્વારી કરો છો. એથી ખરી રીતે આ પુલને બાંધનાર તે ખચ્ચરો જ છે."

આ તરુણ લખાણ લોકોએ વાંચ્યું ત્યારે કેટલાકને હસવું આવ્યું,

કેટલાક આશ્ચર્ય પામ્યા, તો કોઈ કે એમ કહ્યું: "હા હા; આ કામ કોનું છે તે અમે જાણીએ છીએ. આ કામ પેલા ગમાર છોકરાનું જ છે."

પરંતુ એક ખચ્ચરે બીજા ખચ્ચરને હસતાં હસતાં કહ્યું: "શું તને ખબર નથી કે આપણે જ પથ્થરો ખેંચીને લાવ્યા હતા? પરંતુ આજ સુધી તો એમ કહેવામાં આવતું હતું કે આ પુલ તો બીજા એન્ટીઓકસ રાજાએ બાંધ્યો છે."

ઝાદની સમરભૂમિ

ઝાદની સડક પરથી પસાર થતાં એક પથિકનો પાસેના ગામમાં રહેતા એક માણસ સાથે ભેટો થયો. પથિકે સામેના વિસ્તૃત મેદાન તરફ હાથ બતાવી તેને પૂછ્યું: "સમ્રાટ આલેમે પોતાના શત્રુઓ પર જે મેદાનમાં વિજય મેળવ્યો હતો તે આ જ મેદાન ને?"

પેલા માણસે જવાબ આપ્યો: "આ સ્થળે કદી યુદ્ધક્ષેત્ર ન હતું. અહીં એક સમયે ઝાદ નામનું એક નગર વસેલું હતું. તેને બાળીને ભસ્મીભૂત કરવામાં

આવ્યું હતું, એથી તો આ ભૂમિ ઘણી ફળદ્રૂપ છે."

આટલું બોલી પથિક અને પેલો માણસ પોતપોતાના રસ્તે ચાલ્યા ગયા.

પથિકે પૂરો અડધો માઈલ પાકું નહિ કાપ્યો હોય ત્યાં તેને એક બીજો માણસ મળ્યો, અને પુનઃ તે મેદાન તરફ હાથ બતાવી તેણે પૂછ્યું: "પહેલાં અહીં આદ નામનું કોઈ ભવ્ય નગર હતું?"

તે માણસે કહ્યું: "આ સ્થળે કદી નગર હતું જ નહિ. હા, એક જમાનામાં અહીં એક મઠ હતો અને દક્ષિણ લોકોએ તેને નષ્ટભ્રષ્ટ કરી નાખ્યો હતો."

ત્યાર પછી તે મેદાનની સડક પર એક ત્રીજો માણસ મળ્યો. તેને પણ પથિકે તે વિસ્તૃત મેદાન તરફ હાથ બતાવી પૂછ્યું: "અહીં પહેલાં એક મોટો મઠ હતો તે સત્ય છે?"

તે માણસે ઉત્તર આપ્યો: "અહીં આટલામાં તો ક્યારેય કોઈ મઠ ન હતો. હું, મારા પૂર્વજો વાતો કરતા હતા કે એક વખત એક અહીં ઘણું મોટું નક્ષત્ર તૂટી પડયું હતું."

આથી તે પથિક આશ્ચર્ય પામતો આગળ વધ્યો. ત્યાં તેને એક વયોવૃદ્ધ પુરુષનો ભેટો થઈ ગયો. તેને નમસ્કાર કરી પથિકે પૂછ્યું: "મહાશય, આ રસ્તે મને ત્રણ માણસો મળ્યા. તેઓ ત્રણે

અહીંના જ રહેવાસીઓ છે. તે દરેકને મેં આ વિસ્તૃત ક્ષેત્ર વિષે પૂછપરછ કરી તો દરેકે મને એકબીજાની વાતનું ખંડન કરતી એકબીજાથી ઊલટી જ વાતો કહી."

તે વૃદ્ધ પુરુષે પોતાનું મસ્તક ટટ્ટાર કરી કહ્યું: "મારા મિત્ર, તે દરેકે આપને સત્ય હકીકત જ કહી છે. પણ તે હકીકતો સાંભળીને તે પર સામૂહિક અને વ્યાપક દૃષ્ટિએ વિચાર કર. સમન્વયદૃષ્ટિ એ સત્ય-અન્વેષણની પહેલી જરૂરિયાત છે

સુવર્ણનો કમરપટો

એક દિવસ સલામિસ નગરમાં જવા નીકળેલા બે માણસોનો ભેટો એક રસ્તા પર થઈ ગયો. ખરે બપોરે તેઓ એક ઊંડી નદીના કિનારે આવી પહોંચ્યા. નદીની સામે પાર જવા માટે કોઈ પુલ ન હતો. તેમને માટે તરીને કે કોઈ બીજો અજ્ઞાત માર્ગ શોધવા સિવાય બીજો કોઈ પણ ઉપાય ન હતો.

તેઓએ એક બીજાને કહ્યું: "ચાલો, તરીને સામે જઈએ. નદી કંઈ બહુ પહોળી તો છે નહિ." અને બંને પાણીમાં પડી તરવા લાગ્યા.

બંનેમાંનો એક જણ જે નદી અને નદીના પ્રવાહથી પરિચિત હતો તે અધવચ્ચે પહોંચતાં હિંમત હારી ગયો, અને નદીના ઉતાવળા વહેણમાં તણાવા લાગ્યો.

અને ઊલટાનો બીજો માણસ જેને આજ લગી તરવાનો પ્રસંગ પડ્યો જ ન હતો તે સહજમાં નદી પાર કરી ગયો અને સામે કિનારે જઈ ઊભો રહ્યો. પણ તેણે પોતાના સાથીને વહેણ સામે મથામણ કરતો જોયો ત્યારે તે પાણીમાં કૂદી પડ્યો, અને તેને સહીસલામત કિનારે લઈ આવ્યો.

પછી, નદીના વહેણમાં જે માણસ ફસાઈ પડ્યો હતો તેણે કહ્યું: “ પણ તમે તો કહેતા હતા કે તમને તરતાં આવડતું નથી; છતાં તમે આટલા વિશ્વાસથી નદી કેવી રીતે પાર કરી શક્યા ? ”

અને બીજા માણસે જવાબ આપ્યો: “મારા મિત્ર, મેં બાંધેલો આ કમરપેટો તું જુએ છે ને? તે સોનામહોરોથી ભરેલો છે. તે સોનામહોરો મેં આખો વર્ષ પરિશ્રમ કરી મારી પત્ની અને બાળકો માટે ભેગી કરી છે. આ કમરપટાના પ્રતાપે જ હું આ નદી પાર કરી શક્યો અને હવે મારા બાળબચ્ચાં પાસે પહોંચી શકીશ. જ્યારે હું તરતો હતો ત્યારે મારાં સ્ત્રી અને બાળકો મારી નજર સન્મુખ હતાં.”

અને બંને ગલાબિયા નજર તરફ ચાલી નીકળ્યા.

લાલ માટીનું શિક્ષણ

એક વૃક્ષે એક માનવીને કહ્યું : "મારાં મૂળ લાલ માટીમાં ખૂબ ઊંડાં ગયાં છે; અને તેથી જ મારામાં તને ફળ આપવાનું સામર્થ્ય છે."

અને તે માનવીએ તે વૃક્ષને કહ્યું "જો તો ખરો. આપણી વચ્ચે કેટલું સામ્ય છે! મારાં મૂળ લાલ માટીના ઉદરમાં ઊંડે ખૂંપી ગયાં છે; અને જે માટી તને ફળદાન કરવાની શક્તિ આપે છે તે જ માટી મને કૃતજ્ઞ ભાવે ફળ ગ્રહણ કરવાનું શિક્ષણ આપે છે.

પૂર્ણિમા

પૂર્ણિમાનો ચંદ્ર સોળે કળાએ નભ પર ઊગ્યો, અને તેના તરફ જોઈ બધાં કૂતરાં ભસવા લાગ્યાં.

ફક્ત એક જ કૂતરો ભસ્યો નહિ. ધીરગંભીર અવાજે તેણે બીજા કૂતરાઓને કહ્યું : "વ્યર્થ શક્તિનો વ્યય ન કરો. તમારા ભસવાથી ચંદ્ર નીચે પૃથ્વી પર આવવાનો નથી."

આથી બધા કૂતરાઓએ ભસવું બંધ કર્યું, અને ત્યાં નીરવતા ફેલાઈ. પણ તે ઉપદેશક કૂતરો માત્ર શાંતિ કાયમ રાખવા આખી રાત ભસતો જ રહ્યો.

વૈરાગી ઉપદેશક

એક સમયે એક વૈરાગી થઈ ગયો. તે એક મહિનામાં ત્રણ વખત મોટા નગરોમાં જતો અને બજારચોકમાં લોકોને પરસ્પર આદાનપ્રદાનની ભાવના જાગૃત-સતેજ કરવા ઉપદેશ કરતો. તે એક કુશળ વક્તા હતો. તેથી આખા દેશમાં તેની કીર્તિ વ્યાપી ગઈ હતી.

એક દિવસ સંધ્યાસમયે તેની પર્ણકુટીમાં ત્રણ માણસો આવ્યા. તેણે તેમનું સ્વાગત કર્યું. પેલા માણસોએ પૂછ્યું: "આપ સદૈવ દાન અને સહયોગનો ઉપદેશ

કરે છે. જેની પાસે આવશ્યક કરતાં અધિક છે એમણે ગરીબોને આપવું જોઈએ એવું આપે લોકોને શિક્ષણ આપ્યું છે. અને આપની સુપ્રસિદ્ધિને લીધે આપને સંપત્તિ મળેલી હોવી જોઈએ એમાં અમને શંકા નથી. આપના કરતાં અમને આવશ્યકતા વધુ છે તેથી આપની સંપત્તિ અમને આપી દો."

તે વૈરાગીએ જવાબ આપ્યો: "મારા દોસ્તો, મારી પાસે આ બિછાનું, આ ચટાઈ અને પાણીનો કુંજો છે. આ સિવાય મારી પાસે બીજું કાંઈ જ નથી. તમારી ઇચ્છા હોય તો આ આ બધું લઈ જાવ. મારી પાસે સોનુંચાંદી નથી."

આથી તેમણે તેના ઉપરથી તિરસ્કાર-

પૂર્વક મોં ફેરવી લીધાં અને બહાર નિકળતાં અંતિમ મનુષ્ય એક પળ દ્વાર આગળ ઊભો રહી બોલ્યો: "ધૂર્ત અને કપટી ક્યાંનો! સ્વયં તું જેનું આચરણ કરી શકતો નથી તેનું પાલન કરવાનું લોકોને તું શિક્ષણ અને ઉપદેશ આપે છે!"

પુરાણો શરાબ

એક સમયે એક ધનિક માણસ થઈ ગયો. તેને ત્યાં મદિરાના ભંડારો ભર્યા હતા. આ મદિરાના ભંડારોનું તેને અભિમાન હતું. આ ભંડારોમાં એક અતિપ્રાચીન મદિરા ભરેલી સુરાઈ હતી. તે કોઈ શુભ અવસર પર વાપરવા તેણે રાખી મૂકી હતી.

એક વખત તેને ત્યાં રાજ્યના સુબાનું આગમન થયું. તે વખતે તેણે વિચાર કર્યો: "એક સાધારણ સુબા માટે શું હું આ સુરાઈ કાઢું?"

બીજી વખત તેને ત્યાં પાદરીનું આગમન થયું. આ વખતે પણ તેને મનમાં વિચાર કર્યો: "ના, હું આ સુરાઈ ખોલીશ નહિ. ભલા એક પાદરી તે આની શું કદર કરવાનો છે? અને તેનું નાક તેની સુગંધ શું ધૂળ ઓળખી શકવાનું છે?"

વળી કોઈ એક પ્રસંગે તેને ત્યાં પોતાનો રાજા આવ્યો. તેણે રાજાની સાથે ભોજન લીધું; પણ સુરાઈ તો ન જ ખોલી. તેણે વિચાર કર્યો: "તુલનામાં આ મદિરા રાજા કરતાં પણ અધિક ગૌરવપદ છે."

અને છેવટે તેના પોતાના પુત્રની શાદીમાં આવેલા મહેમાનોને જોઈ તેણે વિચાર કર્યો: "છીઃ છીઃ આ સુરાઈ આ મહેમાનો માટે નહિ ખોલાય."

આમ વર્ષો પર વર્ષો વીતી ગયાં.
અને એક દિવસે તે માણસ મરણ પામ્યો.

અને તેની દફનવિધિના દિવસે જ મદિરાના અન્ય પાત્રો સાથે તે અતિપ્રાચીન મદિરા પણ કાઢવામાં આવી; અને સગાંસંબંધીઓ તેમ જ પડોશમાં રહેતા કિસાનોએ ખૂબ છાકટા બનીને પીધી. પણ તેઓમાંથી કોઈને જ તેની પ્રાચીનતાનો ખ્યાલ ન આવ્યો.

તેઓને મન તો પ્યાલીમાં રેડાતી મદિરા એક સાધારણ મદિરા જ હતી.

બે કાવ્ય

સેંકડો વર્ષ પહેલાં એથેન્સ નગર તરફ જતા એક રાજમાર્ગ પર બે કવિઓનો ભેટો થયો, અને બંને એકબીજાને જોઈ ખૂબ રાજી થયા.

એક કવિએ બીજા કવિને પૂછ્યું: "હમણાં તમે કઈ કવિતા રચી છે? ખરેખર તે તમારા વીણાના સ્વરમાં એકલય થઈ જતી હશે."

બીજા કવિએ ગર્વપૂર્વક જવાબ આપ્યો: "હા, હમણાં જ મેં એક રચના પૂરી કરી છે, તે મારી અન્ય કવિતાઓ

કરતાં શ્રેષ્ઠ તો છે જ. પણ કદાચ, ગ્રીક ભાષામાં રચાયેલાં બધાં કાવ્યો કરતાં ય શ્રેષ્ઠ નીવડે. આ કાવ્ય મારા પરમ ઇષ્ટ દેવતા ઝયુસની સ્તુતિનું છે."

અને તેણે પોતાની બંડીની અંદરથી એક ચર્મપત્ર કાઢ્યું અને બોલ્યો: "આ રહી જુઓ, મારી પાસે જ છે. તે તમને સંભળાવવાથી મને ઘણો આનંદ થશે. ચાલો. પેલા સફેદ સરુની છાયા નીચે બેસીએ."

તે કવિએ પોતાની કવિતા વાંચી સંભળાવી. ખરેખર તે એક ઘણી લાંબી કવિતા હતી.

પહેલા કવિએ નમ્રતાપણે કહ્યું: "ખરેખર આ એક ઉચ્ચ કોટીનું કાવ્ય

છે. અને તે યુગોના યુગો સુધી ચિરંજીવી રહેશે. એનાથી તમારી ખ્યાતિ અમર થશે."

પછી બીજા કવિએ જરા ઉપેક્ષાયુક્ત ભાવે પૂછ્યું: "વારુ, પણ આટલા દિવસમાં તમે કંઈ લખ્યું તો હશે ને?"

પહેલા કવિએ જવાબ આપ્યો: "એક ક્રીડામગ્ન બાળકની સ્મૃતિમાં ફક્ત આઠ જ પંક્તિનું એક નાનું સરખું કાવ્ય રચ્યું છે."

અને તેણે તે પંક્તિઓ વાંચી સંભળાવી.

બીજા કવિએ કહ્યું: "ઠીક છે કાંઈ બહુ ખરાબ નથી."

અને તેઓ બંને જુદા પડયા.

૨૬૩

આજે બે હજાર વર્ષ વીત્યા પછી પણ પહેલા કવિની આઠ પંક્તિઓ દરેક ભાષામાં ઉમંગ અને પ્રેમથી વંચાય છે.

અને બીજી કવિતા પુસ્તકાલયોમાં અને વિદ્વાનોના કબાટોમાં યુગોના યુગો સુધી અવશ્ય સુરક્ષિત રહી. ન લોકોનું તે તરફ ધ્યાન પણ ખેંચાયું. છતાં કોઈએ ન તો તે પસંદ કર્યું કે ન તો તે કોઈએ વાંચ્યું.

શ્રીમતી રૂથ

એક વખત એક હરિયાળી ટેકરી પર એકલવાયી ઊભેલી એક શુભ્ર ઝૂંપડી દૂરથી ત્રણ માણસોએ જોઈ. તેમાંના એકે કહ્યું: "તે શ્રીમતી રૂથનું ઘર છે. તે બાઈ એક જાદુગરણી છે."

બીજો માણસ બોલ્યો: "તારી ભૂલ થાય છે. આપણી કલ્પનામૂર્તિ જેવી સુંદરી એ શ્રીમતી રૂથ છે."

ત્રીજો માણસ બોલ્યો: "તમારા બંનેની ભુલ થાય છે. શ્રીમતી રૂથ આ

વિશાળ પ્રદેશની માલિકણ છે, અને આપણ ગુલામોનું રક્તશોષણ કરે છે.”

આમ શ્રીમતી રૂથની ચર્ચા કરતા તેઓ ત્રણે ચાલ્યાં જતા હતા.

તેઓ એક ફંટાતા રસ્તા પર આવ્યા ત્યાં તેમને એક વૃદ્ધ પુરુષનો ભેટો થયો. તેઓમાંના એકે તે વૃદ્ધને પૂછ્યું: “પેલી ટેકરી પરની શુભ્ર ઝૂંપડીમાં રહેતી શ્રીમતી રૂથની માહિતી કૃપા કરીને અમને આપી શકશો?”

તે વૃદ્ધ ગૃહસ્થે પોતાનું મસ્તક ટટાર કર્યું અને તેમના તરફ જોઈ હાસ્ય કરતાં બોલ્યો: “મારી અવસ્થા નેવું વર્ષની થવા આવી છે. હું નાનો બાળક હતો ત

વખતની મને તેની થોડી ઘણી સ્મૃતિ છે પરંતુ આજે તો તેને દેવલોક પામ્યાં એંશી વર્ષ વીતી ગયાં છે ત્યારથી આ ઝૂંપડી બિલકુલ ખાલી છે. અત્યારે ત્યાં કોઈ કોઈ વખત ઘુવડ બોલ્યા કરે છે અને લોકો કહે છે કે ત્યાં ભૂત વાસ કરે છે.

ઊંદર અને બિલાડી

એક દિવસ સંધ્યાસમયે એક કવિ એક કિસાનને મળ્યો. કવિ એકાંતપ્રિય હતો, અને કિસાન શરમાળ પ્રકૃતિનો હતો. છતાં કોઈ કારણવશાત બંને વચ્ચે વાતચીત શરૂ થઈ.

અને કિસાને કહ્યું: "ઘણા સમય પહેલાં મેં સાંભળેલી એક નાની વાર્તા હું તમને સંભળાવું છું. એક વાર એક ઊંદર પાંજરામાં સપડાઈ ગયો. પાંજરામાંની મીઠાઈ તે આનંદથી ખાતો હતો તે વખતે પાસે જ એક બિલાડી ઊભી હતી. પહેલાં

નો તેને જોઈ ઉંદર ગભરાયો. પણ તેને પોતાની જાતને પાંજરામાં તદ્દન સુરક્ષિત જોઈ.

બિલાડી બોલી: "મારા મિત્ર, આ તારો અંતિમ કોળિયો છે."

"નિ:સંદેહ," ઉંદરે જવાબ આપ્યો: "મારે તો એક જન્મ છે એથી મરવાનું પણ એક જ વાર છે. પણ તમારે તો, લોકો કહે છે કે, નવ જન્મ છે. એનો અર્થ એ ન થાય કે તમારે નવ વખત મરવું પડશે?" આટલું કહી કિસાને કવિ તરફ જોઈ પૂછ્યું: "શું તમને આ વાર્તા વિલક્ષણ નથી લાગતી?"

કવિએ તેને કાંઈ જવાબ ન આપ્યો, પણ જતાં જતાં પોતાના મનમાં બોલ્યો:

"જરૂર નવ જન્મ. મારે નવ જન્મ છે એ વાત નિશ્ચિત છે. અને નવ વખત મરણ. પાંજરામાં ફસાયેલા, હાથમાં અંતિમ શ્વાસ લીધેલા કિસાનનું જીવન આ નવ જન્મ કરતાં કદાચ અધિક સારું છે.

"છતાં અમે વનરાજીમાં અને એકાંતમાં વસતા વાઘના આકર્ષણ'ય નથી?"

શાપ

એક વૃદ્ધ નાવિકે એક વખત મને કહ્યું : "ત્રીસ વર્ષ ઉપર એક નાવિક મારી કન્યાને લઈ નાસી ગયો. તેથી એ બંનેને મેં મારી કકળતી આંતરડીએ શાપ આપ્યો. કારણકે, આ દુનિયામાં મારી પુત્રી પર મને સૌથી વધુ પ્રેમ હતો.

"તે પછી થોડા જ દિવસમાં એ તરુણ નાવિક યુવક પોતાના જહાજ સાથે સમુદ્રને તળિયે જઈ બેઠો. તેની સાથે મારી લાડિલી પુત્રી પણ સદાને માટે ગઈ.

"એથી હવે તું મને એક યુવક–

યુવતીનો ખૂની સમજ. મારો શાપ જ બંનેના નાશનું કારણ હતો. મારો મરણકાળ નજીક આવતો જોઈ હું અલ્લાની બંદગી કરું છું કે, પરવરદિગાર! તું મને માફ કર!"

આ બધું એ વૃદ્ધે કહ્યું તો ખરું, પણ તેના કથનમાં દંભનો આભાસ હતો અને એવી પ્રતીતિ થતી હતી કે તેને હજુ પણ પોતાની શાપ આપવાની શક્તિ માટે અભિમાન હતું.

વેચાણની કળા

એક માણસના બગીચામાં દાડમનાં ઘણાં વૃક્ષ હતાં. શરદ ઋતુમાં તે દાડમોને ચાંદીના થાળોમાં સજાવીને પોતાના ઘર બહાર મૂકતો. તેની પાસે એક ફલક પર તેણે લખ્યું હતું: "આપ વધુ નહિ તો એક તો ખરીદો જ. હું આપનું સ્વાગત કરું છું."

પરંતુ લોકો આવતા અને જતા. પણ ફળને કોઈ અડકતું નહિ.

આથી તે માણસે ગંભીરતાપૂર્વક આ વસ્તુ પર વિચાર કર્યો, અને બીજે

શરદ ૠતુમાં પોતાના ઘર બહાર દાડમોને ચાંદીના થાળમાં મૂકવાં બંધ કર્યાં. પણ તેના પર તેણે મોટા અક્ષરે લખ્યું: અમારા બગીચાના ઉત્કૃષ્ટ દાડમો અહીં મળે છે; પણ બીજાં કરતાં તેનું મૂલ્ય અધિક પડશે.''

અને પછી જોયું તો તે ખરીદવા માટે આજુબાજુનાં સ્ત્રીપુરુષો તૂટી પડયાં.

દેવતા એક કે અનેક ?

ખિલાફસ નગરના મંદિરની સીડી પર ઊભો રહી એક સૂફી ઉપદેશ આપતો હતો. ઉપદેશમાં તે 'બહુ દેવતાવાદનું' સમર્થન કરતો હતો. લોકો આ સાંભળી પોતાના મનમાં કહેતા: "આ કંઈ નવી વાત નથી. આ તો અમે પણ જાણીએ છીએ. એ તો સદાય અમારી નજીક રહે છે, અને જ્યાં જ્યાં ફરીએ છીએ ત્યાં ત્યાં અમારી સાથે જ ફરે છે."

થોડા દિવસ પછી બીજો એક સૂફી બજારચોકમાં ઊભો રહી 'નાસ્તિકતા' ઉપર પ્રવચન કરતો હતો. તેને

સાંભળી લોકો ખુશ થયા. કારણકે તેમને દેવતાઓની બીક લાગતી હતી.

અને વળી કોઈ બીજા જ દિવસે બીજો કોઈ સૂફી આવ્યો. તેની મોહક વાણીએ એક દેવતાવાદનો પ્રચાર કરવા માંડ્યો. આથી લોકો ગભરાયા, કારણકે બધા દેવતા કરતાં એક દેવતાના દંડવિધાનથી તેઓ વધુ ડરતા હતા.

એજ ૠતુમાં બીજો ઉપદેશક આવ્યો. અને લોકોને ઉપદેશ આપવો શરૂ કર્યો: "દેવતા ત્રણ છે અને તેઓ એક રૂપ ધારણ કરી વાયુની પાંખ ઉપર બેસી વિહાર કરે છે. તેમને એક મહાન અને દયાળુ માતા છે. તે જ તેમની પત્ની અને બેન છે."

આ સાંભળી લોકો રાજી થઈ ગયા અને પોતાના મનમાં બોલ્યા: "અમારા અપરાધો સંબંધે, એક રૂપના ત્રણ દેવતાઓને એકમત થવું અશક્ય છે. અને તદુપરાંત તેમની કૃપાળુ માતા અમ દુર્બળ અને પામરોનો પક્ષ અવશ્ય લેશે."

છતાં, ખિલાફસ નગરમાં હજી આજ પણ લોકો "દેવતાઓ ઘણા છે, અથવા દેવતા છેજ નહિ, યા તો એક દેવતા છે કે એક રૂપમાં ત્રણ દેવતા છે અને તેમને એક કૃપાળુ માતા છે." વગેરે વિષયો પર લડઝઘડ છે અને તર્કવિતર્ક કરે છે.

બધિર પત્ની

એક ધનવાન ગૃહસ્થ હતો. તેની પત્ની યુવાન હતી એ ખરું, પરંતુ સાવ બહેરી હતી.

દંપતી સવારનો નાસ્તો કરતાં હતાં ત્યાં પત્ની બોલી:

"કાલે હું બજારમાં ગઈ હતી તો ત્યાં દમાસ્કસનાં રેશમી વસ્ત્રો, હિંદુસ્તાનની મલમલ, ઈરાનની કંઠમાલાઓ તથા યમનદેશની બંગડીઓનું મોટું પ્રદર્શન ભરાયું હતું. મને થયું કે, સોદાગરનો કાફલો હમણાં જ આપણા શહેરમાં નવો નવો

આવ્યો લાગે છે! એમાં કેવી કેવી વસ્તુઓ છે! અને, મારા આ જિંથરપિંથર કપડાં તો જુઓ! હું તો લાજી મરું છું! કેવળ બોલવા પૂરતી હું પૈસાવાળાની વહુ છું! એ સુંદર સુંદર વસ્તુઓમાંથી થોડીક પણ મારે જોઈએ."

હજુ સુધી કોફી પીતા તેના પતિએ તેને કહ્યું: "વહાલી, એ પ્રદર્શનમાં જઈને તું થોડીક વસ્તુઓ ખરીદી લાવે તો એમાં મને કાંઈ વાંધો છે નહિ"

બધિર પત્નીએ તો માત્ર છેલ્લો શબ્દ 'નહિ' જ સાંભળ્યો. એ બોલી:

"તમને તો જ્યારે ને ત્યારે 'નહિ' 'નહિ' સિવાય બીજું શું આવડે છે? તમારી સંપત્તિને મારે શું પૂળો મૂકવો

છે? સખીઓમાં ને સગાંસબંધીઓમાં આવાં જિંથરપિંથર વસ્ત્રો પહેરીને ફરતાં મને તો લાજ આવે છે!"

પતિ બોલ્યો: "'નહિ' એવું મેં કહ્યું છે જ ક્યાં? તું તારે ખુશીથી બજારમાં જા, ને આપણા શહેરમાં આવેલી વસ્તુઓમાંથી અત્યંત સુંદર વસ્તુઓ વેચાતી લઈ આવ."

બધિર પત્નીએ પતિને ફરી સાંભળવામાં ભૂલ કરી. પોતાની ધૂનમાં જ એ બોલી: "તમે સઘળા ધનવાનો બારે ચિંગૂસ! મારા જેવજેવડી સ્ત્રીઓ કિંમતી પોષાક પહેરી પહેરીને શહેરના બગીચામાં ફરવા જાય છે! જ્યારે તમે તો મને સુંદર ને રમણીય વસ્તુઓ ખરીદવાની પણ ના પાડો છો!"

એની આંખમાં ગંગાજમના શરૂ થઈ. છાતી પર આંસુ ટપકતી સ્થિતિમાં જ તે આગળ બોલવા માંડી;

"પોષાક અને રત્ન મારે જોઈએ છે ત્યારે તો તમે પહેલેથી જ 'નહિ' 'નહિ' બોલવા માંડયું!"

પતિ દ્રવી ઊઠયો; ઊઠયો ને કોથળીમાંથી મૂઠીભર સોનામહોરો કાઢીને પત્ની સામે મૂકી. પછી વહાલભર્યા સ્વરે બોલ્યો:

"વહાલી, બજારમાં જા ને તારે જે જોઈએ તે લઈ આવ."

તે દિવસથી માંડીને, આંખમાં મોતી જેવડાંજેવડાં આંસુ સાથે પત્ની તેના પતિ સમક્ષ વારે વારે જાય છે, ને પતિ કંઈ

પણ ન બોલતાં પત્ની સમક્ષ મૂઠી ભર સોનામહોરોની ઢગલી કરે છે.

પરંતુ, આમાં થયું શું કે પેલી તરુણ સ્ત્રી લાંબા લાંબા પ્રવાસના શોખવાળા એક તરુણના પ્રેમપાશમાં પડી; ને જ્યારે જ્યારે એનો આ તરુણ પ્રેમી પરગામ હોય ત્યારે ત્યારે તે પોતાના ગોખમાં બેસીને આંસુ સારતી.

તેને આંસુ સારતી દેખી તેનો પતિ પોતાના હૃદયમાં ધારતો: "સોદાગરનો નવો કાફલો શહેરમાં આવ્યો લાગે છે, ને બજારમાં રેશમી વસ્ત્રો તથા કિંમતી રત્નોની દુકાન મંડાઈ લાગે છે."

આમ વિચારીને તે તેની અશ્રુ સારતી પત્ની સમક્ષ મૂઠી સોનામહોરોની ઢગલી કરતો!

કલંકિત રાજદંડ

રાજાએ રાણીને કહ્યું: "તું રાણી ભલે રહી, પરંતુ રાણી તરીકે જરાય શોભતી નથી. મારી સાથે તો તું સાવ કુવડ, મુરખ ને બોઘા જેવી લાગે છે."

રાણી બોલી: "મહારાજ, તમારી જાતને તમે રાજા ભલે માનો, પરંતુ ખરેખર તો તમે એક ભિખારી જેવા લાગો છો."

આ શબ્દો સાંભળીને રાજાને ગુસ્સો ચડયો. એમણે હાથમાં રાજદંડ લીધો

"હું મૃત્યુનું રહસ્ય શોધવા નીકળ્યો છું."

બંને તત્ત્વજ્ઞાનીઓને એકબીજાના તત્ત્વજ્ઞાનમાં કંઈ ને કંઈ ઊણપ દેખાવા લાગી. બંને વચ્ચે વિતંડાવાદ શરૂ થયો. ઉભય એકમેક પર આધ્યાત્મિક અંધત્વનો આરોપ મૂકવા માંડયા.

આવી સ્થિતિમાં એ બંને જણ એક ત્રીજા તટસ્થ માનવી પાસે ગયા. આ તટસ્થ માનવી સાદી સમજવાળો સાધારણ માણસ હતો. તે પોતાની રીતે—નૈસર્ગિક રીતે—વિચારતો હતો. બંને તત્ત્વજ્ઞાનીઓએ એ તટસ્થ માનવી સમક્ષ જોરશોરથી પોતાનો મત સાચો ઠરાવવા વાદવિવાદ શરૂ કર્યો.

પેલા તટસ્થ માનવીએ બંનેને શાંત પાડતાં કહ્યું:

"ભલા માણસો, તમે બંને જણા એક જ તત્ત્વજ્ઞાનના પથના પથિક છો, ને એક જ વાત બોલો છો. માત્ર બોલવામાં જ—શબ્દોમાં જ—તમે જુદા પડો છો. તમારા પૈકી એક જણને યૌવનનો ઝરો શોધવો છે, જ્યારે બીજાને મૃત્યુનું રહસ્ય શોધવું છે. પરંતુ, ખરેખર તો એ બંને એક જ વસ્તુ છે. તમારા બંનેનામાં એકરૂપત્વ જ મારી નજરે પડે છે."

પેલો તટસ્થ માનવી, આમ બોલીને, બંનેને "ઋષિવરો, નમસ્કાર!" એમ કહીને પોતાના પંથે પળ્યો. વિદાય લેતાં એણે ગંભીર હાસ્ય કર્યું.

ક્ષણભર નિઃસ્તબ્ધ થઈને ઉભય તત્ત્વજ્ઞાનીએ એકબીજાની સામે જોયું ને પછી હસવા લાગ્યા. અને તેમનામાંથી એક જણ બોલ્યો: "ઠીક ત્યારે, હવે આપણે બંને ભેગા મળીને શોધ કરીશું ને?"

શોધ

એક હજાર વર્ષ પહેલાંની વાત છે. એક વાર લેબૅનોનની ડુંગરમાળાની એક ઉતરાણ પર બે તત્ત્વજ્ઞાનીઓનો ભેટો થઈ ગયો. તેમાંના એક જણે બીજાને કહ્યું :

"તમે ક્યાં જાઓ છો?"

બીજાએ જવાબ આપ્યો : "આ ડુંગરાઓમાંથી ઉદ્ભવતા યૌવનના ઝરાને શોધવા હું આવ્યો છું. પરંતુ, તું ક્યાં જાય છે?"

પહેલા તત્ત્વજ્ઞાનીએ જવાબ આપ્યો :

ને એ સુવર્ણ રાજદંડ વડે જ રાણીના કપાળમાં પ્રહાર કર્યો.

આ ક્ષણે રાજાનો ખાસ કારભારી અંદર આવ્યો ને બોલ્યો: "બહુ સારું થયું, મહારાજ, બહુ સારું થયું! આ રાજદંડ દેશના અત્યંત કુશળ કારીગરો પાસે તૈયાર કરાવેલો હતો. તમારી અને રાણીસાહેબાની સ્મૃતિ એક દિવસે નષ્ટ થઈ જશે. પરંતુ એક સુંદર વસ્તુ જેવા આ રાજદંડનું પેઢીની પેઢી સુધી જતન થશે; અને રાણીસાહેબા પર આપના પ્રહારથી રક્તાંકિત થયેલા આ રાજદંડની હવે પછી વધુ કાળજી રખાશે, ને એ આપ ઉભયનું સુંદર સ્મરણ બની રહેશે."

માર્ગ

ડુંગરાઓમાં પોતાના એક પુત્રની સાથે એક સ્ત્રી રહેતી હતી. એ પુત્ર તેનો પહેલા ખોળાનો તેમ જ એકનો એક હતો.

જ્વરની બિમારીમાં તેનો પુત્ર મૃત્યુ પામ્યો. મૃત્યુસમયે ચિકિત્સક પણ પાસે જ ઊભા હતા.

માતાના શોકનો આરોવારો ન રહ્યો. તે પાગલ બની ગઈ, ને મોટાં મોટાં ડૂસકાં ભરતાં ચિકિત્સકને કરગરી કરગરીને કહેવા લાગી: "કહો, મને એ કહો કે, આનું ચૈતન્ય શાંત ને એની મધુર વાણી મૂક કેવી રીતે થયાં?"

ચિકિત્સકે કહ્યું: "જ્વરથી આમ થયું."

માતાએ ફરી પૂછ્યું: "આખરે આ જ્વર છે શું?"

ચિકિત્સકે જવાબ આપ્યો: "એ હું તમને નહિ સમજાવી શકું. જ્વર તો એવો રોગ છે, જે શરીરમાં પ્રવેશ કરે છે. તે એટલો સૂક્ષ્મ છે કે આપણાં નેત્રો તેને નિહાળી શકતાં નથી."

આ પછી ચિકિત્સક ચાલ્યા ગયા. તે સ્ત્રી સ્વગત વિચારતી રહી: "માનવનેત્ર પણ ન નિહાળી શકે એવું તે શું હશે!"

સંધ્યાટાણે જ્યારે પાદરી તે સ્ત્રીને દિલાસો દેવા સારુ આવ્યા ત્યારે તે સ્ત્રીથી રોઈ પડાયું ને રોતાં રોતાં જ કહેવા લાગી:

"મહારાજ, મારો દીકરો મને આમ છોડીને કેમ ચાલ્યો ગયો? મારો એકનો એક દીકરો! પહેલા ખોળાનો દીકરો!"

પાદરી બોલ્યા: "દીકરી, પ્રભુની ઇચ્છા, બીજું શું?"

સ્ત્રીએ પૂછ્યું: "પ્રભુની ઇચ્છા? પ્રભુ કોણ છે? ને, ક્યાં છે? હું પ્રભુને અવશ્ય મળીશ. એ પ્રભુને મારું હૃદય ચીરીને બતાવીશ, ને મારા હૃદયનું રક્ત તેમના ચરણ પર ચડાવીને કહીશ કે, મારો દીકરો મને બતાવો. એ મને ક્યાં મળશે એ કહો?"

પાદરીએ ઉત્તર આપ્યો: "પ્રભુ તો વિરાટ સ્વરૂપ છે. તેને આપણાં ચર્મચક્ષુ નહિ નિહાળી શકે."

સાંભળતાં સ્ત્રી ધ્રૂસકે ધ્રૂસકે રોઈ પડી. રોતાં રોતાં જ બોલી: "નિ:સીમ વિરાટની ઇચ્છાનુસાર નિ:સીમ સૂક્ષ્મે મારા બાળકનું જીવન હરણી લીધું. તો પછી આપણે શું છીએ? આપણે શું છીએ?"

એ જ વેળાએ મૃત બાળકનું કફનવસ્ત્ર લઈ ને એ સ્ત્રીની માતાએ ઘરમાં પ્રવેશ કર્યો. એમના કાને પાદરીના શબ્દ ને પોતાની દીકરીનું રુદન પડી ચૂક્યાં હતાં. એમણે કફન એક બાજૂ રાખી પોતાની દીકરીનો હાથ પોતાના હાથમાં લેતાં કહ્યું: "દીકરી, આપણે પોતે જ અત્યંત સૂક્ષ્મ અને અત્યંત વિરાટ છીએ, ને આપણે જ ઉભયનો મધ્યવર્તી માર્ગ પણ છીએ."

વ્હેલ માછલી અને મધમાખી

એક વાર સંધ્યાટાણે એક સ્ત્રી અને એક પુરુષ રેલગાડીમાં સાથે સાથે થઈ ગયાં. બંનેને પૂર્વે પણ એકમેકનો પરિચય હતો.

તે પુરુષ કવિ અને લેખક હતો. તે પેલી સ્ત્રીની સમીપ બેઠો, ને પછી વાર્તાઓ દ્વારા તે સ્ત્રીના મનનું રંજન કરવા લાગ્યો. વાર્તાઓમાં કેટલીક તેની પોતાની રચનાઓ હતી, તો કેટલીક બીજાઓની રચનાઓ હતી.

પરંતુ, વાર્તાઓ ચાલતી હતી એ દરમિયાન તે સ્ત્રીને નિદ્રા આવી ગઈ.

એટલામાં એકાએક ગાડીનો ધક્કો લાગ્યો. તે જાગી ઊઠી, ને કહેવા લાગી: "તમે જે રીતે તમારી 'જોના અને વ્હેલ'ની વાર્તા ઘટાવી છે તેની હું ખૂબ પ્રશંસા કરું છું."

કવિએ જવાબ આપ્યો: "પરંતુ બેનશ્રી, હું તો આપને 'મધમાખી અને શ્વેત ગુલાબ'વાળી વાર્તા કહેતો હતો, ને એ બે વચ્ચે કેવો સંબંધ હતો એ વિશે બોલતો હતો.

સંસર્ગજન્ય શાંતિ

વૃક્ષની એક ફૂલકુસુમિત શાખાએ તેની પાડોશી શાખાને કહ્યું : "આજનો દિવસ તો બિલકુલ નીરસ ને શુષ્ક છે.' એટલે પાડોશી શાખાએ જવાબ આપ્યો : "હા, એમ જ છે."

એ વેળાએ આ શાખા પર એક ચકલો ઊડતો ઊડતો આવીને બેઠો ને થોડી વાર પછી એક બીજો ચકલો પણ એવી જ રીતે આવીને એની સાથે બેઠો.

બેમાંનો એક ચક ચક કરતો બોલી

ઊઠયો: "શું કરું યાર, મારી સ્ત્રી મને છોડીને ચાલી ગઈ!"

એટલે બીજો ચકલો વધુ જોરથી ચક ચક કરતો બોલી ઊઠયો: "યાર, મારે પણ એવું જ થયું છે. મારી સ્ત્રી પણ મને છોડીને ચાલી ગઈ છે. હવે પાછી આવવાની નથી એ વાત નક્કી છે. પરંતુ, મને તેની ક્યાં પરવા છે?"

એ પછી બંને આપસઆપસમાં કોલાહલ કરી મૂકી જોરશોરથી વાદવિવાદ કરવા લાગ્યા.

એટલામાં થયું શું કે આકાશમાં બે ચકલીઓ ઊડતી ઊડતી આવી પહોંચી ને બંને એ બે ક્રોધિત ચકલાઓની પડખે

આવીને બેસી ગઈ. વાતાવરણમાં તરત શાંતિ સ્થપાઈ ગઈ.

પછી એ ચારે પક્ષીઓ પોતપોતાનાં યુગલ રચીને ઊડી ગયાં;

આ ઘટના બન્યા પછી પેલી શાખા તેની પાડોશી શાખાને કહેવા લાગી: "જોયું? આ તો કોલાહલના વંટોળ જેવું હતું!" બીજી શાખા બોલી: "તેને ગમે તે કહો, પરંતુ હવે તો સારુંય વાતાવરણ શાંત છે. અને જો ઉપરનું વાતાવરણ શાંત હોય તો મને વિશ્વાસ છે કે નીચે રહેનાર પણ શાંતિ રાખી રહી શકે છે. શું, તમે પણ વાયુની લહેર સાથે મારા સામીપ્યમાં નહિ આવો?"

એટલે તે શાખાએ કહ્યું: "કેમ નહિ? શાંતિ પ્રાપ્ત કરવાનો આ તો સુઅવસર છે. રખે વસંત વીતી ન જાય!"

અને એ જ વેળાએ સમીરની એક પ્રબળ લહર આવી ને તે શાખા તેથી પ્રેરિત થઈ ને પેલી બીજી શાખાના ગાઢ આલિંગનમાં બંધાઈ ગઈ.

છાયા

જૂન માસના એક દિવસે ઘાસે એલ્મ વૃક્ષની છાયાને કહ્યું : “ તું વારે વારે આમથી તેમ હાલે છે એથી મારી શાંતિને ખલેલ પહોંચે છે.”

તે છાયાએ જવાબ આપ્યો : “ તારી શાંતિને ખલેલ પહોંચાડનાર હું નથી. જરા ઉપર જો. સૂર્ય અને પૃથ્વી વચ્ચે રહેલું એક વૃક્ષ પવનમાં આમ તેમ હાલે છે એટલે તારી શાંતિમાં ખલેલ પહોંચે છે.”

ઘાસે ઉપર જોયું તો એના જન્મારામાં પહેલી જ વાર એની દૃષ્ટિએ એક વૃક્ષ

પડ્યું. તે સ્વગત બોલ્યું: "ઓહો, આ તો જુઓ, મારા કરતાં મોટું ઘાસ ત્યાં છે ખરું!"

અને તે પછી તે ઘાસ ચૂપ થઈ ગયું.

કવિ અને વૃદ્ધ રાણી

એક યુવાન કવિએ રાણીને કહ્યું:
"હું તમારા પર પ્રેમ કરું છું."

રાણીએ ઉત્તર આપ્યો: "હા, મારા દીકરા, હું પણ તારા પર પ્રેમ કરું છું."

યુવાન કવિ બોલ્યો: "પરંતુ હું તમારો દીકરો નથી. હું એક પુરુષ છું, ને એક પુરુષની રીતે જ તમારા પર હું પ્રેમ કરું છું."

રાણી બોલી: "અનેક દીકરાદીકરીઓની હું માતા છું. આ દીકરાદીકરીઓ

થણી અનેક દીકરાદીકરીઓનાં માબાપ છે. અને મારો એક દીકરાનો દીકરો તો તારાથી પણ મોટો છે.”

થોડા સમય પછી શાણી મરણ પામી. પરંતુ, પૃથ્વીમાતાના દીર્ઘ શ્વાસમાં પોતાનો અંતિમ શ્વાસ સમાવતાં પૂર્વે પોતાના હૃદયને તેણે કહ્યું:

“ મારા લાડકા, મારા એકના એક દીકરા, મારા યુવાન કવિવરનો બેટો જો અને કદાચિત એક દિવસ થઈ જાય ને એ બેટા મારી ઉંમર સત્તર વર્ષની હોય તો ! ”

ઈશ્વરની શોધ

બે પુરુષ ડુંગરમાળાઓમાંથી પસાર થતી એક કેડી ઉપર ચાલતા હતા. એમાંથી એકે એક પર્વત પ્રત્યે આંગળી ચીંધતાં કહ્યું: "ત્યાં પેલી પર્ણકુટિ તમને દેખાય છે? તેમાં એક માણસ રહે છે. તે માણસે બહુ દિવસ થયાં વૈરાગ્ય લીધો છે. માત્ર ઈશ્વરની શોધમાં તે રચ્યોપચ્યો રહે છે. સંસારમાં તેને કોઈ કામના રહી નથી."

બીજો પુરુષ બોલ્યો: "જ્યાં સુધી તે એ પર્ણકુટિના એકાંતવાસનો ત્યાગ કરીને ફરીથી આપણાં સંસારમાં પાછો નહિ આવે ત્યાં સુધી ઈશ્વરપ્રાપ્તિનો તેના

સારુ કોઈ સંભવ નથી. તેણે આપણાં સુખદુઃખના સાથી બનવું જોઈએ; લગ્ન, ઉત્સવ વગેરે મંગલ અવસરો પર નૃત્ય કરનારાઓ સાથે તેણે નૃત્ય કરવું જોઈએ; ને મૃત્યુ વગેરે અમંગલ અવસરો પર રુદન કરનાર મનુષ્યો સાથે તેણે સહાનુભૂતિમાં રુદન કરવું જોઈએ."

પહેલો પુરુષ બીજા પુરુષની આવી વાતથી પોતાના મનમાં સંતુષ્ટ તો થયો, પરંતુ સ્વભાવવશ થઈ બોલ્યો: "તમે જે કંઈ કહો છો તેની સાથે હું સહમત તો છું જ, તો પણ મારી ખાત્રી છે કે એ સત્પુરુષ છે, ને એ તો તમારે માનવું જ પડશે કે પોતાના ગુણોનું પ્રદર્શન કરનારાઓથી ભરેલી આ દુનિયામાં એક સત્પુરુષ, અલિપ્ત રહીને પણ, સંસાર પર અધિક ઉપકાર કરે છે."

નિર્ઝર અને નદી

કિદિશાની ખીણમાં એક વેગવતી નદી વહે છે. એ ખીણમાં બે નાનાં નાનાં ઝરણું ભેટી ગયાં, ને આપસઆપસમાં વાતચીત કરવા લાગ્યાં.

એક ઝરણે કહ્યું : "કેમ દોસ્ત. તારો રસ્તો કેવો હતો ? સારો હતો ને ?"

બીજાએ જવાબ આપ્યો : "દોસ્ત, તું રસ્તાની તો વાત જ ન પૂછીશ. રસ્તો બહુ જ ખરાબ હતો પવનચક્કીનું ચક્ર તૂટી ગયું હતું, ને તેનો ચલાવનાર, જે મારા પ્રવાહને તેના છોડની તરફ વાળતો

હતો તે ગુજરી ગયો. ગમે તેમ કરી, અથડાતું-કૂટાતું, ધૂપમાં પોતાની આળસને સૂર્યસ્નાન કરાવનારાઓની ગંદકી સાથે લઈને, હું અહીં આવી પહોંચ્યું છું. પરંતુ, તારો રસ્તો કેવો હતો?"

પહેલાએ જવાબ આપતાં કહ્યું: "મારો રસ્તો તો તારાથી સાવ ભિન્ન હતો. હું તો પહાડીમાંથી ઊતરીને સુગંધિત ફૂલો ને લચી પડતી વેલોની મધ્યમાંથી પસાર થઈને આવી રહ્યું છું સ્ત્રી તથા પુરુષ મારા જળને રૌપ્ય પાત્રમાં લઈને પાન કરતાં હતાં. કિનારા પર બેસીને નાનાં નાનાં બાળક, પોતાની ગુલાબી પાનીવાળા પગને મારા જળમાં ઝબોળતાં હતાં. મારી ચારે કોર ઉલ્લાસ ને મધુર સંગીતનું વાતાવરણ હતું. મારો રસ્તો

તો ખૂબ જ સુખદાયક હતો. તારો રસ્તો આવો ન હતો એ જોઈ ને મને ખરેખર ખેદ થાય છે.”

એ પછી નદી ઊંચે સાદે બોલી : “તમે તમારે બંને જણ ચાલ્યાં આવો, ચાલ્યાં આવો. આપણુ સૌ સમુદ્ર ભણી જઈ રહ્યાં છીએ. તમે તમારે ચાલ્યાં આવો ને, હવે વધુ વખત વાર્તાલાપમાં ન બગાડો. બસ, મારામાં મળી જાઓ. આપણુ સૌ સમુદ્રને મળવા જઈ રહ્યાં છીએ. ચાલ્યાં આવો, ચાલ્યાં આવો, મારામાં ભળતાં જ તમારી યાત્રાનાં સારા ય સુખદુઃખ વિસ્મૃત થઈ જશે. ચાલ્યાં આવો, બસ ચાલ્યાં જ આવો, આપણે આપણી સમુદ્રમાતાનો સ્પર્શ અનુભવતાં જ યાત્રાની સઘળી વાતો ભૂલી જઈશું.”

બે શિકારી

વસંત ઋતુના એક દિવસે, સરોવર કિનારે, હર્ષ અને શોકનો ભેટો થયો. પરસ્પર અભિવાદન કર્યાં પછી એ બંને જણ જળાશયની પાસે બેસીને વાતો કરવા લાગ્યા.

હર્ષે તો પૃથ્વીની સુષમાનું, પર્વત અને વન્ય જીવનમાં થતા રોજના ચમત્કારોનું, તથા પ્રભાત ને સંધ્યાવેળાના સંગીતનું વર્ણન કરવા માંડ્યું.

પછી શોક બોલ્યો. જે કંઈ હર્ષે કહ્યું હતું તેમાં શોકે પોતાની સંમતિ દર્શાવી

કેમકે શોક કાળના આકર્ષણ ને તેના સૌંદર્યથી પરિચિત હતો જે વેળા શોક મેદાનો ને પર્વતોની વસંતશ્રીનું વર્ણન કરતો હતો ત્યારે તેની વાણી ખૂબ ખીલી ઊઠી.

આવી રીતે હર્ષ અને શોક કેટલા ય સમય પરસ્પર વાર્તાલાપ કરતા રહ્યા ઉભય સઘળી જ પરિચિત વાતો પર એકમત હતા.

એ વેળા સરોવરના સામા તટ પર બે શિકારી આવી પહોંચ્યા, ને જેવી તેમની દૃષ્ટિ સરોવરના સામા કિનારા પર પહોંચી કે તેમનામાંનો એક બોલી ઊઠ્યો:

"અરે, પેલા બે જણ કોણ છે?"

એટલે બીજો બોલ્યો: "તે કેટલા

કયા? બે? હું તો માત્ર એક જણને જ જોઉં છું."

પહેલો શિકારી બોલ્યો: "પરંતુ, ત્યાં તો બે જણ છે."

બીજો બોલ્યો: "હું તો એક જણને જ જોઉં છું. પાણીમાં પ્રતિબિંબ પણ એક જ પડ્યું છે."

"નહિ, નહિ, ત્યાં બે છે." પહેલો શિકારી બોલ્યો, "ને, શાંત નીરમાં પ્રતિબિંબ પણ બે પડ્યાં છે."

બીજા જણે ફરીથી કહ્યું:

"હું તો એકને જ જોઈ રહ્યો છું."

એટલે, બીજો બોલ્યો: "પરંતુ, મને તો સ્પષ્ટપણે બે જ દેખાય છે."

૩૧૦

અને આજ સુધી એકનું કહેવું છે કે તેના મિત્રને એક ચીજને ઠેકાણે બે ચીજ દેખાવાનો નેત્રરોગ છે; ત્યારે બીજો કહે છે:

"મારો મિત્ર કાંઈક ઓછું ભાળે છે."

બીજા રખડતા રામ

એક વેળા વળી એક બીજા જ રખડતા રામ મને ભેટી ગયા. એ પણ ફક્કડ ધૂની હતાં. તેમણે મને આ પ્રમાણે કહેવું શરૂ કર્યું :

"ભાઈ, હું રખડતા રામ છું. મને તો જાણે એવું લાગે છે કે વેંતિયા લોકોની સાથમાં હું પૃથ્વીની પ્રદિક્ષણા કરી રહ્યો છું. મારું માથું એ વેંતિયા લોકો કરતાં ઘણું ઊંચું, પૃથ્વીથી સત્તર હાથ ઊંચાઈ પર છે; એટલે એમાં અધિક ઉચ્ચ ને મૌલિક વિચાર હોવા સ્વાભાવિક છે. અને સાચું પૂછો તો હું એ વેંતિયા મનુષ્યો સાથે ચાલી રહ્યો

નથી, પરંતુ તેમની ઉપર ચાલી રહ્યો છું, ને એ લોક ખુલ્લા મેદાન પર કેવળ મારા પાદચિહ્ન જેવા લાગે છે.

અને ઘણી વાર મેં તેમને મારા પાદચિહ્નની આકૃતિ પર તર્કવિતર્ક ને આપસઆપસમાં વાદવિવાદ કરતા સાંભળ્યા છે. તેમનામાંના કેટલાક લોકનું કથન છે: "આ તો કોઈ દૈત્યનું પદચિહ્ન છે. આ દૈત્યે પ્રાચીન કાળમાં પૃથ્વીની પરિક્રમા કરી હતી."

તેમનામાંના બીજાઓ કહે છે: "ના, ના, આ સ્થાને તો આકાશમાંથી કોઈ મોટો તારો ખરીને પડ્યો હતો."

"પરંતુ, મારા મિત્ર, તું તો સારી પેઠે જાણે છે કે આ તો એક રખડતા રામના પાદચિહ્ન સિવાય અન્ય કશું નથી."

નવાં પુસ્તકો

પાગલ	ખલીલ જિબ્રાન	૧—૮
ભિક્ષુક	,,	૦—૧૨
ઝગડતા રામ	,,	૨—૦
જિબ્રાનનો નાદ	,,	૪—૦
વિદ્રોહી આત્મા	,,	૩—૧૦
મંદિર દ્વારે	,,	છપાય છે
ખાબુની પર્ણી	,,	,,
તૂટેલી પાંખ	,,	,,
બંદી માનવ	કૃષ્ણપ્રસાદ લ. ભટ્ટ	૩—૧૨
સ્વપ્ન કે સત્ય ?	,,	છપાય છે
અદશ્ય શત્રુ	કાલિદાસ [illegible]	૩—૮
ક્લાંત ચરણ	ડૉ. હરિપ્રસાદ દેસાઈ	૪—૮
રસદર્શન	,,	૨—૧૨
નાના હતા ત્યારે	,,	૨—૮
પરિહાસ	સ્વ. નવલરામ જ. ત્રિવેદી	૨—૮
શેષ વિવેચનો	,,	૨—૦
સદા સાજા કેમ રહેવું ?	ડૉ. જટાશંકર નાંદી	છપાય છે
ઘુવડ બોલ્યું	નિરૂ દેસાઈ	૨—૪
રાજકારણના પાયા	હેરોલ્ડ લાસ્કી	છપાય છે
અભિસાર	પલાશ	૩—૦
વિવાહમંદિર	સ્વ. નારાયણબાબુ	૩—૦
મજરાણી	સ્વ. પ્રેમચંદજી	૩—૮
પ્રવાસી ભા. ૧—૨	ના. સી. ફડકે	૪—૮
પ્રલોભન	શિવમ્ સુંદરમ	૩—૦
અજ્ઞાતા	ચુ. વ. શાહ	૧—૮
શિક્ષણસાધના	આચાર્ય ક્ષિતિમોહન સેન	૧—૧૨

નવું સાહિત્ય

અહિંસ્કાર | **પલાશ** | **૩–૦**

'વાંચવા શરૂ કરીએ તો પછી પૂરી ન કરીએ ત્યાં સુધી જંપ ન વળે એનું નામ રસિક કથા. એ લક્ષણ આ નવલકથાને પૂરેપૂરું લાગુ પડે છે.

'…હિંસાની સામે અહિંસા, વેરની સામે પ્રેમની અને મૃત્યુની સામે જીવનની અદ્ભુત કલાની પ્રતિષ્ઠા કરાવનાર આ નવલકથા એક રીતે અસામાન્ય કોટીની છે.' (શિક્ષણ અને સાહિત્ય)

ચૂવડ બોલ્યું | **નીરુ દેસાઇ** | **૨–૪**

'ગુજરાતી પ્રજાની બહાદુરી ને સ્વદેશનિષ્ઠાના ચિહ્ન રૂપે ભાવિ ઇતિહાસકારો આ પુસ્તકને સાચવશે, ને ક્રાંતિની ઝાલરી જ્યાં સુધી નહિ બુઝાય ત્યાં સુધી ગૂજરાતી પ્રજા એને વાંચશે, અને એ વાંચનમાં ગૌરવ લેશે એટલું તેજસ્વી એનું વસ્તુ છે, એટલું આકર્ષક એનું આયોજન છે.' (સંદેશ)

પરિહાસ | **સ્વ. નવલરામ જ. ત્રિવેદી** | **૨–૮**

'આ સંગ્રહનું વાચન બધાને બોધ અને આનંદ આપશે. અને ટેલકીના પુષ્પો'ની પેઠે આવકાર મેળવશે (શિક્ષણ અને સાહિત્ય)

અજ્ઞાતા | **ચુ. વ. શાહ** | **૧–૮**

બાલ્યાવસ્થાથી અંતરનો પ્રેમ સમર્પણ કરવા છતાં, અને મૃત્યુ સુધી પ્રેમમાં મસ્ત રહેવા છતાં પ્રેમિકથી કેવળ અજાણ રહેલી કુમારીકાની આ હૃદયદ્રાવક કથા છે

ગુજરાણી | **સ્વ. પ્રેમચંદજી** | **૩–૮**

હિંદી વિખ્યાત નવલકથાકાર સ્વ. પ્રેમચંદજીની ગુજરાતીમાં પહેલી જ વાર ઉતરતી એક સળંગ નવલકથા.

વિવાહ મંદિર | **લે. નારાયણબાબુ** | **૩–૦**

'શરદબાબુ' સંપ્રદાયની પ્રખ્યાત બંગીય લેખકની અતિ રસપૂર્ણ એક સુંદર નવલકથા.

ભેદી માનવ — **કૃષ્ણપ્રસાદ ભટ્ટ** — **૩-૧૪**

વિજ્ઞાનના પ્રયોગો સામે બુદ્ધિવાદ કેવો વિજય મેળવે છે તેનો તાદૃશ ચિતાર રજૂ કરતી અદ્‌ભુતરસ ભરપૂર જાસૂસી નવલ. આ નવલકથામાં લેખકે શાંતા, વીણા તેમ જ નવલકથાના નાયક રહસ્યભેદક વિજયનો જે અનોખો પ્રણયત્રિકોણ રચ્યો છે તે છેવટ સુધી વાંચકનો વાંચનરસ જાળવી રાખે છે તે જ આ નવલની અદ્‌ભુત સિદ્ધી છે. આજ સુધી પ્રગટ થયેલી જાસૂસી નવલોમાં આ નવલ તદ્દન જુદી જ ભાત પાડે છે.

અદૃશ્ય શત્રુ — **કાલિદાસ જાદવ** — **૩-૮**

'આ સંગ્રહમાં ગ્રંથસ્થ થયેલી વાર્તાઓની મોટી વિશિષ્ટતા એ છે કે એ વૈજ્ઞાનિક વાર્તાઓ છે. આજના યુગમાં વિજ્ઞાનની સિદ્ધિઓ અને ભાવિ શક્યતાઓની કલ્પના એ રસ પૂરો પાડે તેમ છે. લેખકે વિજ્ઞાનની સિદ્ધ હકીકતોને અવલંબીને તેમ જ વિજ્ઞાનની શક્યતા વિષે કલ્પના ચલાવીને પૂરતો ખોરાક આપે એવી આ વાર્તાઓ લખીને અત્યાર સુધી આપણે ત્યાં ઓછા ખેડાયેલા વિજ્ઞાનકથાના વાર્તાપ્રકારનું નોંધપાત્ર સાહિત્ય ગુજરાતી વાર્તાસાહિત્યમાં ઉમેર્યું છે. (**શ્રી અનંતરાય રાવળ 'ઊર્મિ અને નવરચના'માં**)

રસદર્શન — **ડા. હરિપ્રસાદ વ. દેસાઈ** — **૨-૧૨**

"'રસદર્શન' એટલે સાચા સાહિત્યના ઉપાસકની સૌંદર્યયાત્રા."

['ગુજરાત સમાચાર']

"કાકા કાલેલકરની યાદ આપતાં પ્રવાસવર્ણન આમાં છે, મુનશીની યાદ આપતાં સ્થળ વર્ણન આમાં છે, ને ગોવર્ધનરામની યાદ આપતાં ભાવવર્ણન આમાં છે ગુજરાતની અને ભારતની અસ્મિતા જો આપણે વિકસાવવી હોય તો આવાં, ગુજરાત અને ભારત માટેનાં ભક્તિભાવથી છલકતાં, કોડીબંધ પુસ્તકો રચાવાં જોઈએ છે."

('**ચેતન**')

શેષ વિવેચનો — **સ્વ. નવલરામ જ. ત્રિવેદી** — **૨-૦**

અગ્રણી વિવેચકોમાંના એક સ્વ. પ્રો. શ્રી નવલરામ જ. ત્રિવેદીના અભ્યાસપૂર્ણ વિવેચનલેખોનો અનોખો સંગ્રહ

યુગમૂર્તિ અરબી સાહિત્યકાર

ખલીલ જિબ્રાન વિરચિત

બે પુસ્તકો

૧ વિદ્રોહી આત્મા

આ કૃતિએ તુર્કસામ્રાજ્યની ગુલામી હેઠળ કચડાતી ખલીલ જિબ્રાનની માતૃભૂમિ સિરિયાની જનતાને આધ્યાત્મિક ને ક્રાન્તિકારક માર્ગદર્શન કરાવ્યું. એટલું જ નહિ, પણ તુર્કસામ્રાજ્યની ધૂંસરી ફગાવી દેવામાં જોઈતું પ્રેરણાબળ આપ્યું. જ્યારે આ વાર્તાસંગ્રહનું પુસ્તક પહેલવહેલું પ્રગટ થયું ત્યારે તુર્ક સામ્રાજ્યના સત્તાધીશોએ એને 'હાનિકારક, ક્રાન્તિકારક ને યુવાનોના માનસમાં વિષ રેડનાર' ગણ્યું, ને જપ્ત કર્યું. આ સિવાય, રાજ્યસંસ્થા સાથે, વૈદ્યગાંઠના સહિયારાની જેમ સંકળાયેલી, ધર્મસંસ્થાનો પણ એના પર કોપ ઉતર્યો. પરિણામે બૈરૂત નગરના બજારચોકમાં આ પુસ્તકની જાહેર હોળી થઈ! ઉપરાંત, પુસ્તકના કર્તાને કાયમનો દેશવટો મળ્યો!

૨ તૂટેલી પાંખ

સળંગ નવલકથા

પ્રીતીની પાછળ જેઓ પાગલ થયા નથી. અને જેમને પ્રીતી વિષે બોલવાનું જડતું નથી તેઓ માટે આ વાર્તા નથી તે લોકોના પ્રશ્નના પ્રત્યુત્તર માટે વિચારો અને કલ્પનાને શાબ્દિક પોષાક પહેરાવી શકાય નહિ. તેઓ માટે કાગળ વિશ્રાન્તિસ્થાન થઇ શકતા નથી. તે વિચારો અને કલ્પનાના દર્શન અથવા પ્રતિબિંબ પાડતું શકય નથી.

અમારાં નવાં પ્રકાશન